પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 14 OCTOBER, 2022 Vol. 19, No. 41 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

SAVE MAX Achievers Realty
Brokerage* Each Office Independently Owned & Operated
Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
realtorparesh@gmail.com

FOR BUYING, SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
FOR SELLERS
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
FOR BUYERS
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidance Through out Buying Process
AMIT SHAH
Sales Representative
Dir: 647-995-5640
amit4gtahomes@gmail.com
KOMAL SHAH
Sales Representative
Dir: 647-624-5640
komal4gtahomes@gmail.com
Homekey236@gmail.com
Web: www.amitshah.ca

# આસામમાં પૂરથી હાહાકાર: 70 હજાર લોકો પ્રભાવિત

## 5 જિલ્લાના 110 ગામો જનજીવન ખોરંભે, ધેમાજીમાં 2,838.40 હેક્ટર પાકને નુકસાન, 48 કલાકમાં વરસાદ ભારે વરસાદની આગાહી

**આસામ**

આસામમાં ફરી એકવાર પૂરે તબાહી મચાવી દીધી છે. છેલ્લા કેટલાક દિવસોથી સતત પડી રહેલા ભારે વરસાદને કારણે આસામના ઘણા જિલ્લાઓમાં પૂરની સમસ્યા શરૂ થઈ ગઈ છે. થોડા મહિના પહેલા જ પૂરના કારણે લાખો લોકોને વિસ્થાપિત થવાની ફરજ પડી હતી. વરસાદ સંબંધિત સેંકડો મૃત્યુ પણ થયા હતા. તે જ સમયે, એક વર્ષમાં ત્રીજી વખત, આસામના લોકોને પૂરનો માર સહન કરવો પડ્યો છે. માહિતી આપતાં આસામ સરકારે કહ્યું કે અત્યાર સુધીમાં લગભગ 70 હજાર લોકો પૂરથી પ્રભાવિત થયા છે. આસામના પાંચ જિલ્લાના 110 ગામોમાં 69,750 લોકો પ્રભાવિત થયા છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (ASDMA) અનુસાર, ધેમાજી સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લો છે, જેમાં 7,885 બાળકો સહિત 38,774 લોકો અસરગ્રસ્ત છે. જિલ્લામાં 76 ગામો અને 2,838.40 હેક્ટર પાક જમીન ડૂબી ગઈ છે. ધેમાજી, લખીમપુર અને દિબ્રુગઢમાં 20 રાહત વિતરણ કેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે. જો કે રાહતની વાત એ છે કે હજુ સુધી પૂરથી કોઈના મોતના સમાચાર નથી. છેલ્લા 24 કલાકમાં પૂરના પાણીમાં ધેમાજી, ડિબ્રુગઢ, ગોલાઘાટ, લખીમપુર અને નાગાંવ જિલ્લામાં 3,021 હેક્ટર પાક વિસ્તાર પણ ડૂબી ગયો છે.



વિશ્વનાથ અને કાર્બી આંગલોંગમાં એક-એક પાળાને નુકસાન થયું છે. વિશ્વનાથ, ધેમાજી, ડિબ્રુગઢ, લખીમપુર, મોરીગાંવ, સોનિતપુર અને તિનસુકિયા જિલ્લામાંથી ધોવાણ નોંધાયું છે. ગુવાહાટી હવામાન કેન્દ્રે ગુરુવારથી શનિવાર સુધી રાજ્યમાં ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જિલ્લા વહીવટીતંત્ર અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળો અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢી રહ્યા છે. હાલમાં જ સેન્ટ્રલ વોટર કમિશનના બુલેટિનમાં કહેવામાં આવ્યું હતું કે જોરહાટના નીમતીઘાટ ખાતે બ્રહ્મપુત્રા નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે.

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

Diwali Sale Starts From
Sunday, 09 October 2022
MARCHE Bhane
ગુજરાતીઓ માટે સ્ટોર
KIBI Basmati rice
તાજા ફળો તથા શાકભાજી મળશે
755 Jarry west, Montreal, Quebec
Tel: 514-271-2822
નવસારીનાં પ્રખ્યાત દાણા ચણા, ફરસાણ, મિઠાઈ મળશે

રસોઈ કરવા માટે બહેન જોઈએ છે
• શાકાહારી ગુજરાતી સિનિયર દંપતી માટે
• જગ્યા- મારખામ રોડ અને હાઈવે ૭
• આખા દિવસ માટે અથવા એથી ઓછું
• સમયની અનુકૂળતા પ્રમાણે
• સારો પગાર અને સારું ઘર
સંપર્ક કરો : 416-846-8002

Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS
SAVE MAX Achievers Realty, Brokerage
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.AshokPatel.ca
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701 Fax : 905-497-6700

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd, Unit #3,
Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701 Fax : 905-497-6700
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઇન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL
REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3,
Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં 21,000 નોકરી વધી છતાં બેરોજગારીનો દર ઘટીને 5.2%

## સમગ્ર દેશમાં ઉત્પાદન, પરિવહન અને વેરહાઉસિંગ જેવાં ક્ષેત્રોમાં મહત્તમ લોકોએ 3 મહિનામાં લોકોએ નોકરી ગુમાવી

**ઓન્ટેરિયો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ શુક્રવારે અહેવાલ આપ્યો હતો કે, કેનેડાની અર્થવ્યવસ્થામાં 21,000 નોકરીઓનો સમાવેશ થવા છતાં શ્રમબળમાં સમાન પ્રમાણમાં ઘટાડો થયો છે. બેરોજગારીનો દરઘટીને 5.2 ટકા થયો છે, એમ ડેટા એજન્સીએ જણાવ્યું હતું. જ્યારે નવી નોકરીઓનું પ્રમાણ ઓછું હતું, ત્યારે 20,000થી વધુ શ્રમિકોએ કામ છોડી દીધું હતું. જેને કારણે આજે નોકરીઓમાં વધારો થયો છે. તેનો અર્થ એ થયો કે, તેઓએ સ્વેચ્છાએ મહિના દરમિયાન કામ ન કરવાનું પસંદ કર્યું હતું.




ગયા મહિના સુધી સતત ત્રણ મહિના દરમિયાન કુલ 104,000થી વધુ લોકોએ નોકરીઓ ગુમાવી હતી. તેથી સપ્ટેમ્બરની ભરતીનો અર્થ એ છે કે, મે મહિના કરતાં આજે પણ ઓછા લોકો કામ કરે છે. સેક્ટર પ્રમાણે, શિક્ષણ અને હેલ્થ કેર જેવાં ક્ષેત્રોમાં કામનું પ્રમાણ વધુ હતું, જ્યારે ઉત્પાદન, પરિવહન અને વેરહાઉસિંગ જેવાં ક્ષેત્રોમાં લોકોએ નોકરીઓ ગુમાવી હતી.

ડેસજાર્ડિન્સ સાથેના અર્થશાસ્ત્રી રોયસ મેન્ડિસે ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રની વાત કરતાં જણાવ્યું કે, આ ક્ષેત્રના લોકોએ ઓગસ્ટમાં અચાનક નોકરીઓ ગુમાવવાનો વારો આવ્યો હતો. જેમાંથી સપ્ટેમ્બરમાં 46,000 લોકોએ નોકરી પાછી મેળવી હતી.

તેમણે કહ્યું કે, સપ્ટેમ્બરમાં મળેલા લાભને રોજગારમાં વેગ મળ્યો એમ કહી શકાય નહીં. છેલ્લા ચાર મહિનામાં રોજગારમાં ઘટાડો થયો છે. બાંધકામ ક્ષેત્રે કામનું પ્રમાણ ઓછું હતું. આ ક્ષેત્રમાં કામ કરનારાં લોકોએ મહિના દરમિયાન લગભગ 3,330 નોકરીઓ ગુમાવી હતી. પરંતુ એકંદરે આ ઉદ્યોગના લોકો કહે છે કે કામદારોની માંગ વધી છે. એસએન્ડપી ગ્લોબલ માર્કેટ ઈન્ટેલિજન્સ સાથેના અર્થશાસ્ત્રી આર્લિન કિશ કહે છે કે, સેન્ટ્રલ બેંક નોકરીઓ અને વેતન પરના નવીનતમ ડેટાને સંકેત તરીકે લેશે. અર્થતંત્રએ રાહ જોવાની જરૂર છે. કેનેડાની સરહદોની બહારથી જે લોકો અહીં કામ કરવા આવી રહ્યા છે તે જોતાં, અહીં ઘરઆંગણાની મંદી ટાળવી મુશ્કેલ બની રહેશે.

# છઠ્ઠી નવેમ્બરે ખાલિસ્તાન જનમત સંગ્રહની કવાયતથી ભારત નારાજ

### જનમત સંગ્રહ ભારતીય સંપ્રભુતા અને અખંડતા માટે જોખમી હોવાનો મત રજૂ કરાયો

**ઓટાવા**

ભારતનો આકરો વિરોધ છતાં કેનેડામાં ભારત વિરોધી ખાલિસ્તાની મૂવમેન્ટ રોકાઈ રહી નથી. અગાઉ ખાલિસ્તાની ચરમપંથીઓએ બ્રામ્પ્ટનમાં સ્વામિનારાયણ મંદિરે તોડફોડ કરી હતી. આ ઘટનાને લઈને કેનેડા પોલીસની તપાસ હજુ સુધી પૂરી થઈ નથી. તેવા સમયે કેનેડામાં 6 નવેમ્બરે ખાલિસ્તાની જનમત સંગ્રહ કરવા કવાયત થઈ રહી છે. આ મુદ્દે ભારત સરકારે કેનેડા સરકારને વિરોધ નોંધાવતો પત્ર લખ્યો છે. ભારતે કહ્યુ કે આ જનમત સંગ્રહ ભારતીય સંપ્રભુતા અને અખંડતા માટે જોખમી છે. આ જનમત સંગ્રહનો ઉપયોગ કટ્ટરપંથીઓ દ્વારા ભારતમાં શીખ સમુદાય ઉપર અત્યાચારોના નામે અમેરિકા, બ્રિટન અને જર્મનીમાંથી ભંડોળ ઉભુ કરવા તરીકે કરવામાં આવે છે. ભારતીય વિદેશ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓએ કેનેડાના ઉચ્ચ અધિકારીઓને પત્ર લખી જણાવ્યું છે કે, 6 નવેમ્બરે ઓંટારિયોમાં થનાર તથાકથિત ખાલિસ્તાની જનમત સંગ્રહ ભારતની સંપ્રભુતા અને અખંડતાને પડકાર છે.

# ઓન્ટેરિયોની નગરપાલિકામાં ચૂંટણી ઓનલાઈન મતદાનનું ચલણ વધશે

**ટોરોન્ટો**

ઓનલાઈન મતદાન કરવા તે અંગેના કોઈ ધારાધોરણો ન હોવા છતાં 2018ની સરખામણીએ આ મહિને મ્યુનિસિપલ ચૂંટણીઓમાં ઓન્ટેરિયોની ઘણી મ્યુનિસિપાલિટીઓમાં લોકો ઓનલાઈન મતદાન કરવાનું પસંદ કરી રહ્યા છે. જો કાઉન્સિલ કોઈ બાય-લો પસાર કરે પ્રાંતનો મ્યુનિસિપલ ચૂંટણી અધિનિયમ નગરપાલિકાઓને મતદાન માટે વૈકલ્પિક પદ્ધતિઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. જેમ કે ઓનલાઈન, ટેલિફોન અને મેઈલ-ઈન બેલેટ વગેરે. મ્યુનિસિપલ ક્લાર્ક વિવિધ કાર્યવાહી માટે જવાબદાર છે. ઓન્ટેરિયોની મ્યુનિસિપાલિટીઝનું સંગઠન કહે છે કે, 24 ઓક્ટો.ના રોજ પ્રાંતમાં 417 મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજાશે અને અડધાથી વધુ – 217 – ઓનલાઈન અથવા ફોન મતદાનનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. જે ચાર વર્ષ પહેલાંની 175 નગરપાલિકાઓ કરતા વધારે છે. સાયબર સિક્યુરિટીમાં નિષ્ણાત અને ઓનલાઈન વોટિંગનાં સંશોધનકર્તા તથા વેસ્ટર્ન યુનિવર્સિટીના એસોસિએટ પ્રોફેસર એલેક્ઝાન્ડર એસેક્સ કહે છે કે, પ્રાંતીય ધોરણોનો અભાવ ચિંતાજનક છે. વિક્રેતાઓ સાથે કરાર કરવા અને તેમણે કઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરવો તે નક્કી કરવાનું મ્યુનિસિપલ કાઉન્સિલ પર નિર્ભર છે. તે પ્રકારના નિર્ણયો માટે અમુક પ્રકારની એકરૂપતા અને જવાબદારી હોવી જોઈએ.

અમુક સમયે તે વિવાદનો મુદ્દો હોય ત્યારે આપણે સ્વીકારવું પડશે કે આ ઓનલાઈન ચૂંટણીઓ 'વાસ્તવિક ચૂંટણીઓ' જ છે, અને તે અમુક પ્રકારના મૂળભૂત લોકતાંત્રિક ધોરણો અનુસાર યોજાવી જોઈએ.






# ઓન્ટેરિયોમાં અત્યાર સુધી આગને લીધે 102 નાગરિકોએ જીવ ગુમાવ્યા

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોમાં અત્યાર સુધી ૧૦૨ લોકો આગને કારણે જીવ ગુમાવી ચુકયા છે અને આવનારા શિયાળામાં વધુ ખતરો રહેવાનો અધિકારીઓએ સંકેત આપ્યા છે. ઓન્ટેરિયો આ વર્ષે પણ ગયા વર્ષના મરણાંકને પાર કરે એવી સંભાવના છે. પ્રાંતના અગ્નિશામક વિભાગના અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું કે, લોકોએ ઘરોમાં સ્મોક એલાર્મ જેવા ઉપકરણો લગાડી લેવા જેવા સાવચેતીના પગલા લેવા જોઈએ. જોન પેગે કહ્યું હતું કે, ઓન્ટેરિયોમાં આ વર્ષે અત્યાર સુધીમાં ૧૦૨ લોકો આગને કારણે મૃત્યુ પામ્યા હતા. ગયા વર્ષે આગને કારણે થયેલો મરણાંક ૧૨૪ જેટલો હતો. જે સૌથી ખરાબ વર્ષ હતું. ફાયર પ્રિવેન્શન વીકની ઉજવણી સમયે યોજાયેલી પત્રકાર પરિષદમાં તેણે કહ્યું હતું કે, આ આંકડાઓ મને સારા નથી લાગતા. વર્ષ ૨૦20માં ૧૧૫ મૃત્યુ આગને કારણે થયા હતા. જયારે ૨૦૧૯માં એ આંક માત્ર ૭નો હતો. ૨૦૧0થી ૨૦૧૮ સુધી આ આંક ૭૨થી ૧૦૪ની વચ્ચે રહેતો હતો. આનું કારણ રસોઈ કરતી વખતની નિષ્કાળજી અને બેદરકારીથી થતુ ધૂમ્રપાન છે. પણ આ જોખમ જેમ જેમ વાતાવરણમાં ઠંડક વધે એમ વધતું જાય છે અને ઘરોમાં લાગતી આગના કિસ્સા વધતા જાય છે. લોકોને આગની સ્થિતને પહોંચી વળવા વધુ જાગૃત રહેવા અપીલ કરી હતી. એમણે સ્મોક એલાર્મ લગાડવા અને ઝડપથી બહાર નિકળી જવાના આયોજનને વધુ મહત્વ આપવા કહ્યું હતું.

# મોન્કટનમાં પ્રથમ હિંદુ મંદિરનું નિર્માણ પ્રાણપ્રતિષ્ઠામાં ભક્તો ઉમટી પડ્યા



**ઓન્ટેરિયો**

સોમવારે ન્યુબ્રુન્સ્વીકના મોન્કટન શહેરમાં હિંદુ સમાજે પ્રથમ મંદિર ખુલ્લુ મુકયું હતું. આ પ્રસંગે આશરે એક હજાર લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં અનેક લોકો ઘણાં દૂર દૂરથી આવ્યા હતા. મેરી ટાઈમ્સનું આ ત્રીજુ મંદિર છે, બીજા બે મંદિરો હેલીફેકસ અને ફ્રેડરીકશનમાં આવેલા છે. મંદિરના સ્થાપક અને સ્વયંસેવક કેતન રાવળે કહ્યું કે, આ મંદિર ખુલ્લુ મુકાયું એ સપનું સાકાર થવા જેવી બાબત છે. બ્રુન્સ્વીકના હિંદુ સમાજે એના માટે ઘણાં પ્રયાસો કર્યા છે. તેમણે વિશ્વભરના મંદિરોનો અભ્યાસ કર્યા બાદ અહીં આ પ્રકારના મંદિરની યોજના બનાવીને સાકાર કરી છે. આ મંદિર ભાડાની જગ્યામાં તૈયાર કરાયું છે જે ૧૫ મિલનર રોડ પર શહેરના પશ્ચિમ ભાગમાં છે. અહીં પહેલા રેસ્ટોરાં હતી અને ૧૫૦ લોકો માટે પુરતી જગ્યા હોવાથી એને પસંદ કરવામાં આવ્યું છે. અહીં દરેક શ્રધ્ધાળુ માટે આવકાર છે, અહીં દર્શન કરી પ્રાર્થના કરી શકાશે. જો કે આવનારા દિવસો તહેવારના હોવાથી વધુ લોકો અહીં આવે એવી શકયતા છે. આ વિસ્તારના ભારતીય સમાજની વસતી છેલ્લા થોડા સમયથી વધી રહી છે. ધ ઈન્ડો કેનેડીયન એસોસિયેશન ઓફ ગ્રેટર મોન્કટનના અંદાજ મુજબ ભારતીય મુળના આશરે ૨૦૦૦ લોકો આ વિસ્તારમાં રહે છે. જિગર શાહ નામના એક સ્વયંસેવકે કહ્યું કે, આ મંદિર ખુલ્લુ મુકવાનો પ્રસંગ ન્યુ બ્રુન્સવીકમાં રહેનારા હિંદુઓ માટે મોટો પ્રસંગ હતો. તે પોતે શરૂઆતમાં બાથ્રસ્ટમાં રહેતો હતો પછી એ હવે મોન્કટનમાં રહે છે.

**શાસ્ત્રોક્ત વિધિ સાથે પૂજાઅર્ચના કરાયા પછી આરતી થઈ : દર રવિવારે સવારે 8 વાગ્યાથી બપોરે 2 વાગ્યા સુધી મંદિર ખુલ્લુ રહેશે**

તેણે કહ્યું કે આ મંદિરના નિર્માણમાં સમાજના બધા લોકોએ ફાળો આપ્યો છે. સોમવારના કાર્યક્રમમાં ત્રણ હિંદુ દેવી દેવતાની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરાઈ હતી. શાસ્ત્રોક્ત વિધિ સાથે પૂજાઅર્ચના કરાયા પછી આરતી કરી પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. હાલમાં આ મંદિર દર રવિવારે સવારે આઠથી બપોરે બે વાગ્યા સુધી ખુલ્લુ રહેશે. ભવિષ્યમાં દરરોજ માટે ખુલ્લુ રાખવાનું પણ આયોજન છે.


Travel Services
DIPTESH PATEL
+1 (647) 409-2976
Off: 905-790-8989

ONE-WAY SPECIAL FESTIVAL OFFERS

ETIHAD
TORONTO TO AHMEDABAD (ETIHAD AIRWAYS - ONE STOP)

| | |
|---|---|
| 03 DEC | TORONTO → AUH → AMD |
| 31 DEC | TORONTO → AUH → AMD |
| 01 JAN 2023 | TORONTO → AUH → AMD |

TORONTO TO BOMBAY (ETIHAD AIRWAYS - ONE STOP)

| | |
|---|---|
| 05 DEC | TORONTO → AUH → BOM |
| 10 DEC | TORONTO → AUH → BOM |

ONE-WAY SPECIAL RATES FROM BOMBAY TO TORONTO
NOW HIRING KLM NOW HIRING
(KL878 BOM-AMS) (KL691 AMS-YYZ)

| | |
|---|---|
| 16 DEC | BOM → AMS → TORONTO |
| 20 DEC | BOM → AMS → TORONTO |
| 13 JAN 2023 | BOM → AMS → TORONTO |
| 16 JAN 2023 | BOM → AMS → TORONTO |

WITH 2 BAGGAGE 23KG EACH
All tickets are non refundable and non Changeable Condition Apply*
tico.ca 50018836
IATA
travelservices@bellnet.ca
2565 Steels Ave. E., Unit #20, Brampton, ON, L6T 4L6



SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
  (ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com





રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા (ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની સ્પે. દિવાળી અંકની જાહેરાત, દિવાળી શુભકામના અંગેની જાહેરાત, રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)



સ્વદેશ Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news

તંત્રી સ્થાનેથી

# ભારતીય રાજકારણના તખ્તેથી દિગ્ગજ પાત્ર મુલાયમની વિદાય

ભારતીય રાજકારણમાં એક પ્રાદેશિક પક્ષના દીગ્ગજ નેતા મુલાયમ સિંહ યાદવનું ૮૨ વર્ષની જૈફ વયે નિધન થઈ ગયું. મુલાયમના મોત સાથે દેશના રાજકીય તખ્તેથી એક દિગ્ગજ રાજકારણીએ કાયમ માટે વિદાય લીધી છે. ઉત્તર પ્રદેશમાં વર્ચસ્વ ધરાવતી સમાજવાદી પાર્ટીના તેઓ સ્થાપક અને પીઢ નેતા હતા. યુરિન ઈન્ફેક્શનને કારણે છેલ્લાં ૧૫ દિવસથી ગુરુગ્રામની ખાનગી હોસ્પિટલમાં દાખલ મુલાયમ સિંહની તબિયત સારવાર દરમિયાન બગડતી જ જતી હતી. ગાંધી જ્યંતી એટલે કે, ૨ ઓક્ટોબરે ઓક્સિજનનું સ્તર ઘટી જતા તેમને આઈસીયુમાં ખસેડાયા હતા. આખરે આઈસીયુમાં સારવાર દરમિયાન જ તેમણે આ ફાની દુનિયાને અલવિદા કહી દીધી. મુલાયમસિંહના તેમના વતન સેફઈમાં મંગળવારે બપોરે તેમના અંતિમસંસ્કાર કરાયા.



તંત્રી - સ્વદેશ

મુલાયમસિંહ વિશે લોકોના અલગ અલગ અભિપ્રાય છે પણ એક વાતમાં શંકા નથી કે ભારતના રાજકારણમાં બહુ ઓછા એવા રાજકારણી આવ્યા કે જે મુલાયમસિંહ જેટલી લાંબી રાજકીય કારકિર્દી ઘડી શક્યા. ઉત્તરપ્રદેશના રાજકારણમાં કોંગ્રેસની સ્થિતિ નબળી પડી અને મુલાયમે તેની તાકાત વધારી. વિશ્વનાથ પ્રતાપસિંહે ૧૯૯૦માં ભાજપના કમંડલ સામે મંડલ પંચ લાવીને જ્ઞાતિવાદના જોરે સત્તા ટકાવવાનો ખેલ ખેલ્યો તેમાં વી.પી. પતી ગયા પણ પ્રાદેશિક કક્ષાએ જે નેતાઓનો ઉદય થયો તેમાં મુલાયમસિંહ એક હતા. વી.પી.એ અધર બેકવર્ડ ક્લાસ(ઓબીસી) ની તોતિંગ મતબેંકને કબજે કરીને સત્તા કબજે કરવાની ગુરૂચાવી આપી, તેનો સૌથી શ્રેષ્ઠ ઉપયોગ મુલાયમ, લાલુ પ્રસાદ યાદવ અને નીતિશ કુમારે કર્યો. મુલાયમે ઓબીસીમાં મુસ્લિમ મતબેંકનો ઉમેરો કરીને ૧૯૯૦ના દાયકામાં એવાં સમીકરણ બનાવ્યાં કે જેના જોરે એ સત્તા લગી પહોંચી ગયા હતા.

એક સમયે ભાજપ જેવા રાષ્ટ્રીય પક્ષને પણ તેણે પછડાટ ખવડાવી હતી. મુલાયમ સિંહ પંચાવન વર્ષ સુધી રાજકારણમાં રહ્યા અને ભારે સંઘર્ષ કરીને દેશના સૌથી મોટા રાજ્ય યુપીમાં જે તાકાત ઊભી કરી એવી તાકાત પણ બહુ ઓછા નેતા ઊભી કરી શકે. મુલાયમ સિંહ ૨૮ વર્ષની ઉંમરે ૧૯૬૭માં જસવંતનગર બેઠક પરથી જીતીને પહેલીવાર ધારાસભ્ય બન્યા હતા. તેમના પરિવારનું કોઈ રાજકીય બ્રેકગ્રાઉન્ડ નહોતું છતાં ચૂંટણીમાં વિજય મેળવ્યો તે પછી મુલાયમે એ પછી કદી પાછું વળીને જોયું નથી. કોંગ્રેસના એકચક્રી શાસનના દિવસોમાં ઝઝૂમતા રહેલા મુલાયમ દશ વાર વિધાનસભામાં અને સાત વાર લોકસભામાં ચૂંટાયા. નેતાજીના નામથી જાણીતા મુલાયમ સિંહ જેવો ભવ્ય ચૂંટણી જીતવાનો રેકોર્ડ યુપીમાં બીજી કોઈ નેતાનો નથી.

મુલાયમસિંહ ત્રણ વાર યુપીના મુખ્યમંત્રી બન્યા. ૫ ડિસેમ્બર ૧૯૮૯ના રોજ મુલાયમ પ્રથમ વખત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા અને એ પછી વધુ બે વાર રાજ્યના મુખ્યમંત્રી રહ્યા. મુલાયમને કેન્દ્રમાં દેવેગૌડા અને ગુજરાલ સરકારમાં સંરક્ષણ મંત્રીની જવાબદારી સોંપાઈ હતી. આવી લાંબી કારકિર્દી અને આટલા બધા હોદ્દા ભોગવનારા નેતાને દિગ્ગજ નેતા તરીકે સ્વીકારવા જ પડે. મુલાયમસિંહની મોટી સિદ્ધિએ પણ છે કે, તેમણે પોતાના જોર પર પ્રાદેશિક પાર્ટી બનાવી અને તેને દેશના સૌથી મોટા રાજ્યમાં સફળ પણ બનાવી. પહેલી વાર મુખ્યમંત્રી બન્યા ત્યારે મુલાયમસિંહને કોઈ ગંભીરતાથી નહોતું લેતું પણ ઓક્ટોબર, ૧૯૯૦માં લાલકૃષ્ણ અડવાણીની રથયાત્રા વખતે થયેલી કારસેવા સમયે અયોધ્યામાં મુલાયમે કારસેવકો ઉપર ગોળીઓ વરસાવડાવી, તેના કારણે મુસ્લિમો તેમના પર વારી ગયા હતા.

કોંગ્રેસથી થાકેલા મુસ્લિમો મુલાયમ તરફ વળ્યા અને તેના કારણે જ જનતા દળના ધાગડિયાથી કંટાળેલા મુલાયમ સિંહ યાદવે ૪ ઓક્ટોબર ૧૯૯૨ના રોજ લખનઉમાં સમાજવાદી પાર્ટી બનાવવાની જાહેરાત કરી હતી. આ વખતે મુલાયમ સપા પ્રમુખ બન્યા હતા, જ્યારે જનેશ્ર્વર મિશ્રા ઉપાધ્યક્ષ, કપિલ દેવ સિંહ અને મોહમ્મદ આઝમ ખાન પાર્ટીના મહામંત્રી બન્યા હતા. જો કે, મુલાયમના રાજકીય ઉદયમાં રાજકારણના અપરાધીકરણે પણ મોટો ભાગ ભજવ્યો. મુલાયમે મુસ્લિમ અને મસલ પાવરના જોરે યુપીમાં દબદબો બનાવ્યો એવું કહેવાતું. યુપીમાં રાજકારણના અપરાધીકરણનું શ્રેય મુલાયમને અપાય છે. એક સમયે યુપીના તમામ ગુંડા સપામાં હતા એ જોતાં આ વાત ખોટી પણ નહોતી. યુપીમાં એ વખતે હિંદુત્વની લહેર ઉપર સવાર થઈને આવેલી ભાજપની સરકાર હતી અને કલ્યાણસિંહ મુખ્યમંત્રી હતા. હિંદુત્વની લહેર જોતાં મુલાયમની મુસ્લિમ તરફી નીતિ મૂર્ખામી લાગતી હતી પણ એ જ નીતિ મુલાયમને ફળી. આજે પણ સમાજવાદી પાર્ટી ટકેલી છે તેનું એક કારણ મુલાયમે ઊભી કરેલી વફાદાર મુસ્લિમ મતબેંક છે. આ મતબેંકે જ મુલાયમને ફરી બે વાર મુખ્યમંત્રી બનાવ્યા હતા. કેન્દ્ર સરકારમાં પણ મંત્રીપદ અપાવ્યું અને તેમના દીકરા અખિલેશને પણ મુખ્યમંત્રીની ખુરશી સુધી પહોંચાડ્યો હતો. મુલાયમ અને લાલુ એ બે એવા નેતા હતા કે જેમણે જ્ઞાતિવાદનાં સમીકરણોને નવી દિશા આપીને પોતપોતાના રાજ્યોના રાજકારણની દિશા અને દશા બંને બદલી નાંખ્યા.

મુલાયમ અંગત જીવનમાં પણ અનોખા સાબિત થયા. મુલાયમને અખિલેશ અને પ્રતિક બે દીકરા છે. મુલાયમ ચહેરા પરથી રોમેન્ટિક માણસ ના લાગે પણ તેમણે બે વાર લગ્ન કરેલાં. તેમનાં બીજાં લગ્ન પ્રેમલગ્ન હતાં. મુલાયમે માલતી દેવી સાથે પહેલાં લગ્ન કરેલાં. અખિલેશ માલતી દેવીનો પુત્ર છે. ૧૯૮૦ના દાયકામાં મુલાયમ સાધના દેવીમાં પ્રેમમાં ફસાયા અને છાનામાના લગ્ન કરી લીધા. સાધના ગુપ્તાને ચંદ્ર પ્રકાશ સાથેના પહેલા લગ્નથી પ્રતિક થયો હતો પણ મુલાયમે તેને પોતાનું નામ આપ્યું હોવાથી તે મુલાયમનો જ પુત્ર હોવાનું કહેવાય છે. મુલાયમે લાંબા સમય સુધી આ વાત છૂપાવી રાખેલી. ૨૦૦૩માં માલતી દેવીના નિધન પછી ચાર વર્ષ બાદ છેક ૨૦૦૭માં તેમણે સાધના સાથેના સંબંધો સ્વીકાર્યા હતા.

મુલાયમના નિધનના પગલે ભાજપના નેતા અત્યારે મુલાયમસિંહ પર ઓળઘોળ છે. આ જ ભાજપના નેતા એક સમયે મુલાયમસિંહને મુલ્લા મુલાયમ કહીને ગાળો આપતા હતા, હિંદુઓના હત્યારા કહીને ઝાટકણી કાઢતા હતા. આ વરસે થયેલી વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપના નેતા મુલાયમસિંહના પરિવારવાદની ટીકા કરતા જ હતા. હવે મુલાયમના આશીર્વાદની વાતો કરે છે. ખેર, ભાજપના નેતા ગમે તે કરે કે કહે, તેનાથી ફરક પડતો નથી. ભાજપના નેતા નહીં કહે તો પણ મુલાયમ ભારતીય રાજકારણનું મહત્ત્વ અને યાદગાર પાત્ર હતા જ.

મનોજ ગાંધી
manoj1968@yahoo. ca






# મોઢેરા તેની પૌરાણિક કથા, આધુનિકતા માટે વિશ્વમાં એક ઉદાહરણ બન્યું: મોદી

**મહેસાણા**

વડાપ્રધાન મોદીએ મહેસાણામાં 3092 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ હતું. બાદમાં પીએમ મોદીએ જનસભા સંબોધી. પીએમ મોદીએ જનસભા સંબોધતા કહ્યુ કે આજે મોઢેરા માટે મહેસાણા માટે અને સમગ્ર ઉત્તર ગુજરાત માટે વિકાસની નવી ઉર્જા ફેલાઈ છે. વીજળી,પાણી, રોડ, રેલ, ડેરી, કૌશલ્ય વિકાસ, આરોગ્ય અનેક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટથી રોજગારીની નવી તકો ઊભી થશે. ખેડૂતો અને પશુપાલકોની આવક વધારવામાં મદદ કરશે અને સમગ્ર પ્રદેશમાં પ્રવાસન સંબંધિત સુવિધાઓનુ પણ વિસ્તરણ કરશે.



મોઢેરા સોલાર પાવર્ડ વિલેજના કારણે આજે દેશભરમાં મોઢેરાની ચર્ચા છે. પર્યાવરણવાદીઓ માટે મોઢેરા પોતાની જગ્યા બનાવી લેશે. આ ગુજરાતની શક્તિ છે, જે આજે મોઢેરામાં દેખાઈ રહી છે. તેઓ ગુજરાતના ખૂણે ખૂણે હાજર છે. આક્રમણકારોએ મોઢેરાના સૂર્ય મંદિરને નષ્ટ કરવા, તેને માટીમાં ભેળવવા માટે શું કર્યું તે કોણ ભૂલી શકે. જે મોઢેરા પર વિવિધ અત્યાચારો થયા, તે મોઢેરા હવે તેની પૌરાણિક કથા તેમજ આધુનિકતા માટે વિશ્વમાં એક ઉદાહરણ બની રહ્યું છે.

# 750 કરોડનું દાણ કૌભાંડ : આરોપી ચૌધરીની હાઇકોર્ટમાં જામીન અરજી

મહેસામા : દૂધસાગર ડેરી(મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ)ના રૂ.૭૫૦ કરોડના ચકચારભર્યા કૌભાંડમાં ગુજરાતના પૂર્વ ગૃહ રાજયપ્રધાન વિપુલ ચૌધરીએ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે, જેની સુનાવણીમાં હાઈકોર્ટે રાજય સરકાર અને તપાસનીશ એજન્સીને નોટિસ જારી કરી કેસની વધુ સુનાવણી તા.૨૦મી ઓકટોબરના રોજ મુકરર કરવામાં આવી છે. દૂધસાગર ડેરીના ચેરમેન તરીકેના ૨૦૦૫થી ૨૦૧૬ સુધીના કાર્યકાળ દરમ્યાન વિપુલ ચૌધરીએ પોતાની સત્તાનો દૂરપયોગ કરીને ટેન્ડર પ્રક્રિયા હાથ ધર્યા વિના દૂધ ઠંડુ રાખવાના મશીન, કોન્ટ્રાકટરો પાસેથી બીડ મંગાવ્યા વિના કોન્ટ્રાકટ આપવા, બારોબાર વર્ક ઓર્ડર આપવા સહિતના મામલે કરોડોની ગેરરીતિ અને નાણાંકીય ઉચાપત આચર્યા હોવાના આરોપસર એસીબી દ્વારા ગત તા.૧૫ સપ્ટેમ્બરના રોજ વિપુલ ચૌધરીની તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી હતી.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax
CATERING SPECIAL
$14.99 10 items +Tax
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber
સ્પેશિયલ ડીલ ફોર નવરાત્રિ, ગરબા ઇવેન્ટ
દાબેલી $ 1.25/Each | વડાપાંઉ $ 1.25/Each | પાપડીનો લોટ $ 1.25/Each
Franchise Opportunity in GTA
Call us for details
રસોઇકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# વડોદરામાં કિડનેપિંગની થીમ ઉપર સ્ટોરી બનાવાના નામે દક્ષની હત્યા કરનાર જેલમાં

**વડોદરા**

સયાજીગંજમાં અલંકાર ટાવરના બેઝમેન્ટમાં ૧૯ વર્ષીય મિત્ર દક્ષ પટેલને લઇ જઇ ઘાતકી રીતે હત્યા કરનારા પાર્થ કોઠારીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે.

માંજલપુરની શિવમ સોસાયટીમાં રહેતા ફેક્ટરી માલિક હસમુખભાઇ પટેલનો એસ વાય બીકોમમાં ભણતો પુત્ર દક્ષ પટેલ તા.૩ જી એ રાતે ગરબા જોવા માટે ગયો ત્યારબાદ બીજા દિવસે સયાજીગંજના અલંકાર ટાવરના બેઝમેન્ટમાંથી તેની હાથપગ બાંધેલી હાલતમાં લાશ મળી હતી.દક્ષના છાતી અને પેટમાં ઘા ઝીંકાતા આંતરડા બહાર નીકળી ગયા હતા. એસીપી ધર્મેન્દ્રસિંહ ચાવડા અને સયાજીગંજના પીઆઇ આર જી જાડેજાએ સીસીટીવી ફૂટેજ તેમજ મરનારના મિત્રો પાસે વિગતો મેળવી ગણતરીના કલાકોમાં જ દક્ષની હત્યા કરનાર તેના નિકટના મિત્ર પાર્થ કમલ ભાઇ કોઠારી (અંબિકાશ્રય ફ્લેટ્સ,જય શંકર સોસાયટી પાછળ,સાંઇ ચોકડી પાછળ, માંજલપુર)ને ઝડપી પાડયો હતો.

દક્ષની સાથે અભ્યાસ કરતા પાર્થ કોઠારીએ દક્ષને કારણે તેનો પ્રેમ ઝુંટવાઇ જશે તેમ માનીને તેની સાથે કપટ કરીને હત્યા કરી હતી. કિડનેપિંગની થીમ પર સ્ટોરી બનાવવા માટે શૂટિંગ કરવાના નામે પાર્થ દક્ષને બેઝમેન્ટમાં લઇ ગયો હતો અને તેની હત્યા કરી હતી.ત્રણ દિવસના રિમાન્ડ દરમિયાન પોલીસે મહત્વના પુરાવા ભેગા કરી ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરાવ્યું હતું. પાર્થ કોઠારીએ મોબાઇલ પર સર્ચ કર્યા બાદ હત્યાનો પ્લાન ઘડયો હોવાની તેમજ ત્યારબાદ પણ તેણે પોલીસથી બચવા માટે સર્ચ કર્યું હોવાની વિગતોને પગલે પોલીસે તેનો મોબાઇલ કબજે લઇ એફએસએલમાં મોકલવા તજવીજ કરી છે.

# આણંદ પાલિકાના વોર્ડ 5ના અપક્ષ નગરસેવક સસ્પેન્ડ

## પાલિકાની બોર્ડ બેઠકમાં સતત ગેરહાજર રહેવા બદલ નગર સેવકને બે વખત શોકોઝ નોટિસ બાદ કાર્યવાહી

**આણંદ**

આણંદ નગરપાલિકાના વોર્ડ નં.-૫ના અપક્ષ કાઉન્સીલરને દોઢ વર્ષમાં પાલિકાની બોર્ડ બેઠકમાં સતત ગેરહાજર રહેવા બદલ બે વાર કારણદર્શક નોટિસ પાઠવ્યા બાદ જિલ્લા કલેક્ટરે આજે સાંજના સુમારે અપક્ષ કાઉન્સીલરને સસ્પેન્ડ કરવાનો હુકમ કરતા ભારે ખળભળાટ મચી ગયો છે.

પાલિકાના કુલ-૧૩ વોર્ડમાં બાવન કાઉન્સીલરો પૈકી ભાજપના ૩૬, કોંગ્રેસના ૧૪ અને બે અપક્ષ કાઉન્સીલરો ચૂંટાયા હતા. જેમાં વોર્ડ નં.-૫માંથી ચૂંટાયેલા અપક્ષ કાઉન્સીલ સોહેલ શફીમહંમદ વ્હોરા છેલ્લા દોઢ વર્ષમાં માત્ર એક જ બોર્ડ મિટીંગમાં હાજર રહ્યા હતા. છેલ્લા દોઢ વર્ષમાં પાલિકાની યોજાયેલી ૧૧ બોર્ડ મિટીંગો પૈકી તેઓ માત્ર એક જ બેઠકમાં હાજર રહ્યા હતા અને ૩ મિટીંગોમાં રજા રિપોર્ટ તથા ૭ મિટીંગોમાં પૂર્વ મંજૂરી કે રજા મેળવ્યા વગર ગેરહાજર રહ્યા હતા.

# નડિયાદ તાન્યા મર્ડર કેસઃ પેરોલ જમ્પ કરી ફરાર કેદી બહુચરાજીથી ઝડપાયો

**નડિયાદ**

નડિયાદના ચકચારી તાન્યા મર્ડર કેસમાં સજા ભોગવતો મુખ્ય સૂત્રધાર મધ્યસ્થ જેલ અમદાવાદ માંથી પેરોલ રજા પર છૂટયો હતો. આ મર્ડર કેસનો આરોપી પેરોલ રજા બાદ જેલમાં હાજર થવાને બદલે ભાગી ગયો હતો. કેદીને પેરોલ ફર્લો સ્ક્વોર્ડ નડિયાદએ બહુચરાજીથી ઝડપી જેલમાં મોકલી આપવા કાર્યવાહી હાથ ધરી છે. નડિયાદ સંતરામ ડેરી રોડ પર લક્ષ ડુપ્લેક્સ માં રહેતા મીત ઉર્ફે ભલો વિમલ પટેલે વર્ષ ૨૦૧૭ માં સાત વર્ષની માસુમ બાળાનું અપહરણ કરી મહીસાગર નદીના પાણીમાં ફેંકી તાન્યાની ઠંડે કલેજે હત્યા કરી હતી. નડિયાદ પશ્ચિમ પોલીસે તાન્યા મર્ડર કેસમાં મીત ઉર્ફે ભલો વિમલ પટેલ તેની માતા તથા અન્ય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેડા-ઊંઢેલામાં આરોપીને થાંભલા સાથે બાંધી મારવાના કેસમાં તપાસના આદેશ

## નવરાત્રીમાં તકરારને પગલે સંદર્ભમા પોલીસે જાહેરમાં માર માર્યો

**ખેડા**

ખેડા જિલ્લાના માતકના ઊંઢેલા ગામમાં નવરાત્રી દરમિયાન બે કોમ વચ્ચે થયેલી તકરારને પગલે ખેડા પોલીસના લોકલ ક્રાઇમ બ્રાંચના સ્ટાફ દ્વારા આરોપીને વીજ થાંભલા સાથે બાંધીને જાહેરમાં મારવાના મામલે ડીજીપીએ જવાબદાર અધિકારીઓ વિરૂદ્ધ તપાસના આદેશ આપ્યા છે. સાથેસાથે એક સામાજીક સંસ્થા દ્વારા ડીજીપી અને ગૃહવિભાહના ચીફ સેક્રેટરીને લીગલ નોટિસ પાઠવવામાં આવી છે. ખેડા જિલ્લાના માતરના ઊંઢેલા ગામમાં નવરાત્રીના ગરબા દરમિયાન વિધર્મીઓ દ્વારા પથ્થરમારો કરવાના મામલે બે કોમ વચ્ચે અથડામણ થઇ હતી. જે અંગે ખેડા પોલીસે ગુનો નોંધીને ૧૩ લોકોની ધરપકડ કરી હતી. જે પૈકી બે વ્યક્તિઓને ગામમાં લઇ જઇને વીજ થાંભલા સાથે બાંધીને ખેડા એલસીબીના પીઆઇ અશોક પરમાર અને અન્ય સ્ટાફ દ્વારા જાહેરમાં મારવામાં આવ્યા હતા. જેના વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયા હતા. સાથે સાથે સમાચારોના માધ્યમમાં પણ દર્શાવવામાં આવ્યા હતા. જેના આધારે અલ્પ સંખ્યક મંચ દ્વારા ડીજીપીને મળીને સમગ્ર ઘટના અંગે તપાસ કરવા માટે રજૂઆત કરી હતી.

# સિદ્ધપુરમાં ૧ કરોડના ખર્ચે ચામુંડા માતાના વર્ષો જૂના મંદિરનો જીર્ણોદ્ધાર કરાયો

**સિદ્ધપુર**

સિદ્ધપુરના દેથળી ગામમાં આવેલા માતા ચામુંડાના વર્ષો જૂના મંદિરનો આશરે ૧ કરોડના ખર્ચે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. રસપ્રદ વાત એ છે કે, ગામના મુસ્લિમ ભાઈઓએ પણ મંદિરના સમાર કામ ૧૧ લાખ રૂપિયાનો ફાળો આપ્યો હતો અને તેથી આ મંદિર હવે કોમી એકતાનું પ્રતીક બની ગયું છે. આ સાથે જ મુસ્લિમ સમુદાયના કેટલાક સભ્યોએ મંદિર બહાર ચાનું કાઉન્ટર પણ ખોલ્યું છે, જ્યાં તેઓ મેનેજમેન્ટ દ્વારા આયોજિત ત્રણ દિવસના યજ્ઞનો લાભ લેવા માટે આવતા ભક્તોને મફતમાં ચા આપવામાં આવે છે. સ્થાનિક આગેવાન અકબર મોમિને જણાવ્યું હતું કે, વર્ષ પહેલા જ્યારે મંદિરના મેનેજમેન્ટે જૂના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો નિર્ણય લીધો હતો.



# ગુનાખોરીનું એપી સેન્ટર બન્યું સુરત 48 કલાકમાં 3 હત્યાઓથી ચકચાર

**સુરત**

સુરત ગુનાખોરી નગરી તરીકે ઓળખ ધરાવી રહી છે. છેલ્લા 48 કલાકમાં સુરતમાં ત્રણ જેટલી હત્યાઓને અંજામ આપવામાં આવી છે.

સુરતના રુદરપુરા વિસ્તારમાં બે સગા ભાઈઓ પર જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી છે, જેમાં એક ભાઈનું મોત થયું છે. ગત રોજ વહેલી સવારે સાત વાગ્યાના સમયગાળા દરમિયાન રૂદરપુરા પોલીસલાઈન પાસે દાતાર ગેરેજની બાજુમાં જાહેર રોડ પર બે સગા ભાઈ પર જીવલેણ હુમલો કરાયો હતો. માવિયા મોહમ્મદ હબીબ કચ્છી અને તેના ભાઈ યામીન કચ્છી પર ત્રણ જેટલા યુવકો આવીને ગાળાગાળી કરી હુમલો કર્યો હતો.

બીજ ઘટનામાં હીરાના કારખાનામાં મજુરી કામ કરી રહેલ ગુડુરામ બહાદુરરામની અજાણ્યા શખ્સ દ્વારા હત્યા કરી દેવામાં આવી છે. ગુડુરામ મોડી રાત્રે અંદાજે સાડાબાર વાગ્યાની આસપાસ કારખાનામાંથી ઘર તરફ જઈ રહ્યો હતો. ત્યારે અજાણ્યા શખ્સોએ તેની પર જીવલેણ હુમલો કરી ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી ફરાર થઈ ગયા હતા.

ત્રીજી ઘટનામાં સુરતના લાલ ગેટ વિસ્તારની. જ્યાં લીમડા ચોક વિસ્તારમાં મોડી રાતે અરવિદ નામનો યુવાન બેગ લઈને ફૂટપાથ ઉપર સુઈ રહ્યો હતો. દરમિયાન ત્રણ જેટલા ઈસમો આ યુવાન પાસે આવ્યા હતા અને તેને જમવાનુ આપ્યું હતું. જો કે જમવા બાબતે અરવિદ અને અન્ય યુવાન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. બોલા ચાલી જતાં જેમાં જોત જોતામાં અરવિદ કોળી પટેલે રસ્તા પર પડેલું લાકડું હાથમાં ઊંચક્યું હતું. અને લાકડા વડે અન્ય યુવાનના માથામાં પર મારતા મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ આરોપી ત્યાંથી ભાગી છુટ્યો હતો.

# લેઉવા પાટીદાર સમાજના વૃધ્ધાના અંગદાનથી પાંચને નવજીવન મળ્યું

**સુરત**

ખેડમાં ઠાસરામાં કાલસરગામમાં સંતારામ મંદિરપાસે રહેતા ૬૦ વર્ષીય ભારતીબેન કનુભાઈ પટેલને વારંવાર ચક્કર આવતા તેમની દિકરી મયુરી બોરસદની ખાનગી હોસ્પીટલમાં લઈ ગઈ હતી. ત્યાં એમ.આર.આઈ કરાવતા નાના મગજની નસમા ફુગ્ગો હોવાનું નિદાન થયુ હતુ. તેથી તેના પરિવારજનોએ તેમને સુરતની ખાનગી હોસ્પિટલમાં ગત તા. ૫મીએ ખસેડાયા હતા. જયાં ગત તા. ૬થીએ ડોકટરે સર્જરી કરી મગજની નસમાં જે ફુગ્ગો થયો હતો તે દુર કર્યો હતો. ગત તા. ૮ મીએ ડોકટરોની ટીમે ભારતીબેનને બ્રેનડેડ જાહેર કર્યા હતા. ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી પરિવારજનોને અંગદાનનું મહત્વ સમજાવતા પરિવાર અંગદાન માટે સંમત થયો હતો. દાનમાં મળેલી એક કિડની સુરતમાં રહેતો ૨૨ વર્ષીય યુવાનમાં, બીજી કિડની બીલીમોરાના રહેતા ૫૩ વર્ષીય વ્યક્તિમાં, લિવરનું ભરૂચના રહેતા ૬૧ વર્ષીય વ્યક્તિમાં સુરતની કિરણ હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયા છે. દાનમાં મળેલા ચક્ષુનું ટ્રાન્સપ્લાન્ટ બે જરૃરિયાતમંદ દર્દીમાં કરવામાં આવશે. ભારતીબેનની પુત્રી મયુરી સાગર પટેલ અને તેમના જમાઈ સાગર ઉમરેઠમાં કરીયાણાની દુકાન ધરાવે છે.

# ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય પર હુમલો થતા ખળભળાટ

**નવસારી**

ગુજરાત કોંગ્રેસના વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ પર હુમલો થયો હતો. ખેરગામમાં યોજાનાર કાર્યક્રમમાં હાજરી આપવા સમયે આ ઘટના બની છે. ઘટના બાદ વિવાદ વધતા નવસારી જિલ્લા પંચાયતના પ્રમુખ ભીખુભાઈ આહિર સહિતના ટોળા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. બહેજમાં ગરબામાં ગવાયેલા ગીતને લઈને હુમલો થયો હોવાની શંકા સેવવામાં આવી છે. બહેજ ગામમાં અનંત પટેલ જ ચાલે તેવો ગરબો ગવાયો હતો. ગરબાનો વીડિયો વાયરલ થતા વિવાદ વકર્યો હતો. અનંત પટેલ પર બીજી વખત હુમલો કરવામાં આવતાં તેમના સમર્થકોએ સુત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. ઘટનાને બીજે દિવસ ખેરગામમાં આંદોલનની શરૂઆત થઈ હતી. અને ત્રીજે દિવસે ને. હા. 56 પર જામ કરી આરોપીને પકડવાની માંગ કરવામાં આવી હતી.

# કામરેજના ધારાસભ્યની રૂ.24.75 લાખની મિલકત જપ્ત કરવા હૂકમ

**સુરત**

નાના વરાછા ખાતે સરસ્વતી સોસાયટીમાં રહેતા ધારાસભ્ય વિનુ ડાયાભાઈ ઝાલાવાડીયાની માલિકીના ટ્રક ના ચાલક જેમલ નરસીગ દોઢીયાએ તા.22-22016 ના રોજ પૂણા- કેનાલ રોડ પર રોંગ સાઈડ સિગ્નલ, ઈન્ડિકેટર વગર બંધ હાલતમાં છોડી દીધી હતી. મોડીરાતે વરાછાના ધરમનગર રોડ પર રહેતા હિરેન લીંબાણી નામનો યુવાન ટ્રકની ભટકાતા ગંભીર ઈજાથી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. મૃતકના માતા-પિતાએ ટ્રક માલિક વી.ડી.ઝાલાવાડીયા, ટ્રક ચાલક જેમલ દોઢીયા તથા વીમા કંપની વગેરે વિરુદ્ધ ક્લેઈમ કેસ કરી કુલ રૂા.31 લાખનું વળતર માંગ્યું હતું. સુનાવણી બાદ કોર્ટે તા.31 માર્ચે, 2022ના રોજ મૃતકના વારસોને વાષક 9% ના વ્યાજ સહિત રૃા.15.49 લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો હતો. પરંતું ટ્રીબ્યુનલ કોર્ટના હુકમના સાત મહિના બાદ પણ મૃતકના પરિવારને વળતર નહી ચૂકવાતા અકસ્માત માટે જવાબદારો પાસે વળતર અપાવવા માંગ સાથે મિલકત જપ્તી માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જેને કોર્ટે મંજુર કરી અકસ્માત વળતરના રૃ.15.49 લાખ, પાંચ વર્ષ સુધી 9% ના વ્યાજ પેટે 8.26 લાખ તથા દરખાસ્તના એક લાખ મળીને કુલ રૃા.24.75 લાખની સ્થાવર તથા જંગલ મિલકત જપ્ત કરવા હુકમ કર્યો છે.

# સુરતના મહિધરપુરામાં પ્રેમીએ પ્રેમિકાની હત્યા કરી

**ભાવનગર**

સુરતના મહિધરપુરા વિસ્તારમાં પ્રેમીએ પ્રેમિકાની ઘાતકી હત્યા કરી છે. મૃતક રીટા ઉર્ફે માધુરી મહિલા દેહવ્યાપારના ધંધામાં સંલિપ્ત હોવાનું બહાર આવ્યું છે. હત્યારો પ્રેમી મહિલાના માથામાં કોઈ બોથર્ડ પદાર્થ વડે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો છે. પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી પ્રેમીની તપાસ હાથ ધરી છે.સુરત શહેરમાં દિન પ્રતિ દિન હત્યા ચોરી લૂંટના ગુનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી એક પછી એક હત્યાનો બનાવો બની રહ્યા છે, જ્યારે આજરોજ વધુ એક હત્યાનો બનાવ બન્યા છે. શહેરના મહિધરપુરા અમિષા હોટલ પાસે આવેલ મંથન કોમ્પ્લેક્સના બીજા માટે રીનોવેટ થઈ રહેલી ઓફિસમાંથી હત્યા કરેલી હાલતમાં મહિલાની લાશ મળી આવી હતી. ઘટનાની જાણ પોલીસને તથા તાત્કાલિક સ્થળે દોડી આવી વધુ તપાસ હાથ ધરી હતી.

SHARP
INTERNATIONAL IMMIGRATION SERVICES
CANADA IMMIGRATION
iccrc crcic

SPOUSAL SPONSORSHIP SPECIALIST (98 percent success ratio)
Last minute student admission
Please contact us on
416-745-2466 or 91-9428973911

• Conestoga
• Seneca
• Humber
• Lambton
• Fanshawe
• Georgian
• Algoma
• Canadore
• Algoma
• Saskatchewan polytechnic
• Mohawk

ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM

• LMIA/WORK PERMIT • EXPRESS ENTRY
• CANADIAN EXPERIENCE CLASS
• SUPER VISA & VISITOR VISA
• STUDY & WORK PERMIT
• Work / Study /Visitor Permit Extension
• PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
• REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
• POST GRADUATION WORK PERMIT
• CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS

CANADA: 94- 499 Main Street South, Shoppers World Mall, Brampton, Ont. Ph : 416-745-2466, 905-230-7855
VADODARA: 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817
AHMEDABAD: 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911

: Specialized in :
Job Offer & LMIA
Entrepreneur
Investor Business
Self Employed
Farm Investor

Email.: info@siis.ca / Website.: www.siis.ca

# સોમનાથ મહાદેવના નામ પર ઓનલાઇન ફ્રોડનો ખેલ શરૂ

**ગીર સોમનાથ**

કરોડો લોકોની આસ્થાના પ્રતિક દેવાધિદેવ સોમનાથ મહાદેવના નામ પર શરૂ થયો છે ઓનલાઈન ફ્રોડનો ખેલ. કેરળમાં બેન્ક એકાઉન્ટ ખોલી google સર્ચના માધ્યમથી રૂમ બુકિંગ અથવા દાન દેનારા ભક્તોને શેતાની દિમાગ લૂંટી રહ્યો છે.



કરોડો લોકોની આસ્થાના પ્રતિક એવા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરે પ્રતિવર્ષ કરોડો યાત્રી આવતા હોય છે. સોમનાથમાં ટ્રસ્ટ દ્વારા યાત્રીઓને સસ્તા ભાવે રહેવા માટે અતિથિગૃહની પણ સુવિધા ઉપલબ્ધ છે, ત્યારે આ અતિથિગૃહોમાં ઓનલાઈન બુકિંગ કરવા માટે google પર સર્ચ કરનારા લોકોને ફસાવવા માટે એક ફ્રોડ દ્વારા પોતાનો નંબર સોમનાથના કી-વર્ડ સાથે યેનકેન પ્રકારે જોડવામાં આવ્યો છે.

લોકો google પર સોમનાથ બુકિંગ સર્ચ કરે એટલે જુદી જુદી વેબસાઈટ પર આ વ્યક્તિનો નંબર અને સોમનાથના અતિથિગૃહોના ફોટા આવે છે. આ વ્યક્તિ તેમની પાસેથી બેંક ટ્રાન્સફર અથવા યુપીઆઈ મારફતે પૈસા ઉઘરાવી લે છે. પરંતુ જ્યારે લોકો સોમનાથ આવે ત્યારે તેમને ખ્યાલ આવે કે તેમના નામનું કોઈ બુકિંગ થયું જ નથી.

આવા બનાવો સોમનાથ બુકિંગ ઓફિસે આવનાર યાત્રીઓમાં સામે આવતા ટ્રસ્ટના જન્મ મેનેજર દ્વારા પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન તેમજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા ઓનલાઈન મારફતે ભક્તોને સૂચિત પણ કરાયા છે કે ટ્રસ્ટની ઓફિશિયલ વેબસાઈટ www.somnath.org સિવાય કોઈપણ માધ્યમને ઓનલાઈન પેમેન્ટ જમા ન કરાવો.

# હરામીનાળા વિસ્તારમાંથી સાત પાકિસ્તાની બોટ પકડાઈ

**ભુજ**

પાકિસ્તાનની સીમાને અડીને આવેલા કચ્છ જિલ્લાના દરિયાઈ વિસ્તાર હરામીનાળા મારફત પાકિસ્તાનીઓ વારંવાર ઘુસણખોરી કરવાનો પ્રયાસ કરતા હોય છે અને તેની બોટ પકડાતી હોય છે. ત્યારે, આવી જ એક સાથે બુધવારે સાત પાકિસ્તાની બોટ બીએસએફની કાર્યવાહી દરમિયાન પકડાઈ છે. બોટમાં સવાર માછીમારો ક્યાં ગયા તેની શોધખોળ ચાલી રહી છે. આ ઉપરાંત પણ આવી અન્ય બોટની પણ શોધખોળ માટે બીએસએફ દ્વારા અભિયાન શરૂ કરાયુ છે. ગત રોજ લખપતના દરિયાઈ હરામીનાળા ક્રિક વિસ્તારમાંથી બીએસએફએ બે પાકિસ્તાની ઘુસણખોરોને ઝડપી પાડયા હતા. નલિયા બીએસએફને મોડી રાત્રે ૬ જેટલી માછીમારી બોટની શંકાસ્પદ ગતિવિધી જોવા મળી હતી જેના આધારે હરામીનાળા વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયુ હતુ.

# ગુજરાત ATS અને કોસ્ટગાર્ડે 350 કરોડનુ 50 કિલો હેરોઈન જપ્ત કર્યુ

## આંતરરાષ્ટ્રીય દરિયાઇ સીમા રેખા નજીક કાર્યવાહી કરાઇ

**જામનગર**

ગુજરાતમાં ATSની સાથે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડે એક સંયુક્ત ઓપરેશનમાં મોટા પ્રમાણમાં ડ્રગ્સ લઈ જઈ રહેલા પાકિસ્તાની દાણચોરોની ગેંગને પકડી છે. આ દાણચોરો અલ સાકાર નામની બોટથી ભારતમાં ડ્રગ્સ લાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. પોલીસે તેમની પાસેથી 50 કિલો હેરોઈન જપ્ત કર્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત 350 કરોડ જણાવવામાં આવી રહી છે. બોટમાં કુલ 6 ક્રૂ મેમ્બર હતા. પોલીસ દ્વારા તેઓની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી હતી. આ કાર્યવાહી આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા (IMBL)નજીક કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ATS અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડને સુત્રો પાસેથી માહિતી મળી હતી કે, પાકિસ્તાન તરફથી એક બોટમાં ડ્રગ્સનો જંગી જથ્થો ભારતમાં લાવવામાં આવી રહ્યો છે. આ અંગે સંયુક્ત ઓપરેશનનું આયોજન કરીને બંને સંસ્થાઓના કર્મચારીઓએ કાર્યવાહી કરી તેમને પકડી પાડ્યા હતા. બોટને વધુ તપાસ માટે જખૌ ખાતે લઈ જવામાં આવી છે. આ બોટને અરબી સમુદ્ર થઈને ભારત લાવવામાં આવી રહી હતી. જણાવી દઈએ કે, ATS અને આઈસીજીએ છેલ્લા એક વર્ષમાં 6 વખત આવી કાર્યવાહીને અંજામ આપ્યો છે. ગુજરાત ATSના નાયબ પોલીસ અધિક્ષક કે.કે પટેલને બાતમી મળી હતી કે, પાકિસ્તાન સ્થિત મોહમ્મદ કાદર બલોચીસ્તાન વાળો નામનો ડ્રગ્સ માફિયા કરાંચી પાકિસ્તાનનો રહેવાસી ઈબ્રાહીમ હૈદરી બંદરથી અલ-સાકાર નામની બોટ જેનો ટંડેલ અલી મોહમ્મદ છે જે તેમાં હેરોઈન ભરીને ગુજરાતના જખૌ દરિયા કિનારા મારફતે ગુજરાતમાંથી ઉતારી પંજાબ તથા ઉત્તર ભારત મોકલવાનો હતો.

# USમાં કચ્છના 20 વર્ષીય વિદ્યાર્થીની હત્યા, પોલીસે રૂમમેટની ધરપકડ કરી

**વોશિંગ્ટન**

અમેરિકાના ઈન્ડિયાના રાજ્યમાં 20 વર્ષીય કચ્છ મૂળના વિદ્યાર્થીની હત્યા કરવામાં આવી હતી. ઈન્ડિયાના રાજ્યની પરડ્યુ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા 20 વર્ષીય વિદ્યાર્થી વરુણ મનીષ છેડાની હોસ્ટેલમાં હત્યા કરવામાં આવી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેના કોરિયન રૂમમેટને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. હત્યાનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. પોલીસે બુધવારે જણાવ્યું હતું કે, વરુણ મનીષ છેડા કમ્પાઉન્ડની પશ્ચિમ બાજુના મેકકચિયન હોલમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. યુનિવર્સિટીના અન્ય એક વિદ્યાર્થીની હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. NBC ન્યૂઝે સ્કૂલના પોલીસ વડાને ટાંકીને આ માહિતી આપી છે. પરડ્યુ યુનિવર્સિટીના પોલીસ વડા લેસ્લી વિયેટે બુધવારે સવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે કોરિયાના જુનિયર સાયબર સિક્યોરિટી ચીફ અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી જી મીન જિમ્મી શાએ બુધવારે લગભગ 12:45 વાગ્યે 911 પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. જો કે, કોલની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટના મેકકચિયન હોલના પહેલા માળે એક રૂમમાં બની હતી. બુધવારે ઘણા લોકોએ તેની ચીસો સાંભળી હતી. મનીષ છેડા યુનિવર્સિટીમાં ડેટા સાયન્સનો અભ્યાસ કરતો હતો. પ્રાથમિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ, છેડાનું મૃત્યુ ઘણી તીક્ષ્ણ આઘાતજનક ઈજાઓથી થયું હતું.

# પેપરલીક કાંડ : સૌરાષ્ટ્ર યુનિ.માં BBA અને B.comની પરીક્ષાના પેપર ફૂટ્યા

## સમાચારપત્રોની પ્રેસનોટ પેટીમાં કોઇ પરીક્ષાનું પેપર નાખીને જતું રહ્યું

**રાજકોટ**

ગુજરાતમાં ફરી એકવાર પેપરલીક કાંડ બન્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પેપર લીકની ઘટના બની છે. પરીક્ષાનું પેપર લીક સમાચાર વહેતા મંગળવારની પરીક્ષા રદ્દ કરવામાં આવી હતી. બીબીએનું નવું પેપર રાતોરાત બદલી સવારે પાંચ વાગ્યે તમામ કોલેજોને મોકલી અપાયુ હતું. જ્યારે કે, બી. કોમ નું આજનું પેપર રદ્ કરાયું છે. પરીક્ષાના એક દિવસ અગાઉ કેન્દ્રો પર પેપર મોકલવાના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિર્ણયથી હજારો વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેડા થયા છે. ત્યારે પરીક્ષા નિયામક નિલેશ સોનીની ભક્તિનગર પોલીસે રાત્રિના બે વાગ્યા સુધી પૂછપરછ કરી હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તો વિવાદોનું એપી સેન્ટર બનેલી છે. બી.બી.એ સેમેસ્ટર-૫નું ડાયરેક્ટ ટેક્સ અને બી. કોમ સેમેસ્ટર-૫નું ઓડીટીંગ કોર્પોરેટ ગવર્નન્સ-૧ નામના વિષયનું પેપર લીક થયાના સમાચાર વહેતા થયા હતા. પેપર લીક થતા સમગ્ર યુનિવર્સિટીમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ખાનગી સમાચારપત્રોની પ્રેસનોટ પેટીમાં કોઈ પરીક્ષાનું પેપર નાખીને જતું રહ્યું હતું. પોલીસને પ્રેસનોટ પેટીમાંથી પરીક્ષાનું પેપર પણ મળી આવ્યું હતું.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) — 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2, Chandni Chowk Plaza, ATN Wireless Board Door, Open Last Unit Ours. Phone 647-761-1317, 647-657-9631. ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM. : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough — 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317, 647-657-9631, 905-673-9631. ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM, FRIDAY WEEKLY OFF, : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga WE MOVED TO — 6800 REXWOOD ROAD, UNIT - D : Phone : 905-673-9631, 647-761-1317, 647-657-9631. ------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM. -----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM. ----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM
NEW LOCATION OPENED FROM 1ST OCT 2022
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
STARTING IN OCT - ONLY FOR 4DAYS A WEEK THU & FRI - 2PM TO 9PM AND WEEKENDS - 11AM TO 7PM
NOV - MON CLOSED AND TUE - FRI 2PM TO 9PM WEEKENDS - 11AM TO 7PM
CONTACT - 6477611317 / 6476579631
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.



## પંતની પાછળ પાછળ ઉર્વશી ઓસ્ટ્રેલિયા પહોંચી ગઈ

મુંબઈ: ઉર્વશી રાઉતેલા અને ક્રિકેટર ઋષભ પંત વચ્ચે ડેટિંગ અને બ્રેકઅપની વાતો લાંબા સમયથી ચર્ચાયા કરે છે. બંને વચ્ચે સોશિયલ મીડિયા પર કોમેન્ટ વોર પણ થઈ ચુકી છે. જોકે, ઉર્વશી અવારનવાર ઋષભ માટે પોતાની લાગણી પણ હજુ જાહેર કરે છે. હાલ ભારતીય ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયામાં છે તો ઉર્વશી પણ પાછળ પાછળ ઓસ્ટ્રેલિયા પહોંચી ગઈ છે. ઉર્વશીએ સોશિયલ મીડિયા પર પોતે ઓસ્ટ્રેલિયા હોવાના ફોટા શેર કર્યા હતા. સાથે સાથે ઉર્વશીએ એમ પણ કહ્યું હતું કે પોતે પોતાનાં દિલને અનુસરીને અહીં પહોંચી આવી છે.




## ‘થેંક ગોડ’ ફિલ્મનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો




નવી દિલ્હી: ફિલ્મ ‘થેંક ગોડ’નો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. શ્રી ચિત્રગુપ્તા વેલફેર ટ્રસ્ટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે જેમાં અજય દેવગન, સિદ્ધાર્થ મલ્હોત્રા અને રકુલપ્રીત સ્ટાર ફિલ્મ ‘થેંક ગોડ’ની રિલીઝ પર રોક લગાવવા માટે માંગ કરી છે. અરજીમાં ફિલ્મ ‘થેંક ગોડ’ સિનેમાઘરો, ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરવા પર પ્રતિબંધની માંગ કરવામાં આવી હતી. શ્રી ચિત્રગુપ્ત વેલફેર ટ્રસ્ટની આ અરજીમાં અભિનેતા અજય દેવગન, CBFC, નિર્દેશક ઈન્દ્ર કુમાર, નિર્માતા ભૂષણ કુમારને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.

# નોરા ફતેહી ફીફા વર્લ્ડ કપમાં પરફોર્મન્સ આપશે



મુંબઈ : બોલીવૂડની ફિલ્મોમાં આઈટમ સોંગ્સની ડાન્સર તરીકે જાણીતી નોરા ફતેહીને ફીફા વર્લ્ડ કપમાં પરફોર્મ કરવાની તક મળી છે. આગામી ડિસેમ્બરમાં યોજાનારા ફીફાના સમારંભમાં તે લાઈવ પરફોર્મન્સ આપવાની છે. તે પહેલાં તેનો ફીફા એન્થમનો મ્યુઝિક વીડિયો પણ રિલીઝ થશે.

ફીફામાં અગાઉ જેનિફર લોપેઝ અને શાકિરા પરફોર્મ કરી ચૂક્યાં છે. જોકે ભારતમાં કોઈ પરફોર્મરને હજુ સુધી તેમાં પરફોર્મ કરવાની તક મળી નથી. નોરા મૂળ મોરોક્કોની છે પરંતુ તે કેનેડાનું નાગરિકત્વ ધરાવે છે. તેની માતાની ત્રીજી પેઢીનો સંબંધ ભારત સાથે છે. જોકે, તેનું કાર્યક્ષેત્ર ભારત જ છે અને સંખ્યાબંધ બોલીવૂડ ફિલ્મોમાં તે આઈટમ સોન્ગ પરફોર્મ કરી ચુકી છે.

આ વખતના ફીફા એન્થમના મ્યુઝિક વીડિયોમાં નોરાને ગાવાનો તથા પરફોર્મ કરવાનો ચાન્સ મળશે. આ ઉપરાંત આગામી ડિસેમ્બરમાં તેનું લાઈવ પરફોર્મન્સ પણ યોજાવાનું છે. ફીફાના સમાપન સમારંભમાં તે પરફોર્મ કરે તેવી સંભાવના છે અને એક અટકળ એવી પણ છે કે તે કદાચ કોઈ હિંદી ગીત પણ રજૂ કરી શકે છે.



## પ્રિયંકા ચોપરાનું ઈરાનની મહિલાઓના હિજાબ વિરોધી આંદોલનને સમર્થન

મુંબઈ : અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ ઈરાનમાં મહિલાઓનાં હિજાબ વિરોધી આંદોલનને ટેકો આપ્યો છે અને અન્યોને પણ આ આંદોલનને સમર્થન આપવા અપીલ કરી છે. પ્રિયંકાએ સોશિયલ મીડિયા પર એક સુદીર્ઘ પોસ્ટમાં લખ્યું છે કે જબરદસ્તીથી લાદી દેવાયેલાં મૌન બાદ જે ચિત્કાર નીકળે છે તે જવાળામુખીની જેમ ફાટે છે. તેને દબાવી શકાય નહીં. પ્રિયંકાએ ઈરાની મહિલાઓનાં સાહસની પ્રશંસા કરતાં કહ્યું છે કે હું તમારાં સાહસથી પ્રભાવિત છું કારણ કે પિતૃસત્તાક વ્યવસ્થા સામે પડકાર ફેંકવો અને પોતાના અધિકારો માટે લડત આપવી અને તે પણ પોતાની જાન જોખમમાં મુકવાનું ક્યારેય સરળ હોતું નથી. હું તમારી સાથે છું અને બાકીના સૌને પણ સાથે આવવા અપીલ કરું છું.

ઈરાનમાં મહસા અમીની નામની મહિલાની યોગ્ય રીતે હિજાબ નહીં પહેરવા બદલ ધરપકડ થઈ હતી. તે પછી આ પગલાંના વિરોધમાં મહિલાઓ રસ્તાઓ પર ઉતરી છે. તેઓ રસ્તા પર પોતાના વાળ કાપી રહી છે અને હિજાબ ફાડી રહી છે. આ વિરોધ પ્રદર્શનોએ સમગ્ર દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે.

## આલિયાની ડિલિવરી સમયે રણબીર કપૂર પણ પેટર્નિટી લીવ લેશે



મુંબઈ: અભિનેતા રણબીર કપૂરે પત્ની આલિયા ભટ્ટની ડિલિવરી સમયે પેટર્નિટી લીવ લેવાનું નક્કી કર્યું છે. તે થોડા સમય માટે ફિલ્મ શૂટિંગ સહિતનાં કામોમાંથી બ્રેક લેશે. માહિતગાર સૂત્રોના જણાવ્યા અનુસાર રણબીર ઈચ્છે છે કે આલિયાની ડિલિવરી ડેટ નજીક આવે ત્યારે પોતે વધારેમાં વધારે સમય તેની સાથે હોય. આ ઉપરાંત રણબીર એમ પણ ઈચ્છે છે કે ડિલિવરી પછી આલિયા ઝપાટાભેર કામ પર પાછી ફરી શકે. આ માટે રણબીર પોતે નવજાત બાળકને સંભાળવા માટે પૂરતો સમય ફાળવશે. ઉલ્લેખનીય છે કે આલિયાની ડિલિવરી ડેટ ડિસેમ્બર માસમાં હોવાનું મનાય છે. રણબીરે તેના ‘એનિમલ’ ફિલ્મ સહિતના પ્રોજેક્ટસ ઝપાટાભારે આટોપવા માંડયા છે. બીજ ીતરફ કરણ જોહરની ફિલ્મ ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની’નું શૂટિંગ આલિયા માટે જ અટકાવાયું છે અને આલિયા પાછી ફરે તે પછી તેનું શૂટિંગ આગળ વધારાશે.

## મિસ યુનિવર્સ સુષ્મિતા સેન પહેલી વાર દેખાશે કિન્નરના રોલમાં



બોલીવુડની એક્ટ્રેસ સુષ્મિતા સેન હોટસ્ટારની વેબ સિરીઝ “આર્યા” માં પોતાનું દમદાર પરર્ફોમન્સ બાદ ફરી એકવાર સુષ્મિતા સેન હવે એક નવી વેબ સીરિઝમાં જોવા મળશે. તમને જણાવી દઈએ કે, હવે આવનારી વેબ સીરિઝ માટેનો તેનો પહેલો લૂક જાહેર કરી દીધો છે. અભિનેત્રી સુષ્મિતા સેનનો આ લૂક જોઈને સ્પષ્ટ દેખસી રહ્યું છે કે તે ટ્રાન્સજેન્ડરનો રોલ કરશે. આવું પહેલી વાર બનશે કે જ્યારે મિસ યુનિવર્સ કોઈ ટ્રાન્સજેન્ડરનો રોલ પ્લે કરતી જોવા મળશે. સુષ્મિતા સેનનો આ અવતાર જોઈને દરેક આ વેબ સિરીઝ વિશે જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે. તો જાણો કે ક્યાં ફેમસ ટ્રાન્સજેન્ડરની જિંદગીને સુષ્મિતા સેન ઓટીટી પ્લેટફોર્મ પર લાવવા જઈ રહી છે. મળતી માહિતી મુજબ , સુષ્મિતા સેન આવનારી અપકમિંગ વેબ સિરીઝમાં જાણીતી ટ્રાન્સજેન્ડર ગૌરી સાવંતનો અભિનય કરવાની છે. આ વેબ સિરીઝ દ્વારા એક્ટિવિસ્ટ ગૌરી સાવંતના જીવનને દુનિયાની સામે લાવવા જઈ રહી છે. ગૌરી સાવંતે ખાલી ટ્રાન્સજેન્ડરના સમુદાયની સામે અવાજ ઉઠાવ્યો પણ સમાજમાં તેમને ઈજ્જત અને સન્માન મળે તે માટે ઘ ણું કામ કર્યું.










સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news

Rameshbhai Vyas
Director & Publisher
SWADESH



Paresh Peshva
Marketing Director
SWADESH


## 1983નો ક્રિકેટ વર્લ્ડકપ જીતવામાં મહત્વનું યોગદાન આપનારા બિન્નીને મળશે BCCIનું પ્રમુખપદ

# BCCI : આખા માળખામાં ભાજપીઓનો દબદબો

પ્રાસંગિક
ધવલ શુક્લ

ભારતમાં ક્રિકેટની રમતના સંચાલનની જવાબદારી વર્ષોથી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) સંભાળે છે. આ સંગઠનમાં પ્રમુખપદ અત્યંત મહત્વનું છે. ભારતમાં આમ તો આ સંગઠન બિનરાજકીય ધોરણે ચાલતુ હતુ. પરંતુ મોદી સરકારના આગમન બાદ દરેક ક્ષેત્રમાં જેમ સ્થિતિ બદલાઈ છે તેમ આ સંગઠનમાં પણ પરિવર્તન આવ્યું છે.

છેલ્લાં કેટલાક સમયથી બીસીસીઆઈમાં પ્રમુખપદે કોણ આવશે તેની અટકળો ચાલતી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના પુત્ર જય શાહ અત્યારે બીસીસીઆઈના સેક્રેટરી છે. જ્યારે સૌરવ ગાંગુલી પ્રમુખ હતા. ભારતના ક્રિકેટ જગતમાં સફળ ખેલાડી તરીકે ખ્યાતિ મેળવનારા ગાંગુલી ઘણાં સમયથી પ્રમુખ પદે હતા, જેમની નિવૃત્તિનો સમય નજીક જ છે.

ગાંગુલી ૩ વર્ષથી બીસીસીઆઈના અધ્યક્ષ છે અને ૧૮ ઑક્ટોબરે બોર્ડની વાર્ષિક સામાન્યસભા (એજીએમ) મળે એ પહેલાં નિવૃત્ત થઈ જશે. ગાંગુલી નિવૃત્ત થાય ત્યારે જય શાહને જ બીસીસીઆઈ પ્રમુખ બનાવાય તેવી અટકળો ચાલતી હતી. જો કે, જય શાહને ક્રિકેટ સાથે કંઈ લેવાદેવા નથી. એકમાત્ર અમિત શાહના પુત્ર હોવુ તે તેની લાયકાત છે. બીસીસીઆઈના સેક્રેટરી બનવા પાછળ પિતાની વગ જ જવાબદાર હોવાનું જગજાહેર છે. એટલે જય શાહ બીસીસીઆઈના પ્રમુખ પણ બની જશે એવું મનાતું હતું. પણ એ અટકળ ખોટી પડી છે.

બીસીસીઆઈના પ્રમુખપદે જય શાહ નહીં, પણ ભારતની ૧૯૮૩ની વર્લ્ડ કપ વિજેતા ટીમના હીરો રોજર બિન્નીને આ સંગઠનનું સુકાન સોંપાય તેવી શકયતા પ્રબળ છે. ૧૮ ઑક્ટોબરે બોર્ડની વાર્ષિક સામાન્યસભામાં ૬૭ વર્ષના બિન્ની સૌરવ ગાંગુલીની જગ્યાએ ભારતીય ક્રિકેટ બોર્ડના પ્રમુખ બને તેવા ચોખટા ગોઠવાઈ ગયા છે.

જય શાહને પ્રમુખુદે બેસાડાશે કે નહીં એ મુદ્દે અઠવાડિયાથી ખેંચતાણ ચાલતી હતી. અઠવાડિયાની ખેંચતાણ પછી બિન્નીને બોર્ડના ૩૬મા પ્રમુખ બનાવવાનું નક્કી થયુ, ઉપરાંત જય શાહને સતત બીજા કાર્યકાળ માટે બીસીઆઈના સચિવ બનાવવાનો પણ નિર્ણય લેવાયો હોવાનું કહેવાય છે. સૌરવ ગાંગુલી બીસીસીઆઈ પ્રમુખ તરીકે ચાલુ રહેવા માંગતા હતા. પણ તેમને ફરી બોર્ડના પ્રમુખ બનાવવા સત્તાધિશો તૈયાર નહોતા. તેના બદલે સૌરવને આઈપીએલના ચૅરમૅનપદની ઓફર કરવામાં આવી હતી. પરંતુ સૌરવે આ ઓફરને નકારી કાઢી છે. સૌરવની તેમની દલીલ હતી કે, બીસીસીઆઈના પ્રમુખ બન્યા પછી તેની પેટા સમિતિના પ્રમુખ બનવાનું તેમના ગૌરવને અનુરૂપ નથી. સૌરવે આ પદ સ્વીકારવા ઈન્કાર કરતા જ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરના ભાઈ અરુણ ધૂમલ ફાવી ગયા છે. અરુણ ધૂમલને બ્રજેશ પટેલની જગ્યાએ આઈપીએલના ચૅરમૅન બનાવાયા છે. બિન્નીને રાજકારણ સાથે લેવાદેવા નથી, પણ એ સિવાયના બોર્ડના બાકીના તમામ ટોચના હોદ્દેદારો ભાજપમાંથી છે. તેથી હવે બોર્ડનું સંપૂર્ણ ભાજપીકરણ થઈ ગયું છે.



બીસીસીઆઈ હોદ્દેદારોમાં એકમાત્ર કૉંગ્રેસી બોર્ડના ઉપપ્રમુખ નેતા રાજીવ શુક્લા છે પણ એ સિવાય બાકીના બધા ભાજપના નેતા છે. મહારાષ્ટ્ર ભાજપના ધારાસભ્ય આશિષ શેલાર બોર્ડના નવા ખજાનચી બનશે. જ્યારે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના અંગત અને અત્યંત નજીકના ગણાતા દેવજિત સૈકિયા જોઈન્ટ સેક્રેટરી બનશે. રોજર બિન્ની પસંદગી મહત્ત્વની છે. કેમ કે સૌરવ પછી બિન્ની પણ ક્રિકેટ સાથે સંકળાયેલા ખેલાડી છે. રોજર બિન્નીએ આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં આંકડાકીય રીતે બહુ મહાન સિદ્ધિઓ નથી મેળવી, આમ છતાં ભારતના મહાનતન ક્રિકેટરોમાં તેને સ્થાન મળે છે, કેમ કે બિન્નીએ ૧૯૮૩ના વર્લ્ડ કપમાં ભારતને ચેમ્પિયન બનાવવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ભારતે ૧૯૮૩નો વર્લ્ડકપ ટીમ સ્પિરિટના જોરે જીત્યો હતો. આ વર્લ્ડકપ વિજયના ટોપ ફાઈવ પરફોર્મર્સ યશપાલ શર્મા, મોહિન્દર અમરનાથ, રોજર બિન્ની, મદનલાલ અને કપિલદેવ હતા.

મીડિયમ પેસ બોલર બિન્નીએ આઠ મેચોમાં ૧૮ વિકેટ લીધી હતી. વર્લ્ડ કપમાં બિન્ની સૌથી વધારે વિકેટો લેનારા બોલર હતા. બિન્નીએ બે વર્ષ પછી ૧૯૮૫માં ઑસ્ટ્રેલિયામાં રમાયેલા મિનિ વર્લ્ડકપમાં એવો જ જોરદાર દેખાવ કર્યો. તે સમયે તેણે ૧૭ વિકેટો ઝડપી ભારતને ફરી ચેમ્પિયન બનાવ્યું હતું. ભારતને સળંગ બે મોટી ટુર્નામેન્ટ જીતાડનારા બિન્નીને મહાન ક્રિકેટર માનવા જ પડે. ભારતના ૧૯૮૩ના ક્રિકેટ વર્લ્ડકપ વિજયની મહાગાથામાં ટીમના ઘણા બધા હીરોએ ભૂમિકા ભજવી હતી. આ વિજયમાં બિન્નીનું મહત્વનું યોગદાન હતું. કેમ કે બિન્નીએ લગભગ દરેક મેચમાં જોરદાર દેખાવ કર્યો હતો.

ભારતના વર્લ્ડકપ વિજયના અભિયાનની શાનદાર શરૂઆત અજેય મનાતી વેસ્ટ ઈન્ડિઝ સામેની જીતથી થઈ હતી. ક્લાઈવ લોઈડની વેસ્ટ ઈન્ડિયન ટીમને કપિલદેવની ટીમે ૩૪ રને પછડાટ ખવડાવી સૌને ચોંકાવી દીધા હતા. ભારતે પહેલી બેટિંગ કરતાં ૬૦ ઓવરમાં ૮ વિકેટે ૨૬૨ રન કર્યા હતા. ભારતની ૭૬ રનમાં ૩ વિકેટ હતી તેથી ભારત ૧૫૦ રન કરશે કે કેમ તેમાં શંકા હતી. આવા સમયે યશપાલ શર્માએ મોરચો સંભાળ્યો. સંદીપ પાટિલે ૩૬ રન, બિન્નીએ ૨૭ અને મદનલાલે ૨૧ રન કરીને શર્માને બરાબર સાથ આપ્યો હતો. એ પછી રોજર બિન્ની અને રવિ શાસ્ત્રીએ ૩-૩ વિકેટ લઈને જોરદાર બોલિંગ કરતાં વેસ્ટ ઈન્ડિઝનું ૨૨૮ રનમાં પડીકું થઈ ગયું હતું.

આ જીત સાથે ભારતે ઈતિહાસ રચી દીધો હતો. ભારતે બીજી મેચમાં સરળતાથી જીત મેળવી હતી. ભારતની વર્લ્ડકપની બીજી મેચમાં ઝિમ્બાબ્વે ૧૫૫ રનમાં સંકેલાઈ ગયુ હતુ. મદનલાલે ૩, બિન્નીએ ૨ વિકેટ લીધેલી. ત્રીજી મેચમાં ઑસ્ટ્રેલિયા સામે ભારતે પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો હતો. બીજા રાઉન્ડની પહેલી મેચમાં વેસ્ટ ઈન્ડિઝે આપણને ૬૬ રને હરાવીને હારનો બદલો લેતાં આપણે ફેંકાઈ જઈશું એવું લાગતું હતું. ભારત સેમી ફાઈનલમાં પહોંચશે એવી કોઈને આશા નહોતી. ભારતની પછીની મેચ ઝિમ્બાબ્વે સામે હતી. કપિલદેવે ૧૩૮ બોલમાં ૧૬ ચોગ્ગા ને ૬ છગ્ગા વડે ૧૭૫ રન ખડકી દીધેલા. આ સમયે પણ કપિલદેવને સાથ આપવામાં બિન્ની, મદનલાલ અને સૈયદ કિરમાણી હતા. બોલિંગમાં બિન્નીએ કાળો કેર વર્તાવીને ૪ વિકેટ લીધી હતી. ઓસ્ટ્રેલિયા સામેની છેલ્લી મેચમાં ભારત ૨૪૭ રનમાં ઓલઆઉટ થયું હતું. ઑસ્ટ્રેલિયા માટે આ સ્કોર મોટો નહોતો પણ રોજર બિન્નીએ ૪ વિકેટ ઝડપીને ભારતને વટભેર સેમી ફાઈનલમાં પ્રવેશ કરાવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતુ.

જે બાદ સેમીફાઈનલમાં ભારતની ટક્કર ઈંગ્લેન્ડ સામે હતી તેમાં બિન્નીએ ૨ વિકેટ લીધી હતી. ફાઈનલમાં ભારતીય ટીમ વેસ્ટ ઈન્ડિયન ફાસ્ટ બોલરો સામે માત્ર ૧૮૩ રનમાં ખખડી ગઈ પછી મદનલાલ, બલવિંદર સંધુ અને બિન્નીએ ટોપ ઓર્ડરને સસ્તમાં આઉટ કરીને જીતનો પાયો નાંખ્યો હતો. છેલ્લે મોહિન્દર ૩ વિકેટ લઈને વિન્ડીઝને હરાવી દીધેલું. બિન્ની પસંદગીકાર હતા ત્યારે તેમનો પુત્ર સ્ટુઅર્ટ ભારતીય ટીમમાં પસંદગીનો દાવેદાર હતો. આમ છતાં તેમણે પોતે કોઈ ભલામણ કરી નહી, એટલું જ નહીં કોઈ આક્ષેપ કે વિવાદ ન થાય એટલે બિન્નીએ પસંદગી સમિતિને છોડી દીધી હતી.

### પ્રમુખ તરીકે ચાલુ રહેવાની ગાંગુલીની માંગણી સામે બોર્ડના સત્તાધીશોએ IPLના ચેરમેનની ઓફર કરી, પરંતુ ગાંગુલીનું કહેવું છે કે, પેટા સમિતિનું પ્રમુખપદ ગૌરવને અનુરૂપ નથી


MEGH
FRESH & HEALTHY
FRESH INDIAN DELICACIES TO MAKE YOUR FESTIVALS DELIGHTFUL
PEANUT CRUSH GAJAK
PEANUT CHIKKI GAJAK
GUR REVDI SIKKA
GUR REVDI BOLD
DALIYA CHIKKI
TIL CHIKKI
GUJARATI SPECIAL
FAFDA
PAPDI
MASALA PAPDI
KELA WAFER ROUND
KELA WAFER MARI
KELA WAFER KHARKHADIA
TOMATO KELA WAFER
KELA WAFER MASALA
CHEESE CHILLI MAKHANA
SALT AND PAPER MAKHANA
PERI PERI MAKHANA
INDIAN MASALA MAKHANA
KESAR MANGO PULP
DISTRIBUTED BY: MEGH FOODS CANADA
BRAMPTON ON L6V 4R3, 289 946 1976 / 289 946 1936
EMAIL MEGHFOODSCANADA@GMAIL.COM

# રમા એકાદશીનું મહત્વ અને તેની વ્રતકથા

કારતક મહિનાના કૃષ્ણપક્ષની અગિયાસને રમા એકાદશીના નામે ઓળખાય છે. આ દિવસે વ્રત કરી ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરવામાં આવે છે. આ વખતે આ એકાદશી 21 ઓક્ટોબરના રોજ છે. માન્યતા મુજબ આ વ્રતના પ્રભાવથી બધા પાપ નષ્ટ થઈ જાય છે. અહી સુધી કે બ્રહ્મહત્યા જેવા મહાપાપ પણ દૂર થઈ જાય છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ માટે આ વ્રત સુખ અને સૌભાગ્યપ્રદ માનવામાં આવ્યુ છે.

રમા એકાદશી વ્રતકથા - પ્રાચીનકાળમાં મુચુકુંદ નામનો પ્રસિદ્ધ રાજા હતો. તેની દેવતાઓ સાથે પાક્કી મિત્રતા હતી. તે સત્યવાદી, વિષ્ણુભક્ત અને ભજન કરનારો હતો. મોટી કુશળતાથી રાજ્યનુ સંચાલન કરતો હતો. એકવાર તેની ઘરે કન્યાનો જન્મ થયો. ત્યાની શ્રેષ્ઠ નદી ચન્દ્રભાગાના નામ પર એ કન્યાનુ નામ ‘ચંન્દ્રભાગા’ રાખવામાં આવ્યુ.

મહરાજ ચન્દ્રસેનના પુત્ર શોભન સાથે તેનો વિવાહ થયો. એક દિવસ શોભન પોતાના સસરા મુચુકુંદજીના ઘરે આવ્યો. સંયોગથી એ દિવસે અગિયારસ હતી. ચન્દ્રભાગાએ વિચાર્યુ કે મારા પતિ નબળા છે તે ભૂખ સહન કરી શકતા નથી. હવે શુ થશે ? કારણ કે અહી મારા પિતાજીના શાસનના નિયમ-કાયદા પણ કઠોર છે. દસમીના દિવસે નગારુ વગાડીને એકાદશે વ્રતની સૂચના આપવામાં આવે છે કે અગિયારસના દિવસે કોઈએ પણ અન્ન-ભોજન ખાવાનુ નથી. બધાને અનિવાર્ય રૂપે એકાદશી વ્રત કરવુ પડશે.

ઢંઢેરો સાભંળીને શોભને પોતાની પત્નીને કહ્યુ, ‘પ્રિયે હવે આપણે શુ કરવુ જોઈએ? હવે આપણે એવો કોઈ ઉપાય કરવો જોઈએ જેનાથી મારા પ્રાણની રક્ષા થઈ જાય અને રાજાની આજ્ઞાનુ પાલન પણ થઈ જાય.’

ચન્દ્રભાગાએ કહ્યુ, “પતિ દેવ આજે મારા પિતાજીના પરિવારમાં આખા રાજ્યના લોકો જ નહી હાથી, ઘોડા, ગાય વગેરે પશુ પણ અન્નનુ ભોજન નહી કરે. હે મારા સ્વામી આવી અવસ્થામાં તમે કેવી રીતે ભોજન કરશો ? તેથી જો ભોજન કરવુ છે તો તમે ઘરે જઈને જ કરી શકો છો. તમે જ બતાવો કે હવે શુ કરવામાં આવે. ? “

શોભને કહ્યુ, “પ્રિયે તમે ઠીક કહ્યુ છે પણ મારે ઈચ્છા છે કે હુ પણ વ્રત કરુ. હવે તો ભાગ્ય પર છોડી દો જે થશે તે જોઈ લેવાશે.” શોભને પણ ઉપવાસ કર્યો પરંતુ ભૂખ-તરસને લીધે તેનું મૃત્યુ થયું. આથી ચંદ્રભાગા સતી થવા તૈયાર થઇ પરંતુ પિતાએ તેમ કરવા ના કહી. આ વ્રતના પ્રભાવથી શોભન મંદરાચળ પર્વત પર દેવનગરીમાં રહેવા લાગ્યો. તેનો વૈભવ ઈન્દ્રના જેવો જ હતો. દેવાંગનાઓ તેની સેવામાં તત્પર રહેતી. મુનિવર્યની સલાહથી ચંદ્રભાગાએ આ એકાદશીનું વ્રત પ્રેમપૂર્વક કર્યું હતું અને વ્રતના પ્રભાવથી તેને દૈવી સુખ પ્રાપ્ત થયું હતું અને દિવ્ય દેહે શોભનનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું હતું.



## રમા એકાદશી કામધેનુ અને ચિંતામણી સમાન ફળ આપે છે વ્રત કરનારના તમામ પાપ નાશ પામે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે

કહેવાનું તાત્પર્ય એ છે કે, રમા એકાદશીની કથા ચિંતામંઈ તુલ્ય છે. જે લોકો આ કથાનું શ્રવણ-પઠન કરે છે તે સર્વ પાપોથી મુક્ત થઈ વૈકુંઠને પામે છે. આ ઉત્તમ વ્રતની ફલશ્રુતિ ઘણી મોટી છે. “જેવી ભાવના એવી સિદ્ધિ”

રમા એટલે સ્ત્રી, એટલે કે પોતાની પત્નીના કહેવાથી આસો વદ એકાદશી મુચુકુંદ રાજાએ વિધિપૂર્વક કરી હતી. અને આ રાજા તથા રાણી બંને આ લોકમાં સર્વ પ્રકારનાં સુખ ભોગવી વિષ્ણુલોકમાં રમમાણ કરવા ગયાં હતાં, એટલે આ એકાદશીનું નામ રમા એકાદશી પડ્યું. આ કથા મહાપાપનાશક કહેવાય છે, કામધેનુ તુલ્ય આ રમા એકાદશીનો મહિમા પાવનકારી છે, હિતકારી અને પ્રીતકારી છે. વ્રત અતિ સરળ છે, વિધિમાં માત્ર ઉપવાસને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ વ્રત આબાલવૃદ્ધ સર્વ કરી શકે છે. એકાદશી વ્રત એ મોક્ષમાર્ગનું સોપાન છે.

### રમા એકાદશીનુ મહત્વ

રમા એકાદશી વ્રત કામધેનુ અને ચિંતામણિના સમાન ફળ આપે છે. આને કરવાથી વ્રતી પોતાના બધા પાપોનો નાશ કરતા ભગવાન વિષ્ણુના ધામને પ્રાપ્ત કરે છે. મૃત્યુ પછી તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## રમા એકાદશી- વ્રતના લાભ મેળવવાના ઉપાય

હિન્દુ ધર્મમાં એકાદશીનુ વિશેષ મહત્વ રહેલુ છે. કારતક મહીનામાં કૃષ્ણ પક્ષની એકાદશીને રમા એકાદશી કહેવામાં આવે છે. આ એકાદશી દિવાળીનાં ચાર દિવસ અગાઉ આવે છે. આ એકાદશીનુ મહત્વ અન્ય એકાદશી કરતા વિશેષ હોય છે કારણ કે ચર્તુમાસની અંતિમ એકાદશી હોય છે. જો આ એકાદશીથી લાભ મેળવવો હોય તો દિવસ દરમિયાન આ કામ જરૂર કરવા પડે છે.

રમા એકાદશીને ભગવાન વિષ્ણુની પ્રિય એકાદશી માનવામાં આવે છે. તેથી કોઈ વ્યકિત આ એકાદશીનુ વ્રત રાખે છે. તેને દિવસ દરમિયાન પૂજા કરતી વખતે ભગવાન વિષ્ણુને તુલસીનુ પાન જરૂરથી અર્પણ કરવાના રહે છે. આ ઉપરાંત ભગવાન વિષ્ણુની સાથે લક્ષ્મી દેવીનુ પણ પૂજન કરવુ પડે છે, ત્યારબાદ બીજા દિવસે બ્રાહ્મણને ભોજન કરાવવું પડે છે.

આ ઉપરાંત એકાદશીના વ્રતમાં ચોખા ખાવાની સખ્ત મનાઈ હોય છે. તેથી જ્યારે પણ એકાદશી હોય ત્યારે ચોખાનુ ભોજન ન કરવુ જોઈએ. આ દિવસે ચોખા ખાવાથી એકાદશીના વ્રતથી કરેલા પુણ્યનો નાશ થાય છે.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...
Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels: LIST & SELL with confidence
Major Achievements: Among TOP 75 PRODUCERS IN CANADA AWARD & CENTURION PRODUCER AWARDS 2017-2021

COMING UP FOR SALE IN AUG/SEPT 2022
- Motel near Hamilton Under $4M
- Franchise Hotel 3 Hrs E of GTA Under $7M
- Franchise Hotel 1.5 Hrs E of GTA- Under $6.5M
- Motel near Windsor Under $6M

URGENT: MOTEL LISTINGS REQUIRED
Preferably Motels around $3 Million price range & within 4 hours from GTA for some serious and qualified buyers.

12 TO 45 ROOM MOTEL IN NORTHERN ONTARIO
Asking Price: $900,000 To $5,000,000
(40% to 50% down payment require)

MOTEL OPERATOR / WORKING PARTNER REQUIRED
Good Salary + Partnership (20% to 50%)
Minimum $200,000 investment required

RECENTLY SOLD MOTELS NEAR.....
Sault Ste. Marie, Blind River, Welland, London, Sarnia, North Nay, Cochrane, Pembroke, Ottawa, Thunder Bay

JOB AVAILABLE: FOR MOTELS IN NORTHERN ONTARIO
- Housekeeper/Cleaner For room cleaning and general work, accommodation available for the couple / small family
- Motel Operator To run the motel professionally. Front desk + housekeeping work- Good salary &free accommodation.
- Working Partner To invest min $200K, stay & operate/manage the motel Partnership % + Salary + accommodation.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100


MEGH®
FRESH & HEALTHY
WARM WAY TO WELCOME FESTIVITIES
Faluda Range
Basmati Mamra
Rosted Chana
Thick Poha
Mango pulp & Papad
Kesar Mango Pulp
AAM PAPAD
Farali Sabudana Papad & Chakli
Sabudana
Moraiyo
Red Kidney Beans
Moong
Desi Chana
Chick Peas
Masoor Dal
White Chowli
Rajgaro
Whole Wheat Flour
Krishna Kamod Rice
Sooji Flour
Maida
Singhoda
Ragi Flour
Besan
Corn Flour
Distributed by: Megh Foods Canada Brampton ON L6V 4R3, 289 946 1976 / 289 946 1936
Email meghfoodscanada@gmail.com

# વાઘ બારસ દક્ષિણ ભારતમાં ગાયની પૂજાનું મહત્ત્વ

આ દિવસ દીપાવલીના એક દિવસ પહેલા ઉજવવામાં આવે છે, અને તેનું મહત્વ ગાયોની પૂજા સાથે જોડાયેલું છે. પાંચ દિવસીય તહેવાર દુષ્ટ રાવણને હરાવીને ભગવાન રામના અયોધ્યા પરત ફરવાના પ્રસંગની યાદમાં ઉજવવામાં આવે છે. આપણામાંના દરેકને આ તહેવાર સાથે બાળપણની યાદો જોડાયેલી છે. નાનપણમાં આપણને યાદ હશે કે આપણા ઘરની બહાર રંગોળી બનાવતા અને સાંજે દીવો પ્રગટાવતા હતા. પરંપરા હજુ પણ ચાલુ છે અને ક્યારેય સમાપ્ત થશે નહીં.

એક મુખ્ય હિન્દુ તહેવાર, તે વાસુ બારસની ઉજવણી સાથે શરૂ થાય છે જે પછી ધનતેરસ, નરક ચતુર્દશી, લક્ષ્મી પૂજન, પડવા અથવા બલિપ્રતિપદા અને છેલ્લે, ભાઈ દુજ આવે છે. હવે આપણે બધા આ દરેક દિવસ પાછળ જોડાયેલી પરંપરાઓ જાણતા હોઈએ છીએ પરંતુ વાઘબારસ વિશે આપણે ભાગ્યે જ સાંભળીએ છીએ. તો આ દિવાળીએ, ચાલો આપણે આ દિવસ શા માટે ઉજવીએ છીએ અને તેની પાછળની પરંપરા શું છે તે અંગેના જ્ઞાનમાં વધારો કરીએ.

વાઘબારસ, સામાન્ય રીતે દિવાળીની શરૂઆતના એક દિવસ પહેલા આવે છે, મહારાષ્ટ્રીયન કેલેન્ડર મુજબ અશ્વિન કેલેન્ડર મહિનાના કૃષ્ણ પક્ષના બારમા પ્રકાશના દિવસે ઉજવવામાં આવે છે, આ દિવસ ગાય અને વાછરડાના સન્માન માટે માન્ય છે. 'વસુ' એટલે ગાય અને 'બારસ' એટલે બારમો દિવસ, તેથી શબ્દ વાઘબારસ. માત્ર દક્ષિણ ભારતમા દિવાળીની શરૂઆત વાઘબારસથી થાય છે. મહારાષ્ટ્રમાં, વાઘબારસ અથવા ગોવત્સ દ્વાદશી કહેવાય છે, ગુજરાતમાં તેને વાઘ બારસ કહેવાય છે અને દક્ષિણ ભારતમાં લોકો તેને નંદિની વ્રત તરીકે ઉજવે છે. ભારતને હજુ પણ કૃષિ આધારિત અર્થતંત્ર ધરાવતો દેશ માનવામાં આવે છે. દેશનો મોટો હિસ્સો હજુ પણ ખેતીના માધ્યમથી આવક મેળવે છે.

આથી ગ્રામીણ ભારતના ઘણા ભાગોમાં, લોકો તેમની ગાય અને વાછરડાની પૂજા કરીને આ દિવસની ઉજવણી કરે છે, કારણ કે તેમના માટે ગાય તેમની આવકનો મુખ્ય સ્ત્રોત છે. ઘરની મહિલાઓ ગૌ પૂજા અને શ્રી કૃષ્ણ પૂજા કરે છે. તેઓ એવું પણ માને છે કે આ દિવસે દેવી લક્ષ્મી જે ધનની દેવી તરીકે ઓળખાય છે તે ગાયનું રૂપ ધારણ કરે છે, તેથી લોકો દેવી લક્ષ્મીના આશીર્વાદ મેળવવા માટે ગાયની પૂજા કરે છે. ગુજરાતમાં, એવું માનવામાં આવે છે કે 'બાગ' નો અર્થ થાય છે મુક્તિ. વ્યક્તિનું દેવું. આથી, ગુજરાતમાં વેપારી સમુદાય વારંવાર વર્ષના હિસાબના ચોપડા બંધ કરે છે અને દેવી લક્ષ્મીને પ્રાર્થના કરે છે કે તેઓ આવતા વર્ષે દેવાથી સંપૂર્ણપણે મુક્ત થઈ જાય.

### ધાર્મિક વિધિઓ

■ આ દિવસે ગાય અને વાછરડાને પાણીથી સ્નાન કરાવવામાં આવે છે અને પછી તેમને વસ્ત્રો પહેરાવવામાં આવે છે. ■ આ દિવસે ગાય અને વાછરડાને સુંદર માળાઓથી સજાવવામાં આવે છે. ■ ગ્રામીણ વિસ્તારોમાં લોકો ગાય અને વાછરડાની માટીની મૂર્તિઓ બનાવે છે અને માતૃત્વના પ્રતિનિધિત્વ તરીકે શણગારે છે, કારણ કે ઘણી જગ્યાએ ગાય અને વાછરડા તેમની આવકનો મુખ્ય સ્ત્રોત છે ■ આ શુભ દિવસે ગાયની પૂજા કરવાથી પવિત્ર ગંગા નદીમાં સ્નાન કરવા જેવું પુણ્ય મળે છે. ■ પુત્ર પ્રાપ્તિ માટે મહિલાઓએ આ દિવસે વિશેષ પૂજા કરવી જોઈએ.



ગુજરાતમાં વેપારી સમુદાય વારંવાર વર્ષના હિસાબના ચોપડા બંધ કરે છે અને દેવી લક્ષ્મીને પ્રાર્થના કરે છે કે તેઓ આવતા વર્ષે દેવાથી સંપૂર્ણપણે મુક્ત થઈ જાય.

### ગુજરાતમાં થાય છે સરસ્વતી માતાની પૂજા

ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં વાઘબારસ પર્વ મનાવાય છે જેમાં વાણીની દેવી મા સરસ્વતીની પૂજા થાય છે, તો આદિવાસી સમાજના લોકો વાઘનું પૂજન કરતા હોય છે. વાઘબારસ પર્વથી રાત્રે ઘરની બહારના ગોખમાં અને અંદર દિવાઓ પ્રગટાવવાની શરૂઆત થઈ જાય છે. આ સાથે જ પ્રગટેલા દીવડાઓની હારમાળા પ્રગટી ઉઠે છે. વાઘબારસના દિવસથી જ ગુજરાતના વેપારીઓ પોતાના બધા કામ પૂર્ણ કરી દે છે. જૂની લેવડ-દેવડના બધા ચોપડાઓના હિસાબ પતાવી દેવામાં આવે છે, ત્યારબાદના આગળના દિવસોમાં વ્યવસાયિક નાણાકીય વ્યવહારો કરવામાં આવતા નથી. ત્યારબાદ નવા ચોપડાઓ સાથે નવો હિસાબ માંડવામાં આવે છે.

### ગાયની પૂજાનું મહત્વ

વાઘ બારસ અશ્વિન મહિનાના કૃષ્ણ પક્ષના 12માં દિવસે ઉજવવામાં આવે છે અને તેને ગૌવાત્સ દ્વાદશી, નંદિની વ્રત, વાઘ બારસ અને વાલુ બારસના નામથી પણ ઓળખવામાં આવે છે. આ દિવસે ભગવાન કૃષ્ણના ભક્તો ગાયની પૂજા કરે છે અને ગાયને અનાજ અથવા ઘાસ ખવડાવે છે. તેઓ તેમના ઘરે પૂજા કરે છે અને શ્રી કૃષ્ણને યાદ કરે છે. તેમાંના કેટલાક લોકો આ દિવસે વ્રત પણ રાખે છે.

### આ મંત્રનો જાપ કરવો

ઓ નમો ભગવતે વાસુદેવાય

### ધાર્મિક વિધિઓ

■ ઝડપથી સ્નાન કર્યા પછી, ભક્તો ભગવાન વિષ્ણુ અને દેવી લક્ષ્મીની પૂજા કરે છે. ■ ઉપવાસની વિધિ દશમી તિથિથી એટલે કે એકાદશીના એક દિવસ પહેલા શરૂ થાય છે. ■ ઉપવાસ બીજા દિવસે એટલે કે ચંદ્ર મહિનાના બારમા દિવસે સમાપ્ત થાય છે. ■ ભક્તો આખી રાત જાગરણ કરે છે. તે આખી રાત ભજન-કીર્તન કરે છે. ■ ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીને સ્વચ્છ મંચ પર બિરાજમાન કરવામાં આવે છે. ■ ફૂલ, ફળ અને નૈવેદ્ય અર્પણ કરો. ■ આરતી કરવામાં આવે છે. ભોગ અર્પણ કર્યા પછી, પ્રસાદ બધામાં વહેંચવામાં આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુની વિધિવત પૂજા કરવામાં આવે છે. ભગવાન વિષ્ણુની વિધિવત પૂજા કરવાથી તમારી બધી મનોકામનાઓ આપોઆપ પૂર્ણ થઈ જશે.


# મહાલક્ષ્મીજીને રિઝવવાનો અવસર ધનતેરસ

આ ભારતીય સંસ્કૃતિમાં જ ધનની પૂજા થાય છે. હિન્દુ સંસ્કૃતિમાં જ લક્ષ્મીજીની પૂજા થાય છે. દુનિયાનો કોઈ દેશ ધનને દેવી-દેવતા સમજતો નથી. ભારતીય સંસ્કૃતિ હજારો વર્ષ પુરાણી છે. વેદ-પુરાણો, ઉપનિષદોમાં ભવ્ય હિન્દુ સંસ્કૃતિની અનેક પુરાણકથાઓ છે.

ભારતવર્ષમાં લક્ષ્મીજીની પૂજા થાય છે પરંતુ ઘણીવાર અતિ ધન કમાવાની લાલસામાં લોકો લક્ષ્મીજીના પતિ નારાયણ અર્થાત્ ભગવાન વિષ્ણુને ભૂલી જાય છે. કહેવાય છે કે ભગવાનને લક્ષ્મીજી વગર ચાલતું હતું પરંતુ લક્ષ્મીજીને નારાયણ વગર ચાલતું નહોતું. જે ઘરમાં નારાયણ નથી તે ઘરમાં લક્ષ્મીજી રહેતાં નથી. જે ઘરમાં કજિયા છે તે ઘરમાં લક્ષ્મીજી રહેતાં નથી. જે ધનવાનો 'હું બહુ ધનવાન છું.' તેવો ગર્વ કરે છે તે ઘરમાં લક્ષ્મીજી ટકતાં નથી. જેઓ પોતાની જાતને લક્ષ્મીના માલિક સમજે છે તે ઘરમાં લક્ષ્મીજી ટકતાં નથી. લક્ષ્મી નામનો બીજો અર્થ છે સુલક્ષણવાળી સ્ત્રી. જે ઘરમાં સુલક્ષણવાળી સ્ત્રી ન હોય તે ઘરમાં લક્ષ્મીજી ટકતાં નથી. ઘરની પત્ની પણ સાક્ષાતુ લક્ષ્મીની છાયા છે તેથી તેને ગૃહલક્ષ્મી કહેવાય છે. જે ઘરમાં સ્ત્રીનો આદર થતો નથી તે ઘરમાં પણ લક્ષ્મી ટકતાં નથી. જ્યાં નારીનું પૂજન થાય છે ત્યાં દેવતાઓ પણ રમે છે.

અલબત્ત, ધનતેરસ કે દીપાવલીને માત્ર લક્ષ્મીપૂજન તરીકે જ ન સમજતાં લક્ષ્મીના આધ્યાત્મિક અર્થને પણ સમજવો જરૂરી છે. ધનતેરસ સદીઓથી દીપાવલીના બે દિવસ પહેલાં આવતું પર્વ છે. દેશના કેટલાયે વિસ્તારોમાં આ દિવસે લોકો શુકન માટે નવાં વાસણ ખરીદે છે. ધનતેરસનો અર્થ છેઃ ધન્વંતરિ જયંતી'. ભગવાન ધન્વંતરિ માનવ સ્વાસ્થ્ય માટેની ઔષધ વિદ્યા આયુર્વેદના દેવ છે. ધન્વંતરિ જયંતીનો અર્થ છે આયુર્વેદ વિદ્યાનું પૂજન અને આયુર્વેદ વિદ્યાના પૂજનનો અર્થ છે પ્રાકૃતિક ઔષધ, વનસ્પતિ અને પ્રકૃતિની કૂખમાં પેદા થયેલી સમસ્ત પ્રાકૃતિક નિધિઓનું પૂજન. આ પૃથ્વી પર વસતા તમામે તમામ જીવો પર પ્રકૃતિની જે અસીમ કૃપા છે તેની તરફ કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો આ દિવસ છે.

દિવાળીની પૂર્વે આવતી તેરશની તિથિને લોકો લક્ષ્મીપૂજન માટે શુભ આરંભનો દિવસ માને છે. આ સદીઓથી ચાલી આવતી પરંપરા છે. ધનની પૂજાનો અર્થ શું છે? સ્વાસ્થ્યના પણ બે અર્થ છે. એક શારીરિક સ્વાસ્થ્ય અને બીજું માનસિક સ્વાસ્થ્ય, આયુર્વેદમાં માનસિક સ્વાસ્થ્યને આંતરિક સ્વાસ્થ્ય કહેવામાં આવ્યું છે. મહાલક્ષ્મીનું કે મહાકાળીનું પૂજન પણ કરવામાં આવે છે.



લક્ષ્મી નામનો બીજો અર્થ છે સુલક્ષણવાળી સ્ત્રી. જે ઘરમાં સુલક્ષણવાળી સ્ત્રી ન હોય તે ઘરમાં લક્ષ્મીજી ટકતાં નથી. ઘરની પત્ની પણ સાક્ષાતુ લક્ષ્મીની છાયા છે તેથી તેને ગૃહલક્ષ્મી કહેવાય છે.

### પૂજાની વિધિ

તેરસે સાંજના સમયે ઉત્તર દિશામાં કુબેર, ધવંતરિ ભગવાન અને મા લક્ષ્મીની સ્થાપના કરી પુજા કરવી. પૂજા સમયે ઘીનો દીવો પ્રગટાવવો. કુબેરને સફેદ મિઠાઈ અને ભગવાન ધન્વતરિને પીળી મીઠાઈ અર્પણ કરવી. પૂજા કરતી વખતે ॐ હ્રીં શ્રીં ક્રીં શ્રી કુબેરાય અષ્ટલક્ષ્મી મમગૃહે ધન પુરય પુરય નમઃ મંત્રનો જાપ કરવો. ધનવંતરિ સ્ત્રોતનો પાઠ કરવો અને ગણેશ અને મા લક્ષ્મીની પૂજા કરવી. પછી માટીના કોડિયામાં દીવો પ્રગટાવી મા લક્ષ્મી અને ગણેશને ભોગ ચઢાવવો, ફૂલ અર્પણ કરવાં. આજના દિવસે ધવંતરિ દેવની પૂજા ષોડશોપચાર પૂજાના વિધાનથી કરવામાં આવે છે. આ પૂજા સોળ ક્રિયાઓથી સંપન્ન કરવામાં આવે છે. સૌપ્રથમ તો સ્નાન કરી તમારા શરીરને શુદ્ધ કરવું.

### પૂજા કેવી રીતે કરશો

- પુરુષોએ પીળું પીતાંબર પહેરવું અને સ્ત્રીઓએ લાલ સાડી પહેરવી
- શરીરે સુગંધિત પદાર્થ લગાવવો.
- ભગવાન સામે આસન પાથરવું.
- આસન ઉપર પદ્માસન લગાવીને બેસવું,
- તાંબાની તાસકમાં ભગવાનને બેસાડી ગંગાજળમાં અત્તર રેડી સુગંધિત પાણીથી તેમને સ્નાન કરાવવું.
- ભગવાનને આભૂષણોથી સજાવવા અને તે પછી કેસર અને ચંદનથી તિલક કરવું
- ત્યારબાદ તેમને સ્વચ્છ આસન પર બેસાડી ફૂલો ચઢાવવાં, દીવો પ્રગટાવવો અને ગૂગળનો ધૂપ કરવો,
- તે પછી ભગવાનને નૈવેદ્ય અને દૂધ તેમજ પાણીથી આચમન કરાવવું.
- અંતે લક્ષ્મીજી અને ધવંતરિ દેવની આરતી સાથે ભગવાનની આરતી ઉતારવી.
- અંતે આરતી લઈને ચારે દિશામાં ગોળ ફરીને બધાં દેવી-દેવતાને અર્પણ કરવી.


### પીળી વસ્તુ અને ધાણા ખરીદવા

ધનતેરસમાં પીળી વસ્તુ ખરીદવી જોઈએ. આ સંદર્ભે તમે સોનું ઉપરાંત પિત્તળનાં વાસણ અથવા સૂકા ધાણા પણ ખરીદી શકો છો. જો તમે સોનું કે પિત્તળ ન ખરીદી શકતા હોવ તો તમે સૂકા ધાણાની પણ ખરીદી શકો છો. સૂકા ધાણાની ખરીદી શુભ મનાય છે. ગામડાઓમાં આ દિવસે ધાણાનાં બીજની ખરીદી કરવામાં આવે છે તેમજ શહેરોમાં સૂકા ધાણા ખરીદે છે. ધનતેરસમાં સૂકા ધાણાને ગોળ સાથે ભેળવીને નૈવેદ્ય બનાવવામાં આવે છે અને ભગવાનને ચઢાવવામાં આવે છે. તેથી ધનની ખોટ આવતી નથી.


Cherish Our Festivals with
MEGH
FRESH & HEALTHY
SWEETS
BADAM PISTA GHARI
BUNDI LADOO
DODHA BARFI
KAJU MIX
HALWASON
MIX PENDA
MIX PENDA
KALAKAND
KAJU KATLI
MILK CAKE
KAJU ROLL
MOTICHUR LADOO
KESAR MOHANTHAL
MAWA MIX
KOPRA PAK
SUGAR FREE SWEETS
MILK CAKE
KESAR PENDA
MALAI PENDA
RASGULLA
GULAB JAMUN
Distributed by: Megh Foods Canada
Brampton ON L6V 4R3, 289 946 1976 / 289 946 1936
Email meghfoodscanada@gmail.com

# પાટીદાર સમાજ કેનેડા દ્વારા રાસ ગરબાની રમઝટ

## પ્રોફેશનલ ગ્રુપ દ્વારા ડાન્સ રજૂ કરાયા, ગરબાના સ્ટેપ્સ પણ શીખવાડાયા





**સ્કારબોરો**

ગત તા. ૯ ઓકટોબર સ્કારબોરો, ટોરન્ટો ખાતે " પાટીદાર સમાજ કેનેડા" દ્વારા આયોજીત "નવરાત્રિ ૨૦૨૨-રાસ ગરબા રમઝટ"નો પ્રોગ્રામ યોજાયો હતો. આ પ્રોગ્રામમાં રાસ-ગરબા ઉપરાંત બીજા પ્રોફેશનલ ગ્રુપ દ્વારા ડાન્સ રજૂ કરવામાં આવ્યા હતા તથા તે ગ્રુપ તરફથી ગરબાના સ્ટેપ્સ પણ શીખવાડવામાં આવ્યા હતા. જે બધા લોકો માટે એક આકર્ષણ બની ગયું હતું અને બધાએ ખૂબ જ વખાણ્યું હતું. આ પ્રોગ્રામને સફળ બનાવવા પાટીદાર સમાજના સંસ્થાપક અને પ્રમુખ વિજયભાઈ પટેલે જાહેર જનતાનો આભાર માન્યો હતો અને વિઘા ફૂડ સહિત સમગ્ર સ્પોન્સર્સ તેમજ કૃણાલ પટેલ, ભાવિન પટેલ અને આસ્થા ગ્રુપના સર્વે સહાયકોનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. ફૂડ સ્ટોલમાં ફૂડ ઓનેસ્ટ ફૂડનું હતું તેમજ શરણાય ગ્રુપ દ્વારા ચા તથા પ્રી ફૂડ મિકસના પેકેટસનું વિતરણ કરાયું હતુ. જેમ સોનામાં સુગંધ ભળે તેમ સુનિલ પટેલે ગરબા-રાસ ગાઈ હંમેશની માફક ધુમ મચાવી હતી. આ પ્રોગ્રામને એંકરીંગ અજીત પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ફોટો તેમજ વિડીયોગ્રાફી ધીરેન પંડયા તેમજ પીંકી પંડયા દ્વારા કરવામાં આવી હતી. આ ગરબા પ્રોગ્રામને ખૂબ જ સફળતા અપાવવા બદલ વિજયભાઈ પટેલે કહ્યું હતુ કે, અમને ભવિષ્યમાં આવા ઘણા જ બધા પ્રોગ્રામો કરવાની પ્રેરણા મળી છે. આવો જ સાથ સહકાર સૌ આપશે તેવી આશા છે. પાટીદાર સમાજ કેનેડા ફક્ત પાટીદારો માટે જ નહીં, પણ સમગ્ર સમાજ માટે કામ કરવા ઉત્સુક છે.

# પાકિસ્તાનના સિંધ જિલ્લામાં બસમાં આગ લાગવાથી ૧૭ લોકોનાં મોત, 20 ઘાયલ

**કરાંચી**

પાકિસ્તાનમાંથી એક કરુણ ઘટના સામે આવી છે. પાકિસ્તાનના સિંધ જિલ્લામાં એક બસમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં બસમાં સવાર ૧૭ લોકોના જીવતા સળગી જવાથી મોત થઈ ગયા છે. આ ઘટના કરાંચીથી લગભગ ૯૦ કિમી દૂર નીરિયાબાદ શહેરમાં થઈ હતી. પાક અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે, ખૈરપુર નાથન શાહ વિસ્તારમાં જઈ રહેલી એક બસમાં નૂરિયાબાદની નજીક નેશનલ હાઈવે પર આગ લાગવાથી લગભગ ૧૭ જેટલા લોકોના મોતની પુષ્ટિ થઈ છે અને ૨૦ અન્ય ઘાયલ થઈ ગયા છે. પોલીસે કહ્યુ કે, ઈંટરસિટી બસમાં ૫૦થી વધારે પુર પીડિતોને લઈ જવામાં આવી રહ્યા હતા. જે કરાંચીથી હંગામી ધોરણે બનાવેલા શેલ્ટર હોમમાં રહી રહ્યા હતા. આ તમામ પુર પીડિત ખૈરપુર નાથન શાહ પોતાના ઘરે પાછા ફરી રહ્યા હતા, ત્યારે આ દુર્ઘટના થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, નૂરિયાબાદની નજીક એમ-૯ મોટરવે પર જમશોરો અને હૈદરાબાદની નજીક અચાનક બસમાં આગ ફાટી નિકળી હતી. મૃતકોના દેહ પોસ્ટમોર્ટમ માટે મોકલાયા છે.



# યુક્રેનને નાટોમાં સામેલ કરાશે તો ત્રીજા વિશ્વયુદ્ધની રશિયાની ધમકી

**મોસ્કો**

રશિયાએ પોતાનુ આક્રમણ તેજ કર્યા બાદ યુક્રેને ફરી વખત નાટો સંગઠનમાં સામેલ થવા માટે અરજી કરી છે ત્યારે રશિયાએ ખુલ્લી ધમકી આપતા કહ્યુ છે કે, જો યુક્રેનને નાટોમાં સામેલ કરાયુ તો ત્રીજુ વિશ્વયુધ્ધ શરૂ થઈ જશે. બીજી તરફ રશિયાએ પોતાના હુમલા ચાલુ રાખ્યા છે.યુક્રેનની રાજધાની કીવ પર રશિયાએ ઈરાનના આત્મઘાતી ડ્રોનનો ઉપયોગ હુમલો કરવા માટે કર્યો છે.રશિયાનુ કહેવુ છે કે, યુક્રેનને પણ ખબર છે કે નાટો દેશોમાં જોડાવાથી ત્રીજુ વિશ્વયુધ્ધ ફાટી નીકળવાની ગેરંટી છે. પશ્ચિમ દેશો યુક્રેનને મદદ કરીને આ યુધ્ધમાં સીધો ભાગ લઈ રહ્યા છે. જોકે રશિયાએ આપેલી ધમકી પછી પણ નાટો દેશોએ કહ્યુ છે કે, રશિયાના હુમલાનો સામનો કરવા માટે યુક્રેનને વધારે સૈન્ય સહાયતા અને એર ડિફેન્સ સિસ્ટમ આપવામાં આવશે.અમેરિકા હવે પોતાની પેટ્રિઓટ એર ડિફેન્સ સિસ્ટમ યુક્રેનને આપવા માટે વિચારણા કરી રહ્યુ છે. યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કીએ જોકે નાટો દેશો અને દુનિયાના જી સેવન દેશોને કહ્યુ છે કે, રશિયાએ કરેલા હુમલા આતંકની એક નવી લહેર છે અને આખી દુનિયાએ તેનો જવાબ આપવાની જરૂર છે. રશિયન રાષ્ટ્રપતિ પુતિન સાથે કોઈ વાતચીત શક્ય નથી.

# ઈરાનમાં હિજાબના વિરોધમાં પ્રદર્શનો હિંસક બન્યા, મૃત્યુઆંક વધીને 185

**તહેરાન**

ઈરાનમાં હિજાબના વિરોધમાં થઈ રહેલા પ્રદર્શનો દિવસે દિવસે હિંસક બનતા જાય છે. હ્યુમન રાઈટ્સ કમિશનોના દાવા પ્રમાણે સરકારના બળપ્રયોગમાં અત્યાર સુધીમાં ૧૮૫ નાગરિકોનાં મોત થઈ ચૂક્યા છે. પ્રદર્શનો દરેક નાના-મોટા શહેરોમાં થઈ રહ્યા છે અને સુપ્રીમ લીડરના રાજીનામાની માગણી પણ ઉગ્ર બનતી જાય છે.

ઈરાનમાં ૨૨ વર્ષની યુવતી મહસા અમીનીના કસ્ટોડિયલ ડેથ પછી હિજાબના વિરોધમાં પ્રદર્શનો થઈ રહ્યા છે. હિંસક પ્રદર્શનોમાં ૧૮૫ કરતાં વધુ લોકો માર્યા ગયા છે. નોર્વે સ્થિત ઈરાન હ્યુમન રાઈટ્સ કમિશનના દાવા પ્રમાણે મૃત્યુનો આંકડો વધારે મોટો હોઈ શકે છે. ઈરાનની સરકારના ઈશારે સુરક્ષાદળો પ્રદર્શનકારીઓ પર અંધાધૂંધ ગોળીબાર કરી રહ્યા છે અને વિસ્ફોટકો ફેંકીને હુમલા પણ થઈ રહ્યા છે. મૃતકોની સંખ્યા કુર્દ બહુમતી ધરાવતા વિસ્તારોમાં વધારે છે. પ્રદર્શનો પણ કુર્દ વિસ્તારમાં જ વધારે થઈ રહ્યા છે. મહસા અમીની કુર્દ સમુદાયની યુવતી હતી.

# અમેરિકામાં ભારતીય શીખ પરિવારની હત્યા ખરનાર સામે વધુ ચાર આરોપ

### અપહરણ અને હત્યામાં સંડોવાયેલ જેસસ સાલગાડોની 6 ઓક્ટોબરે ધરપકડ કરાઇ હતી

**સાન ફ્રાન્સિસ્કો**




આઠ મહિનાની બાળકી સહિત ભારતીય મૂળના એક શીખ પરિવારના અપહરણ અને હત્યામાં સામેલ વ્યકિત પર ફર્સ્ટ ડિગ્રી હત્યાના ચાર આરોપ મૂકવામાં આવ્યા છે. મૃત્યુ પામેલ દરેક વ્યકિત દીઠ એક આરોપ મૂકવામાં આવ્યો છે.

૮ મહિનાની આરોહી ધેરી, તેની ૨૭ વર્ષીય માતા જસલીન કૌર, તેના ૩૬ વર્ષીય પિતા જસદીપ સિંહ અને તેના ૩૯ વર્ષીય કાકા અમનદીપ સિંહનું અપહરણ કરી હત્યા કરવામાં આવી હતી. આ અપહરણ અને હત્યા શીખ પરિવારની ટ્રકની કંપનીના પૂર્વ અસંતુષ્ટ કર્મચારીએ હતી. અપહરણ અને હત્યા કરનાર જેસસ સાલગાડોની ૬ ઓક્ટોબરે ધરપકડ કરવામાં આવી હતી. સોમવારે તેના પર ફર્સ્ટ ડિગ્રી હત્યાના ચાર આરોપ મૂકવામાં આવ્યા હતાં. મર્સિડ કાઉન્ટી જિલ્લા એટર્નીના કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે ચાલુ વર્ષે નક્કી કરવામાં આવશે નહીં કે સાલગાડોના કેસમાં મોતની સજાને આગળ વધારવામાં આવે કે નહીં.

# મૂળ ભારતીય રાઝદાન દુગ્ગલની નેધરલેન્ડ્સમાં US એમ્બેસેડર તરીકે નિયુક્તિ

**સ્ટોકહોમ**

યુએસ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસે શુક્રવારે શેફાલી રાઝદાન દુગ્ગલને નેધરલેન્ડસમાં આગામી યુએસ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા છે. શેફાલી દુગ્ગલ ભારતીય મૂળની કાશ્મીરી પંડિત છે. ઉપરાષ્ટ્રપતિએ ટ્વીટ કર્યું કે મને નેધરલેન્ડમાં આગામી રાજદૂત શેફાલી રાઝદાન દુગ્ગલને શપથ અપાવવાનું સૌભાગ્ય મળ્યું છે. તેણે શેફાલીને આ નવી ભૂમિકા માટે શુભેચ્છા પણ પાઠવી હતી. માર્ચમાં, યુએસ પ્રમુખ જો બિડેને શેફાલીને નેધરલેન્ડ્સમાં રાજદૂત તરીકે નામાંકિત કર્યા હતા.

# અમેરિકા મંદીના આરે : દર મહિને પોણા 2 લાખ લોકો બેરોજગાર થશે

**વોશિંગ્ટન**

બેન્ક ઓફ અમેરિકાના યુએસ ઈકોનોમિક્સ હેડ માઈકલ ગેપને આગામી ચૂંટણીમાં એક વર્ષમાં અમેરિકામાં બેરોજગારી દર ૩થી ૫.૫ ટકા થવાનું અનુમાન લગાવ્યું છે. આ અનુમાન ડરામણુ એટલા માટે લાગે છે કેમકે ફેડે આગામી વર્ષે પણ બેરોજગારીનો દર ૪.૪ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. સમગ્ર વિશ્વમાં મંદીનો ભય મંડરાઈ રહ્યો છે. અમેરિકા પ્રત્યે તો મંદી રીતસર ભરડો લઈ રહી છે. અમેરિકામાં ફુગાવો ૪૦ વર્ષની ટોચે છે. અમેરિકામાં સપ્ટેમ્બરમાં ૨.૬૩ લાખ લોકોને નોકરીઓ મળી, જે ૧૯૬૯ પછીનું સૌથી નીચું સ્તર છે. આ સંજોગોમાં બેન્ક ઓફ અમેરિકાના રિપોર્ટમાં અત્યંત ડરામણી શંકા વ્યક્ત કરવામાં આવી છે. તેના મુજબ આગામી વર્ષના પ્રથમ છ મહિનામાં જાન્યુઆરીથી જૂન દરમિયાન અમેરિકા મંદીની પક્કડમાં આવી શકે છે. આમ થાય તો દેશમાં દરરોજે ૧.૭૫ લાખ લોકો બેરોજગાર થઈ શકે છે.

# આર્થિક કટોકટી સામે લડવા પદ્ધતિ આપનારા ત્રણ US અર્થશાસ્ત્રીઓને નોબેલ

**વોશિંગ્ટન**

અમેરિકાના ૩ અર્થશાસ્ત્રીઓ બેન બર્નાન્કે, ડગલસ ડાયમંડ, ફિલિપ ડાઈબવિગને ૨૦૨૨ના વર્ષનું અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક આપવાની જાહેરાત નોબેલ સમિતિએ કરી હતી. આ ત્રણેય અર્થશાસ્ત્રીઓએ આર્થિક કટોકટી સામે લડવાની પદ્ધતિનો અને બેંકિંગ સિસ્ટમનો અભ્યાસ કર્યો હતો. બેલ સમિતિએ અર્થશાસ્ત્રના નોબેલની જાહેરાત કરી હતી. બેંકિંગ સિસ્ટમ-અર્થતંત્રને તૂટતા બચાવવા માટે ખાસ પદ્ધતિ આપનારા ત્રણ અમેરિકન અર્થશાસ્ત્રીઓને ૨૦૨૨નું અર્થશાસ્ત્રનું નોબેલ આપવાની જાહેરાત થઈ હતી.

# બેસ્ટ ટેકનિક, મેડિકલ સુવિધા અમદાવાદમાં ઉપલબ્ધ થશે: PM

## વડાપ્રધાન મોદીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 1275 કરોડની વિવિધ આરોગ્ય સુવિધાઓનુ લોકાર્પણ કર્યુ

**અમદાવાદ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસનો આજે ત્રીજો દિવસ છે. દરમિયાન તેઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલ પહોંચ્યા જ્યાં તેમણે 1275 કરોડની વિવિધ આરોગ્ય સુવિધાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ.

સિવિલ હોસ્પિટલના લોકાર્પણ સમયે PM મોદીએ કહ્યુ કે, ગુજરાત કેન્સર ઈન્સ્ટિટ્યુટના નવા બિલ્ડિંગની સાથે બોર્નમેરો ટ્રાન્સપ્લાન્ટની સુવિધાઓ શરૂ થઈ છે. પીએમ મોદીએ અમુક દર્દીઓ સાથે પણ વાતચીત કરી. પીએમ મોદીએ કહ્યુ આપણુ સિવિલ હોસ્પિટલ નાનકડુ ગામ જેવું છે. સેવાના કામને આગળ વધારવા માટે તમામને શુભેચ્છા પાઠવુ છું. દુનિયાની સૌથી બેસ્ટ ટેકનિક, મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અમદાવાદ ગુજરાતમાં ઉપલબ્ધ થશે. જે ખાનગી હોસ્પિટલમાં નથી જઈ શકતા, તેઓ માટે આ સરકારી હોસ્પિટલ સેવા માટે તૈયાર રહેશે. આજે મેડિસિટી કેમ્પસ પણ તૈયાર થઈ ગયું છે. યુએન મહેતા હોસ્પિટલ ઓફ કાર્ડિયોલોજીની સુવિધાઓ વધી રહી છે. દેશનું પહેલુ સરકારી હોસ્પિટલ છે, જ્યાં સાઈબર નાઈફ જેવી ટેકનિક ઉપલબ્ધ છે. હું તમામ ગુજરાતવાસીઓને આ ઉપલબ્ધિઓ માટે શુભેચ્છા આપું છું.

**ગુજરાતમાં માતા મૃત્યુદર અને શિશુ મૃત્યુદરમાં ઘટાડો**

22 વર્ષ પહેલાં ગુજરાતમાં માત્ર 9 મેડિકલ કોલેજો હતી ને આજે 36 મેડિકલ કોલેજો છે. 20 વર્ષ પહેલાં ગુજરાતની સરકારી હોસ્પિટલમાં અંદાજે 15 હજાર બેડ હતા અને આજે અત્યારે સરકારી હોસ્પિટલોમાં બેડની સંખ્યા 60 હજાર થઈ ચૂકી છે.

### રાજકોટ સહિતનું કાઠીયાવાડ ભવિષ્યમાં પ્લેનના પાટ્ર્સ બનાવશે-વડાપ્રધાન મોદીનો દાવો

રાજકોટ : જામકંડોરણામાં ભાજપ દ્વારા યોજાયેલી જાહેરસભામાં ઉમટેલી જંગી મેદનીને સંબોધતા ગુજરાતની વીસ વર્ષની વિકાસ ગાથા વર્ણવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્રના આગવા ઉદ્યોગોના વિકાસનો ઉલ્લેખ કરીને કહ્યું રાજકોટ અને આજુબાજુનું સૌરાષ્ટ્ર આજે ઓટોમોબાઈલનું હબ બન્યું છે, દેશમાં બનતા વાહનો,કારના પાટ્ર્સ અહીં બને છે, અને હવે ભવિષ્યમાં તમારી પાસે વિમાનના પાટ્ર્સના ઓર્ડર આવવાના છે, મોરબી, જામનગર સહિત સમગ્ર કાઠીયાવાડને ઔદ્યોગિક વિકાસનો લાભ મળવાનો છે. આજે ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે ગુજરાત એ આંકડાથી સિધ્ધ થાય છે, વિકાસ એક જન આંદોલન બની ગયું છે.

## એકવાર કેજરીવાલને મોકો આપો, ગુજરાતમાં બધું બદલાઈ જશે: રાઘવ ચઢ્ઢા

**ભાવનગર**

આમ આદમી પાર્ટીના સહ પ્રભારી અને રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા ભાવનગર આવી પહોંચ્યા હતા. ત્યારબાદ રાઘવ ચઢ્ઢાએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહીલને નમન કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી કહ્યું કે, ભાવનગર એ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના નેતાઓ, વિદ્વાનોની ભેટ આપી છે, અહીં શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોડ રસ્તાઓની હાલત કફોડી છે, ઈલાજ કરાવવા બીજા જિલ્લાનો સહારો લેવો પડે છે, કરોડો રૂપિયાની ગ્રાન્ટ મળતી હોવા છતાં ભ્રષ્ટ નેતાઓના કારણે ભાવનગરનો જોઈએ તેવો વિકાસ થયો નથી, એકવાર પાંચ વર્ષ માટે કેજરીવાલ સરકારને મોકો આપી જુઓ બધું બદલાઈ જશે.

## MP-MLA સામેના કેસો ચલાવવા કોર્ટનું નોટિફિકેશન રજૂ કરવા નિર્દેશ

### પડતર કેસો મુદ્દે હાઇકોર્ટે દાખલ કરેલી સુઓમોટો પીઆઇએલમાં હાઇકોર્ટની તાકીદ

**અમદાવાદ**

સાંસદો-ધારાસભ્યો વિરૂધ્ધના પડતર કેસો મુદ્દે ગુજરાત હાઈકોર્ટે દાખલ કરેલી સુઓમોટો જાહેરહિતની રિટ અરજીની સુનાવણીમાં કોર્ટ સહાયક તરફથી અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, સાંસદો ધારાસભ્યો સામેના કેસો ચલાવવા માટે સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર સ્પેશ્યલ ડેઝીગ્નેટેડ કોર્ટની રચના કરી હોવાનું અગાઉ રાજય સરકાર દ્વારા જણાવાયું હતુ પરંતુ હજુ સુધી તેનું જાહેરનામું રેકર્ડ પર આવ્યું નથી, તેથી હાઈકોર્ટે આ નોટિફિકેશન રજૂ કરવા સરકારપક્ષને નિર્દેશ કર્યો હતો અને કેસની વધુ સુનાવણી તા.૨૦મીએ રાખી હતી.

દેશમાં તમામ સાંસદો અને ધારાસભ્યો વિરૂધ્ધના પડતર કેસોને લઈ સુપ્રીમકોર્ટમાં અગાઉ દાખલ થયેલી જાહેરહિતની રિટમાં સુપ્રીમકોર્ટે આવા કેસોની ઝડપી અને અસરકારક સુનાવણી માટે દરેક રાજયોને વિશેષ અદાલતની રચના કરવા સહિતના મહત્વના નિર્દેશો જારી કર્યા હતા. સુપ્રીમકોર્ટના નિર્દેશને પગલે ગુજરાત હાઈકોર્ટે સાંસદો-ધારાસભ્યો સામેના પડતર કેસો મુદ્દે સુઓમોટો પીઆઈએલ દાખલ કરી હતી.

## જો કોઈ પક્ષ સમાજને મહત્વ નહિ આપે તો લડી લેવા પણ તૈયાર : ભારતીબાપુ

**ભાવનગર**

સરખેજ ખાતે આવેલા ભારતી આશ્રમના મહંત ઋષિ ભારતીબાપુના અધ્યક્ષ સ્થાને યુવા ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં કોળી સમાજના તમામ સામાજિક આગેવાનો અને તમામ સંગઠનો એક મંચ ઉપર એકત્રિત થયા હતા, ઋષિ ભારતીબાપુએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતની 182 બેઠક માંથી 72 બેઠક ઉપર કોળી સમાજનો હક્ક છે, તેને ન્યાય મળવો જોઈએ, સમાજને જે પક્ષ વધુ ટિકિટ આપશે તેને કોળી સમાજ સમર્થન આપશે. જો કોઈ પક્ષ સમાજને મહત્વ નહિ આપે તો કોળી સમાજ હવે જાગૃત બન્યો છે અને સમાજ માટે લડી લેવા પણ તૈયાર છે.

## ચૂંટણી પહેલા નવા સમીકરણ: 70 બેઠક માટે કોંગ્રેસમાં મહિલઓની દાવેદારી

**અમદાવાદ**

ગુજરાતમાં આ વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીઓમાં મહિલાઓના પ્રતિનિધિત્વમાં વધારો થશે. કોંગ્રેસમાં આગામી ચૂંટણીમાં મહિલાઓને મોટા પ્રમાણમાં ટિકિટો આપવા જઈ રહ્યાં છે. 70 બેઠકો પર કોંગ્રેસમાં મહિલાઓએ ટિકિટની દાવેદારી કરી છે. જેના કારણે કોંગ્રેસમાં ટિકીટની વહેંચણીનું કામકાજ સરળ નહીં રહે. મહિલા કોંગ્રેસે સક્ષમ મહિલા દાવેદારોની છણાવટ શરૂ કરી દીધી છે. બીજી બાજુ મહિલા કોંગ્રેસની 40 બેઠકો આપવા માંગ શરૂ કરી દીધી છે.

મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુમ્મરની ટિકિટમાં પ્રાધાન્યની માંગ કરવામાં આવી છે. જેની ઠુમ્મરે જણાવ્યું હતું કે, હાલ રાજ્યમાં મોંઘવારી, બેરોજગારી જેવા મુદ્દાઓને કારણે મહિલાઓ વધારે ઉત્સાહી બની છે. ગ્રાઉન્ડ લેવલે કામ કરતી મહિલાઓને ટિકિટ મળે એવા કોંગ્રેસમાં પ્રયત્ન થઈ રહ્યા છે. 2017 માં કોંગ્રેસે 10 મહિલાઓને ટિકિટ આપી હતી. જેમાં 10 માંથી 4 મહિલા ઉમેદવારો જીતવામાં સફળ થયા હતા. ગેનીબેન ઠાકોર, સંતોકબેન એરઠિયા અને ચંદ્રિકાબેન બારીયા કોંગ્રેસના મહિલા ધારાસભ્યો છે.

1985માં કોંગ્રેસે સૌથી વધુ 20 મહિલાઓને ટિકિટ આપી હતી. યુપીમાં પ્રિયંકા ગાંધીએ 40 ટકા મહિલાઓને ટિકિટ આપી હતી. હાલ ગુજરાતમાં 40 મહિલાઓને ટિકિટ આપવા માંગ કરવામાં આવી છે.

## ગુજરાત AAPમાં ગાબડું; 15 પૂર્વ હોદ્દેદારો સહિત 200 કાર્યકર્તાઓએ કેસરિયા કર્યા

**જામનગર**

જામનગરમાં વિધાનસભા ચૂંટણી પહેલા "આપ"થી નારાજ થયેલા આગેવાનો અને કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા છે. જામનગર ગ્રામ્ય વિસ્તારમાં આમ આદમી પાર્ટીથી નારાજ થયેલા 15 જેટલા પૂર્વ હોદેદારો અને 200 જેટલા કાર્યકતાઓ ભાજપમાં જોડાયા છે. અટલ ભવન ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ રમેશ મૂંગરા સહિતના સંગઠનના સભ્યોએ કેસરિયો ખેસ પહેરાવી ભાજપમાં આવકાર્યા હતા. જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે કેસરિયો ધારણ કર્યો હતો. આપ ના તાલુકા કારોબારી સભ્ય અને તાલુકા મોરચા સભ્ય સહિતના આગેવાનો અને પૂર્વ હોદેદારો ભાજપમાં જોડાયા હતા.

## PM મોદી અંગે વાંધાજનક ટિપ્પણી મામલે ગોપાલ ઈટાલિયાની અટકાયત

**અમદાવાદ**

વડાપ્રધાન મોદી અંગે વાંધાજનક ટિપ્પણી કરવાના મામલે રાષ્ટ્રીય મહિલા આયોગે આમ આદમી પાર્ટીના ગુજરાત રાજ્યના અધ્યક્ષ ગોપાલ ઈટાલિયાને નોટિસ પાઠવી હતી. ઈટાલિયાને પાઠવવામાં આવેલી નોટિસમાં કહેવામાં આવ્યું હતું કે, તેનાથી અમારા દેશની મહિલીઓનું અપમાન થયું છે. મહિલા આયોગે આપ નેતા દ્વારા ઉપયોગ કરવામાં આવેલ શબ્દોમાં પદનું સમ્માન ન જાળવવા, ખરાબ શબ્દોમાં કરેલી જાતિગત અભદ્ર ટિપ્પણીને વખોડી કાઢી હતી. દરમિયન ઈટાલિયાની ગુરુવારે દિલ્હી પોલીસે અટક કર્યા બાદ મોડી સાંજે તેને મુક્ત કરી દીધા હતા.

**Sri Radha Krishna Temple needs your help!**

Want to join us in making a difference? We are raising money to benefit THE CANADIAN HINDU MISSION CENTRE SCARBOROUGH, and any donation will help make an impact. The Canadian Hindu Mission Centre is a registered charity that goes by the name of Sri Radha Krishna Temple in Scarborough, Ontario. This religious place has served the community for over 20 years through a variety of events, through literature for the young and the old. Sri Radha Krishna Temple has been a place of worship for visitors, immigrants, and even citizens - bringing together families, children, and the elderly under one roof. All Hindu deities are present in the temple as many faiths are practiced and celebrated here. Your donation will help the temple in many ways: paying monthly rent, maintaining cleanliness, serving prasad (food) at no cost, giving religious books for free, publishing Hindu literature in different languages, and hosting cultural events at minimum cost or none at all.

This temple has continuously served the surrounding community by spreading culture, prasad, literature, and knowledge at no cost over numerous years but now, we need your help to maintain this practice and keep the cost at minimum. To meet the increasing demand of literature and culture in the community, this temple is in urgent need of your donation. Essentially, it is to pay rent and spread knowledge of culture, but in hopes to eventually have their own place of worship. The Canadian Hindu Mission Centre Scarborough has served you for 22 years and needs your help in giving back.

We thank you in advance for your contribution to this cause that means so much to us.

FLOWCODE
PRIVACY.FLOWCODE.COM
SCAN HERE

કેનેડામાં સરકારના મહત્ત્વ નિર્ણયને પગલે 5 લાખથી વધુ ઇન્ટરનેશનલ સ્ટુડેન્ટ્સને લાભ થશે

# વિદેશી વિદ્યાર્થીઓ અઠવાડિયે 20થી વધુ કલાક કામ કરી શકશે

**ઓટ્ટાવા**

કેનેડામાં અભ્યાસ કરતા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ માટે કેનેડા સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. જેનાથી 5 લાખથી વધુ ઈન્ટરનેશનલ સ્ટુડેન્ટ્સને લાભ થશે. કેનેડા સરકારે મહત્વપૂર્ણ માહિતી આપતાં કહ્યું કે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સ્ટડી પરમિટ ઉપર દર અઠવાડિયે 20થી વધુ કલાકો કામ કરી શકશે.

કેનેડાની રાજધાની ઓટ્ટાવા ખાતેથી ઈમિગ્રેશન મિનિસ્ટર સીન ફ્રેઝરે આ જાહેરાત કરી હતી. જેમાં 15 નવેમ્બર 2022થી 31 ડિસેમ્બર 2023 સુધી કેનેડામાં રહેનારા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તેમની સ્ટડી પરમિટ પર

ઓફ-કેમ્પસ વર્ક કરી શકશે. તેમને દર અઠવાડીયે 20થી વધુ કામ કરવાની મંજૂરી આપવામાં આવશે. જો કે, સ્ટુડન્ટ્સને અભ્યાસના ભોગે વધુ કામ ન કરવાની સલાહ અપાઈ છે. જે ઈન્ટરનેશનલ સ્ટુડન્સે 7 ઓક્ટોબર 2022થી સ્ટડી પરમિટની અરજી સબમિટ કરી છે. જો ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડા તેમની અરજી મંજૂર કરે તો તેઓ પણ આ પોલિસીનો લાભ મેળવી શકશે.

ઈમિગ્રેશન મિનિસ્ટર સીન ફ્રેઝરના જણાવ્યા અનુસાર, આ નિર્ણયનો ઉદ્દેશ્ય સમગ્ર કેનેડામાં અનુભવાઈ રહેલા લેબર ક્રાઈસિસની અછતને દૂર કરવાનો છે.

કેનેડા ઐતિહાસિક શ્રમની તંગી અને બેરોજગારી સામે ઝઝૂમી રહ્યું છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ અહેવાલ આપ્યો હતો કે સપ્ટેમ્બરમાં કેનેડાનો બેરોજગારીનો દર ઘટીને 5.2 ટકા થયો હતો, જે ઓગસ્ટમાં 5.4 ટકા હતો.

ઉનાળા અને શિયાળાની રજાઓ જેવા શેડ્યુલ બ્રેક દરમિયાન આ લીમિટ હટાવવામાં આવે છે. અત્યારે કેનેડામાં લગભગ 10 લાખ નોકરીની ખાલી જગ્યા પડી છે. જો કામ કરનારા લોકો નહીં મળે તો કેનેડાની ઈકોનોમિને ખરાબ અસર થાય તેમ છે. કેનેડામાં ભારતના અંદાજે એક લાખ વિદ્યાર્થીઓ છે, જે 2019માં કોરોના પહેલાં 1 લાખ 32 હજાર હતા. ભારતના આ સ્ટુડન્ટ્સ અને વિદેશના જે સ્ટુડન્ટ્સ કેનેડામાં ભણ છે તેવા 5 લાખ જેટલા સ્ટુડન્ટ્સને સરકારના આ નિર્ણયથી લાભ થશે. કેનેડા એ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે વિશ્વના મુખ્ય ડેસ્ટિનેશન્સ પૈકી એક છે. 2021માં કેનેડા સરકારે 6 લાખ 20 હજારથી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના અભ્યાસની વ્યવસ્થા કરી હતી. આ સંખ્યા છેલ્લા બે દાયકામાં ત્રણ ગણી વધી ગઈ છે. કેનેડાએ ગયા વર્ષે જ લગભગ 4 લાખ 50 હજાર નવી સ્ટડી પરમિટ જાહેર કરી હતી. દેશની એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન્સ, મલ્ટીકલ્ચરિઝમ, કેનેડિયન ડોલરની અફોર્ડેબિલીટી અને કામ અને પર્મેનેન્ટ રેસિડેન્સ ઓપર્ચ્યુનિટી જેવા વિવિધ પરિબળોને કારણે કેનેડામાં અભ્યાસ કરવાની માંગ ખૂબ જ રહે છે.

## કેનેડા પોસ્ટ હવે બેંક સાથે ભાગીદારી કરવાની તૈયારીમાં, પ્રજાની સુવિધા વધશે

**ટોરોન્ટો**

કેનેડા પોસ્ટ હવે સ્ટેમ્પ્સ, પેકેજિંગ અને તેની હાલની નાણાકીય સેવાઓ સાથે લોન આપશે. કારણ કે તે સત્તાવાર રીતે TD બેંક જૂથ સાથે ભાગીદારી શરૂ કરવા જઈ રહી છે.

બુધવારે ક્રાઉન કોર્પોરેશને જણાવ્યું હતું કે, લોન પ્રોગ્રામ, જે અન્ય સેવાઓમાં વિસ્તૃત થઈ શકે છે, તે ગ્રામીણ, દૂરસ્થ અને સ્વદેશી સમુદાયો સહિત સમગ્ર દેશમાં કેનેડિયનો માટે વધુ નાણાકીય વિકલ્પો પ્રદાન કરશે.

કેનેડા પોસ્ટના નાણાકીય સેવાઓના વાઈસ-પ્રેસિડેન્ટ માઈકલ યીએ લોન્ચ પહેલા એક મુલાકાતમાં જણાવ્યું હતુ કે, અમે માનીએ છીએ કે ખાસ કરીને લોનની જરૂરત ધરાવાનારા કેનેડિયનોને નાણાકીય સેવાઓની વધુ સારી સેવાઓ પ્રદાન કરવાની આ શ્રેષ્ઠ રીત છે.

આ લોન 1,000 ડોલર અને 30,000 ડોલરની વચ્ચેની હશે. જે પે-ડે ધિરાણકર્તાઓ અને પરંપરાગત બેંકો વચ્ચેનું અંતર દૂર કરે છે.

લોનમાં TD દ્વારા નિર્ધારિત વ્યાજ દર હશે, પરંતુ ગ્રાહકો પાસે બેંક ખાતું હોવું જરૂરી નથી અને તે ક્રેડિટ માટે નવા હોય તો પણ ચાલે એવી સુવિધા છે. બજારમાં સાદી અને સસ્તી લોન સેવાઓ મેળવવાની ખરેખર જરૂરિયાત છે.

## ટોરોન્ટોનાં સુધારણા અધિકારી વિરુદ્ધ જેલમાં ડ્રગ્સની દાણચોરીનો આરોપ

**ઓન્ટેરિયો**

ટોરોન્ટો ઈસ્ટ ડિટેન્શન સેન્ટરના સુધારણા અધિકારી સામે સ્કારબોરો જેલમાં સંભવિત ઘાતક દવાઓની દાણચોરીનો આરોપ મૂકવામાં આવ્યો છે. રુકી જેલ ગાર્ડ, ડાયલન પિન્નાવરિયાને પણ આંતરિક તપાસ દરમિયાન કેટલીક જાણકારી મળતાં સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

સૂત્રોએ જણાવ્યું છે કે, CBC ટોરોન્ટો આ કેસ વિશે જાહેરમાં બોલવા માટે અધિકૃત ન હોવાને કારણે કંઈ બોલતાં નથી, પણ કહેવાય છે કે પિન્નાવરિયાને જેલના સર્વેલન્સ કેમેરામાં પેકેટ લઈ જતા અને કથિત રીતે કેદીના સેલમાં પ્રવેશતા રેકોર્ડ થયા પછી તેમની ધરપકડ કરવામાં આવી હતી.

જેલ સ્ટાફે તરત જ પેકેટ કબજે કરી તપાસ શરૂ કરી હતી. એ પછી સ્ટાફને પિન્નાવરિયાના જેલમાં પાર્ક કરવામાં આવેલાં વાહનની તલાશી લેવા કહેવામાં આવ્યું હતું. સૂત્રોનું કહેવું છે કે, તપાસમાં વાંધાજનત ચીજવસ્તુ મળી આવી હતી.

આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી અને થોડા સમય બાદ પિન્નાવરિયાની ધરપકડ કરવામાં આવી હતી. તેની સામે શસ્ત્રો, માદક દ્રવ્યોની હેરાફેરી અને વિશ્વાસભંગના આરોપો ઘડવામાં આવ્યા છે.

## મુઝફ્ફરનગર કવાલ કાંડ: બીજેપી MLA સહિત 12 લોકોને 2-2 વર્ષની જેલની સજા

### 12ને 10 હજારનો દંડ, 15 લોકોને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂકાયા

**મુઝફ્ફરનગર**

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં સાંસદ-ધારાસભ્ય કોર્ટે મંગળવારે 2013ના રમખાણો પહેલા બનેલા કવાલ કાંડ સાથે સંબંધિત એક કેસમાં ભાજપના ધારાસભ્ય વિક્રમ સૈની સહિત 12 લોકોને દોષિત ઠેરવ્યા હતા અને બે વર્ષની જેલ અને 10-10 હજારનો દંડ પણ ફટકાર્યો હતો. જોકે, સજા સંભળાવ્યા બાદ જ ભાજપના ધારાસભ્ય સહિત તમામ 12 દોષિતોને કોર્ટમાંથી જ જામીન મળી ગયા હતા.

27 ઓગસ્ટ 2013ના રોજ મુઝફ્ફરનગર જિલ્લાના કવાલ ગામમાં ગૌરવ અને સચિનની હત્યા બાદ પોલીસે ખતૌલી વિધાનસભા બેઠક પરથી ભાજપના ધારાસભ્ય વિક્રમ સૈની સહિત 28 લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ જ કેસમાં ધારાસભ્ય વિક્રમ સૈની સહિત 28માંથી 12 લોકોને



મુઝફ્ફરનગરની એમપી-એમએલએ અદાલતે બે-બે વર્ષની સજા ફટકારી છે અને પ્રત્યેકને 10,000 રૂપિયાનો દંડ ફટકાર્યો છે જ્યારે 15 લોકોને આ કેસમાં પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા હતા.

## ગાઝિયાબાદમાં બે સમુદાય વચ્ચે ઘર્ષણ, ફાયરિંગમાં અનેક ઘાયલ

### બંને પક્ષને પોલીસ સ્ટેશન બોલાવી તેમના નિવેદન નોંધ્યા

**ગાઝિયાબાદ**

ગાઝિયાબાદ શહેરને અડીને આવેલા ઈકલા ગામમાં મંગળવારે મોડી સાંજે બે સમુદાયના લોકો વચ્ચે ઉગ્ર લડાઈ, પથ્થરમારો અને ગોળીબાર થયો હતો. આ ઘટનામાં બંને પક્ષના ડઝનેક લોકો ઘાયલ થયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે રોડ પર પાર્ક કરેલી કારને લઈને બંને પક્ષો વચ્ચે વિવાદ શરૂ થયો હતો. માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચેલી ગાઝિયાબાદ પોલીસે બંને પક્ષોને શાંત પાડ્યા હતા. અત્યાર સુધી આ કેસમાં એક પક્ષે પોલીસમાં ફરિયાદ આપી છે જ્યારે બીજી બાજુએ આજે ફરિયાદ આપવાની વાત કરી છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. પોલીસે જણાવ્યું કે, મામલો મસુરી પોલીસ સ્ટેશન વિસ્તારના ઈકલા ગામનો છે. મંગળવારની મોડી સાંજે આ ગામમાં રહેતો મોહિત રોડ પર કાર પાર્ક કરીને કોઈની સાથે વાત કરતો હતો. ત્યારે આ સમયે આ ગામનો રહેવાસી મોહસીન તેની કાર લઈને પાછળથી આવ્યો હતો. તેણે મોહિતને આગળ જવા માટે કાર હટાવવા કહ્યું પરંતુ આ બાબતે બંને વચ્ચે ઝઘડો થઈ ગયો હતો ત્યારબાદ બંનેએ પોતપોતાના પક્ષના લોકોને બોલાવ્યા. આરોપ છે કે, બંને પક્ષોના આવવાની સાથે જ ઉગ્ર બોલાચાલી

## દુનિયાના સૌથી ઠંડા પ્રદેશોમાં કેનેડાના ત્રણ શહેરોનો સમાવેશ

**ઓન્ટેરિયો**

ટાઈમ આઉટ ગૃપ દ્વારા હાથ ધરાયેલા વિશ્વના સૌથી વધુ ઠંડા સ્થળો વિશેના સર્વેક્ષણમાં કેનેડાના ત્રણ શહેરોનો સમાવેશ થયો છે. આ સરવે માટે ૨૦ હજાર લોકો અને નિષ્ણાંતોના અભિપ્રાયો લેવામાં આવ્યા હતાં.

વિશ્વભરમાં ફેલાયેલી આ કંપની હોસ્પિટાલીટી ઉદ્યોગ ઉપર ધ્યાન આપે છે. તેણે જાહેર કરેલા છેલ્લાં વાર્ષિક ટાઈમ આઉટ ઈન્ડેક્સમાં જે શહેરોની આસપાસના વિસ્તારોમાં વધુ ઠંડી રહેતી હોય એને આધાર ગણવામાં આવ્યો હતો. એમાં ટોચના પાંચ સ્થાનોમાં મોન્ટ્રીયલની નજીકના વિસ્તારનો સમાવેશ થયો છે. મોન્ટ રોયલ બરોના મેદાની પ્રદેશનો માઈલ એન્ડ વિસ્તાર સૌથી ઠંડો છે.૧૨મા ક્રમે ટોરન્ટોના ડુંડાસના પશ્ચિમી પાડોશી વિસ્તારનો સમાવેશ છે જ્યાં ઘણી આર્ટ ગેલેરીઓ છે અને કોફી શોપ્સ પણ છે. ટ્રીનીટી બેલવુડસ અને કિવન વેસ્ટ વચ્ચેની કલાકૃતિઓનો સમાવેશ છે.

યાદીમાં ૨૫મા સ્થાને વાન્કુંવરના પશ્ચિમ છેડાનો પ્રદેશ છે,


બાયોસ્ટીરીયસ પ્રદેશ એક સમયે ઉચ્ચવર્ગ માટે શાંત વિસ્તાર તરીકે માનીતો હતો. ટાઈમ આઉટ ગૃપના જણાવ્યા મુજબ ડેઈવ વિલેજ પોતાના ગામનો અનુભવ કરાવે છે.

## પંજાબમાં 10 દિવસમાં 17 લોકોની ધરપકડ પાંચ મોટા આતંકવાદી મોડ્યૂલનો પર્દાફાશ

**ચંડીગઢ**

પંજાબ પોલસે 10 દિવસમાં 17 લોકોની ધરપકડ કરીને 5 આતંકવાદી મોડ્યૂલનો પર્દાફાશ કર્યો છે. આ ઉપરાંત પોલીસ ફોર્સે 3 ગ્રેનેડ અને એક IED પણ કબજે કર્યા છે. પોલીસ મહાનિરીક્ષક સુખચૈન સિંહ ગિલે કહ્યું કે, લખબીર સિંહ ઉર્ફે લાંડા, હરવિંદર સિંહ ઉર્ફે રિંડા અને અર્શ દલ્લા જેવા ગુંડાઓ આતંકવાદી બની ગયા છે તેમના દ્વારા ચલાવવામાં આવતા ટેરર મોડ્યુલને પોલીસ ટીમે ભારે નુકસાન પહોંચાડ્યું છે.

ગિલે જણાવ્યું કે, પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI સમર્થિત આતંકવાદી મોડ્યૂલના 3 સદસ્યોની 1 ઓક્ટોબરના રોજ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ એક મોડ્યૂલનો પંજાબ પોલીસે પર્દાફાશ કર્યો હતો. આ મોડ્યૂલનું સંચાલન કેનેડામાં રહેતો લખબીર અને પાકિસ્તાનમાં રહેતો હરવિંદર કરી રહ્યો હતો. સુખચૈન



સિંહે જણાવ્યું કે, ISI સમર્થિત ખાલિસ્તાન ટાઈગર ફોર્સના આતંકવાદી મોડ્યૂલનો પણ પર્દાફાશ કરવામાં આવ્યો હતો જેનું સંચાલન કેનેડા સ્થિત આતંકવાદી અને ગેંગસ્ટર અર્શદીપ કરી રહ્યો હતો. મોડ્યૂલના બે સદસ્યોની ચમકૌર સાહિબથી ધરપકડ કરવામાં આવી હતી.

# લખપતી બનવાની લાલચમાં બે મહિલાની બલી ચઢાવાઈ, મૃતદેહ ઘરમાં દાટી દેવાયા

## હત્યારા સહિત ત્રણની ધરપકડ, મૃતક મહિલાઓ લોટરીની ટિકિટ વેચતી હતી

**કેરળ**

કેરળના એર્નાકુલમ જિલ્લાની બે મહિલાઓને એક દંપતીએ લલચાવી, 'મેલી વિદ્યા' કરી શ્રીમંત બનવાની લાલચમાં હત્યા કરી હતી અને તેમના મૃતદેહોને ઘરમાં જ દફનાવી દીધા હતા. પોલીસે જણાવ્યું કે, લોટરી વેચતી આ બે મહિલાઓની હત્યા કર્યા બાદ મૃતદેહોને પથાનમથિટ્ટા જિલ્લાના એલાંથુર ગામમાં દફનાવવામાં આવી હતા. આ કેસમાં પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરી છે.




કોચી શહેરના પોલીસ કમિશનર સીએચ નાગરાજુએ કહ્યું કે આ બંને મૃતક મહિલાઓ લોટરીની ટિકિટ વેચતી હતી. તેમની હત્યા કર્યા બાદ મૃતદેહોને એક ઘરમાં દાટી દીધા હતા. માર્યા ગયેલી મહિલાઓની ઓળખ પદમા અને રોસાલી તરીકે થઈ છે. પોલીસે દંપત્તિ વૈદ્ય ભગવાલ સિંહ અને લૈલા તેમજ એજન્ટ શિહાબની ધરપકડ કરી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ કેસમાં શિહાબ મુખ્ય ષડયંત્રકારી છે. શિહાબે કથિત રીતે નકલી ફેસબુક એકાઉન્ટ બનાવ્યું હતું અને સૌથી પહેલા તેણે તિરુવલ્લામાં રહેતા ભગવલસિંહને મળ્યો હતો. તેણે ફેસબુક દ્વારા કથિત રીતે ભગવલ સિંહને અમિર બનવા માટે બલિ આપવા માટે મનાવ્યો હતો. નોંધપાત્ર રીતે કડવંતરા પોલીસ ગુમ થયેલા કેસની તપાસ કરી રહી હતી, ત્યારે આ જઘન્ય ગુનાનો ખુલાસો થયો હતો.

# ગુરુગ્રામમાં 200 લોકોના ટોળા દ્વારા મસ્જિદ પર હુમલો, ધમકી પણ આપી

**ચંડીગઢ**

સાયબર સિટી ગુરુગ્રામમાં ફરીવાર સાંપ્રદાયિક સૌહાર્દને બગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. હરિયાણાના ગુરુગ્રામમાં ભોડકલાંના કેટલાક બદમાશોએ ઘરમાં બનેલી મસ્જિદ પર હુમલો કર્યો અને નમાજ અદા કરી રહેલા લોકોને માર માર્યો, એટલું જ નહીં પરંતુ મસ્જિદમાં તોડફોડ પણ કરી અને તેને બહારથી તાળું મારીને સ્થળ પરથી ભાગી ગયા. પીડિતોની ફરિયાદના આધારે પોલીસે રાજેશ ચૌહાણ, અનિલ સંજય વ્યાસ અને ગામના લગભગ એક ડઝન લોકો વિરુદ્ધ કેસ નોંધ્યો છે. બિલાસપુર પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. 200થી વધુ લોકોના ટોળાએ ગુરુગ્રામના એક ગામમાં એક મસ્જિદમાં તોડફોડ કરી અને ત્યાં નમાજ અદા કરી રહેલા લોકો પર હુમલો કર્યો અને તેમને ગામમાંથી કાઢી મૂકવાની ધમકી આપી. પોલીસે બુધવારે રાત્રે ભોરા કલાં ગામમાં ઘટનાને અંગે એફઆઈઆર નોંધી છે. જોકે ગુરુવાર સાંજ સુધી કોઈ આરોપીની ધરપકડ અંગે કોઈ માહિતી નથી. સુબેદાર નઝર મોહમ્મદે નોંધાવેલી ફરિયાદ મુજબ ભોરા કલાં ગામમાં મુસ્લિમ પરિવારોના માત્ર ચાર ઘર છે. તેમણે કહ્યું કે સવારે હંગામો શરૂ થયો જ્યારે રાજેશ ચૌહાણ ઉર્ફે બાબુ, અનિલ ભદૌરિયા અને સંજય વ્યાસની આગેવાની હેઠળ 200 લોકોએ મસ્જિદને ઘેરી લીધી હતી.

# પંજાબમાં કેદીઓ વંશ વધારવા પત્ની સાથે એકાંત માણી શકશે

**અમૃતસર**

પંજાબ જેલ વિભાગે એક આગવી પહેલ કરીને સારી વર્તણૂક ધરાવતાં કેદીઓને પોતાના જીવનસાથી સાથે એક અલગ રૂમમાં બે કલાક સુધીનો સમય પસાર કરવાની અનુમતી આપી છે. આ વ્યવસ્થામાં પતિ કે પત્ની શારીરિક સંબંધ બનાવી શકશે અને તેના માટે ખાસ રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે. આમ હવે જેલની દીવાલો પણ પરિવારનો વંશવેલો વધારવાના સાક્ષી બની શકશે. પંજાબની જેલોમાં કેદીઓ માટે આ નવી વ્યવસ્થા પ્રારંભિક ધોરણે તરણતારનમાં ગોઈંદવાલ સાહિબ સેન્ટ્રલ જેલ, નાભાની નવી જિલ્લા જેલ અને બઠિંડાની મહિલા જેલમાં શરૂ કરવામાં આવી હતી અને હાલમાં તે રાજ્યની 17 જેલોમાં લાગુ થઈ ગઈ છે. નોંધનીય છે કે જેલમાં આવી સુવિધા ધરાવતું પંજાબ દેશનું પ્રથમ રાજ્ય છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે મંજૂરી આપતાં રાજ્ય સરકારે 17 જેલોમાં ખાસ વ્યવસ્થા કરી છે. પંજાબની જેલોમાં આ સુવિધાની શરૂઆત વિદેશની જેલોમાં મળતી સુવિધાનું અનુકરણ કરીને કરવામાં આવી છે. જર્મની, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, ફિલિપાઈન્સ, કેનેડા અને સાઉદી અરબ સહિત ઘણા દેશોમાં જેલમાં કેદીઓને આ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

# વડાપ્રધાન કિસાન ટ્રેક્ટર યોજના : અડધી કિંમતે ટ્રેક્ટર મળશે

**નવી દિલ્હી**

દીવાળી પહેલાં ખેડૂતો માટે બેવડા ખુશખબર છે. દેશના આશરે ૧૨ કરોડ ખેડૂતોનાં બેન્ક ખાતાંઓમાં દીવાળી પહેલાં જ પી.એમ.કિસાન યોજનાનો ૧૨મો હપ્તો જમા થઈ જશે. તો બીજી તરફ પોતાનું ટ્રેક્ટર વસાવવાનું તેમનું સ્વપ્ન પણ સાકાર થશે. પી.એમ.કિસાન ટ્રેક્ટર યોજના નીચે તેઓ આશરે અર્ધી કિંમતે નવું ટ્રેક્ટર ખરીદી શકશે. હકીકતમાં કેન્દ્ર એ રાજ્ય સરકારો, વડા પ્રધાન કિસાન ટ્રેક્ટર યોજના નીચે ખેડૂતોને ટ્રેક્ટર ખરીદવા માટે ૨૦થી ૫૦ ટકા સુધીની સબસીડી આપવામાં આવે છે.

# ઉત્તરપ્રદેશમાં વરસાદથી કુલ 6ના મોત 1300 ગામ અસરગ્રસ્તઃ પાકને નુકસાન

## ગોંડામાં 110 ગામો અસર પામ્યા : ઘાઘરા નદી નિશાનથી 128 સેમી ઉપર વહેવા લાગી

**લખનઉ**

ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં કેટલાય દિવસોથી સતત વરસાદ યથાવત્ છે. ઘણી નદીઓ ખતરાની ઉપર છે. સેંકડો ગામો પૂરની ઝપેટમાં આવી ગયા છે. ખેતરોમાં ઉભો પાક પણ ખરાબ થઈ ગયો છે. સ્થિતિને જોતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ અનેક પૂર પ્રભાવિત જિલ્લાઓની મુલાકાત લીધી છે અને સ્થિતિનો તાગ મેળવ્યો છે. તો વરસાદને કારણે અત્યાર



સુધીમાં કુલ 6 લોકોના મૃત્યુ નિપજ્યા છે, જ્યારે પૂરના કારણે 1300 ગામો અસરગ્રસ્ત થયા છે. ગોંડામાં પૂરથી જિલ્લાના 110 ગામો અસર પામ્યા છે. ઘાઘરા નદી ખતરાના નિશાનથી 128 સેમી ઉપર વહેવા લાગી છે. તરબગંજ તાલુકાના કિનારે આવેલા ગામડાઓમાં હાહાકાર જોવા મળી રહ્યો છે. પાણીનો પ્રવાહ એટલો ઝડપી છે કે તે નવાબગંજ પોલીસ સ્ટેશનની ધેમુઘાટ પોલીસ ચોકી પણ ઝપેટમાં આવી છે. જો પાણીનો પ્રવાહ આમ સતત રહેશે તો આ પોલીસ ચોકી ઈતિહાસ બની જશે. ગોંડા સદર તાલુકાના રૂપઈડીહ બ્લોકના ગાઓનરિયા અનંતપુર ગામોમાં તબાહી મચી ગઈ છે.

# હિજાબ પર પ્રતિબંધનો કેસ હવે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સમક્ષ જશે

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટની ખંડપીઠ શાળા અને કોલેજોમાં હિજાબ પર પ્રતિબંધ વિરુદ્ધની અરજી પર નિર્ણય લઈ શકી નથી. જસ્ટિસ ગુપ્તાએ કર્ણાટક હાઈકોર્ટનો ચુકાદો માન્ય રાખી, હિજાબ ઉપરના પ્રતિબંધ સામેની અપીલ નામંજૂર કરી છે. જસ્ટિસ સુધાંશુ ધુલિયાએ હાઈકોર્ટનો ચુકાદો રદ્દ કર્યો અને હિજાબ ઉપરનો પ્રતિબંધ અયોગ્ય ઠેરવ્યો છે. જસ્ટિસ ધુલિયાએ રાજ્ય સરકારનો પ્રતિબંધ મૂકતો ઠરાવ પણ રદ્દ કર્યો છે. ખંડપીઠના બન્ને જજના અલગ અલગ મંતવ્યથી હવે સમગ્ર મામલો ચીફ જસ્ટિસ સમક્ષ જશે. દેશના ચીફ જસ્ટિસ યોગ્ય નિર્ણય લઈ આ કેસમાં આગળનો માર્ગ નક્કી કરશે. બે સભ્યોની બેન્ચમાં આ મુદ્દે મતભેદો હતા.

# નોટબંધીના દસ્તાવેજો રજૂ કરવા સુપ્રીમ કોર્ટનો કેન્દ્ર સરકારને આદેશ

**નવી દિલ્હી**

વર્ષ ૨૦૧૬માં કેન્દ્રની મોદી સરકાર દ્વારા દેશભરમાં રાતોરાત નોટબંધી લાગુ કરી દેવામાં આવી હતી. આ મામલો હાલ સુપ્રીમ કોર્ટમાં ફરી ચર્ચામાં આવ્યો છે. નોટબંધી લાગુ કરવાના નિર્ણયને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ટકોર કરતા કહ્યું હતું કે અમને અમારી લક્ષ્મણ રેખા શું છે તે સારી રીતે ખ્યાલ છે. આ સાથે જ બાદમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને આરબીઆઈને નોટિસ પાઠવી હતી અને નવમી નવેમ્બર સુધી પોતાનો જવાબ આપવા કહ્યું હતું. એવા અહેવાલો છે કે સુપ્રીમ કોર્ટમાં આટલા વર્ષો પછી નોટબંધીનું ભૂત ફરી ધુણતા સરકાર મુશ્કેલીમાં મુકાઈ શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### મારા હિન્દુત્વમાં રેપિસ્ટની આરતી કરવાનુ નથી શીખવાડાતું : આદિત્ય ઠાકરે

મુંબઈ : શિવસેનાના બે જૂથો વચ્ચે નામ અને સિમ્બોલ માટે ચાલી રહેલા કાનૂની ગજગ્રાહ વચ્ચે શિવસેનાના નેતા અને પૂર્વ સીએમ ઉધ્ધવ ઠાકરેના પુત્રા આદિત્ય ઠાકરેએ ભાજપ તેમજ ગુજરાત સરકાર પર પ્રહારો કર્યા છે. ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં આદિત્ય ઠાકરેએ એક સવાલનો જવાબ આપતા કહ્યુ હતુ કે, મારા દાદાજીએ મને જે હિન્દુત્વ શિખવાડ્યુ છે તેમાં ક્યારેય એવુ નથી કહેવાયુ કે રેપિસ્ટની આરતી કરવામાં આવે અને પૂજા કરવામાં આવે.જે પણ રેપ કરનારા છે તેમને ફાંસી આપો તેવુ મારા દાદાનુ હિન્દુત્વ હતુ અને તે પછી આરોપી કોઈ પણ દર્મનો કેમ ના હોય. જે રેપિસ્ટ છે તેને તેનો દર્મ, પ્રાંત, જાતિ અને ભાષા જોયા વગર ફાંસી આપવી જોઈએ અને આજ આપણી ન્યાય વ્યવસ્થા પણ કહે છે.

### શિવસેના સાંસદ સંજય રાઉતની કસ્ટડી 17 ઓક્ટોબર સુધી લંબાવી દેવાઈ

મુંબઈ : પાત્રા ચાલ કૌભાડ મામલે શિવસેના સાંસદ સંજય રાઉતને આજે પણ રાહત નથી મળી. હવે તેમણે 17 ઓક્ટોબર સુધી જેલમાં રહેવું પડશે. તેમની કસ્ટડી 17 ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી છે. તે દિવસે જ તેમની જામીન અરજી પર પણ સુનાવણી થશે. આ અગાઉ કોર્ટે 10 ઓક્ટોબર સુધી તેમને કસ્ટડીમાં મોકલ્યા હતા. 1 ઓગસ્ટના રોજ EDએ તેમની નાણાકીય અનિયમિતતાના આરોપમાં ધરપકડ કરી હતી. 31 જુલાઈના રોજ ED અધિકારીઓએ શિવસેનાના નેતાના ઘણા સ્થળો પર દરોડા પાડ્યા હતા અને તેમના પરિવારના સભ્યોની પણ પૂછપરછ કરી હતી. અગાઉ 28 જૂને એજન્સીએ તેમને મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા હતા. આરોપ છે કે, પાત્રા ચાલ કેસમાં 1,034 કરોડ રૂપિયાનું કૌભાંડ કરવામાં આવ્યું છે.

### ઉદ્ધવ અને એકનાથ જૂથ વચ્ચેની લડાઈ જોઈ કાર્યકર્તાઓ થાકી ગયાઃ રાજ ઠાકરે

મુંબઈ : મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના વડા રાજ ઠાકરેએ પાર્ટીના કાર્યકર્તાઓને સંબોધિત કરતા કહ્યું કે લોકો ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે જૂથ વચ્ચેની લડાઈ જોઈને થાકી ગયા છે. કેટલાકે તો બંનેનો દશેરાનો મેળો પણ જોયો ન હતો. હાલમાં શિવસેના રાજ્યમાં બે જૂથોમાં વહેંચાયેલી છે. આથી જ આવનારી ચૂંટણીને લઈને પુરી તાકાત સાથે મેદાનમાં ઉતરવું પડશે. તેમણે પાર્ટીના નેતાઓને રણનીતિ મુજબ આગળ વધવા પણ કહ્યું હતું. રાજ ઠાકરે રંગસરદામાં MNS પદાધિકારીઓની બેઠકને સંબોધિત કરી રહ્યા હતા. રાજ ઠાકરેએ જોકે ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે જૂથ વચ્ચેના વિવાદ પર સીધી ટિપ્પણી કરી ન હતી. પરંતુ એટલું કહેવું જ જોઇએ કે રાજ્યના લોકો વર્તમાન રાજકારણથી કંટાળી ગયા છે. ઘણા લોકોએ બંને દશેરાની સભા પણ જોઈ ન હતી.

### કેજરીવાલના પૂર્વ મંત્રી રાજેન્દ્ર પાલ ગૌતમને ધર્માંતરણ મામલે દિલ્હી પોલીસનું તેડુ

નવી દિલ્હી : પૂર્વ મંત્રી રાજેન્દ્ર પાલ ગૌતમના ઘરે દિલ્હી પોલીસ એક નોટિસ લઈને પહોંચી છે. રાજેન્દ્ર પાલ ગૌતમને દિલ્હી પોલીસે પહાડગંજ પોલીસ સ્ટેશનમાં 2:00 વાગ્યે પૂછપરછ માટે બોલાવ્યા છે. ધર્માંતરણ વિવાદમાં ફસાયા બાદ તેમણે દિલ્હી સરકારના સમાજ કલ્યાણ મંત્રી પદ પરથી રાજીનામુ આપી દેવું પડ્યું હતું. બીજી તરફ હવે દિલ્હી પોલીસે રાજેન્દ્ર પાલ ગૌતમને પૂછપરછની નોટિસ આપી છે. હિંદુ દેવી-દેવતાઓની પૂજા વિરુદ્ધ શપથ લેવા મામલે પોલીસ તેમની પૂછપરછ કરશે. વિજયાદશમીના દિવસે દિલ્હીના કરોલ બાગમાં આયોજિત બૌદ્ધ મહાસભા કાર્યક્રમમાં રાજેન્દ્ર પાલ ગૌતમ પર હિંદુ દેવી-દેવતાઓના અપમાનનો આરોપ છે. તેમની હાજરીમાં હજારો લેકોને 'રામ-કૃષ્ણ' ને ભગવાન ન માનવા અને ક્યારેય પૂજા ન કરવાની શપથ લેવાનો વીડિયો પણ સામે આવ્યો હતો.

# અંધશ્રદ્ધા: તાલાલ પાસે પિતાએ પુત્રીની બલિ ચઢાવી દીધી

## આઠમા નોરતે મોતને ઘાટ ઉતારી ચાર દિવસ લાશને સાચવી રાખી : પિતા અને મોટાભાઈની ધરપકડ કરાઈ

તાલાલા ગીર

તાલાલા તાલુકાના ધાવા ગીર ગામના પટેલ પરીવારે માયા પ્રાપ્ત કરવાનાં ઈરાદે પોતાની ૧૪ વર્ષની દિકરીની બલી ચઢાવી દીધાની ઘટના બહાર આવતા સમગ્ર રાજ્યમાં ચકચાર મચી ગઈ હતી.



ધાવા ગીર ગામના પટેલ ભાવેશ ગોપાલ અકબરીએ માધુપુર રોડ ઉપર આવેલ તેમની વાડીએ ધન પ્રાપ્ત કરવા ઘણા સમયથી હોમ હવન શરૃ કર્યા હતા. દરમિયાન ધામક અને તાંત્રિક વિધિ કરી માયા પ્રાપ્ત કરવાની લાલચમાં ધો. 9 માં અભ્યાસ કરતી ફૂલ જેવી નાની બાળકી ધૈયા ઉ.વ.અંદાજે 14 ની બલી ચડાવી દીધી હોવાના આક્ષેપો સાથેબાળકીના નાનાએ ફરિયાદ કરતા પોલીસ હરકતમાં આવી હતી. પોલીસ વડાએ ફોરેન્સિક સાયન્સની ટીમને ધાવા ગીર બોલાવી સ્મશાનમાં જયાં અગ્નિદાહ દેવાયો એ રાખ અને બીજા સેમ્પલો લઈ ચકાસણી કરવા આપ્યા છે. આઠમા નોરતે આ બનાવ બન્યો હતો ત્યારબાદ લાશને વાડીએ રાખી હતી. દરમિયાન ગુરુવારે બાળકીના પિતા અને તેના મોટાભાઈએ હત્યા કર્યાની કબુલાત આપતા પોલીસે બંનેની ધરપકડ કરી હતી.

### લાકડીથી મારી, આગમાં દઝાડી 7 દિવસ ભૂખી-તરસી રાખતા ધૈયાની આંખ મિચાઇ

ગીર સોમનાથ જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે આરોપી ભાવેશ અકબરી નવરાત્રિમાં અનુષ્ઠાન કરવા સુરતથી ધાવા ગીર ગામે આવ્યો હતો અને ગામની ચકલીધાર વિસ્તારમાં આવેલ તેની વાડીએ રહેતો હતો. ત્યાં વાડીના મકાનમાં માતાજીની સ્થાપના કરી હતી. તા.01/10ના આઠમા નોરતે તેની પુત્રી ધૈયા (ઉ.વ.14)ને વાડીએ લાવી, તેના જુના કપડા સળગાવી તને ભૂતનો વળગાડ છે, તેમ કહી માર મારવા સાથે ત્રાસ આપવાનું શરૂ કર્યુ હતું. જેથી ધૈયાને શરીરે ફેડલા પડી ગયા હતા. ત્યારબાદ ધૈયાને ખુરશીમાં બાંધી શેરડીના વાડમાં લઈ જઈ લાકડાં તથા વાયરથી માર મારી તા.2થી તા.7 સુધી ભૂખી તરસી ખુરશીમાં બેસાડી રાખી ત્રાસ આપ્યો હતો. દરમ્યાન ધૈયા મૃત્યુ પામી હતી.

# સ્કૂલ લિવિંગ સર્ટિ.માં ભૂલ હોય તો શાળાએ તે સુધારી આપવી પડે : હાઈકોર્ટ

અમદાવાદ

સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં જો શાળાએ કોઈ ભૂલચૂક કરી હોય તો તે સુધારવાની શાળાની ફરજ છે અને તે શાળાએ સુધારવી જ પડે એમ ગુજરાત હાઈકોર્ટે એક આદેશમાં ઠરાવ્યું છે. શહેરની એક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીના સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં જરૂરી સુધારો કરી આપવા કરાયેલા હુકમમાં હાઈકોર્ટે આ મુજબ ઠરાવ્યું હતું. અરજદાર વિદ્યાર્થીની તરફથી એવી રજૂઆત કરાઈ હતી કે, જે તે વખતે તેણીના માતા-પિતાએ તેણીને શાળામાં એડમીશન વખતે ભૂલથી બીજી જન્મતારીખ લખાવી હતી. અરજદારની સાચી જન્મતારીખ તા.૨૧-૮-૧૯૯૧ છે, તેના બદલે સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં તા.૨૨-૮-૧૯૯૧ લખાયેલુ છે.

# ગુજરાત સરકારના વિભાગો વચ્ચેના ઓનલાઈન વ્યવહારો માન્ય ગણાશે

## બદલી બાદ નવા અધિકારીને બ્રિફ આપ્યા બાદ ચાર્જ છોડી શકાશે

ગાંધીનગર

સરકાર દ્વારા સચિવાલય અને બિન સચિવાલયના વિભાગોની કાર્યપધ્ધતિમાં ઘણા વર્ષો પછી ધરખમ ફેરફારો કરાયા છે. જેમાં સરકારના વિભાગો વચ્ચે થઈ રહેલા ઓનલાઈન પત્રવ્યવહાર સહિતની બાબતોને માન્યતા આપવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે. ઉપરાંત ઉચ્ચ અધિકારીઓની બદલી થાય ત્યારે ચાર્જ છોડતા પહેલા નવા અધિકારીને મહત્વની બાબતોની સમજણ આપતી બ્રિફીંગ નોંધ તૈયાર કરીને તેને આપવાની રહેશે.

આ અગાઉ છેલ્લે સચિવાલયના વિભાગો માટેની કચેરીઓની કાર્યપધ્ધતિ 2009માં જ્યારે બિન સચિવાલયના વિભાગોની કાર્યપધ્ધતિ 1984માં સુધારાઈ હતી. અખરે આટલા વર્ષો પછી વહીવટી સુધારણા શરૂ કરાતા કામો ઝડપથી થશે. હાલમાં નાગરીકોને સેવાઓ પુરીપાડવા માટે ઈ ગવર્નન્સ શરૂ કરાયુ છે.પરંતુ ઈ મેઈલ ઈ સાઈન અને ઓનલાઈન થતા વ્યવહારોને કાયદેસરના ગણાતા નહોતા. જેને કારણે અનેક પ્રકારની ટેકનિકલી ગુંચવણો ઉભી થતી હતી.

# ગૂજરાત વિદ્યાપીઠના નવા કુલપતિ બનશે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

અમદાવાદ

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ પદ પરથી ડૉ. ઈલાબહેન ભટ્ટે 4 ઓકટોબરના રોજ રાજીનામું આપી દીધું હતું. જે બાદ ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ પદનું નિમંત્રણ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને અપાયું હતું જેનો સ્વીકાર કરતાં હવે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકેનો પણ કારોભાર સંભાળશે. યુવાનોને શિક્ષણ આપવા અને તેમના ચારિત્ર્ય ઘડતરના આશયથી ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના મહાત્મા ગાંધીએ 100થી વધુ વર્ષ પહેલાં કરી હતી. ગૂજરાત વિદ્યાપીઠ છેલ્લા ઘણા મહિનાથી કુલનાયકની નિમણૂકને લઈને ચર્ચામાં હતી. ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ પદ માટે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિદ્યાપીઠ દ્વારા આવેલાં નિમંત્રણનો સ્વીકાર કર્યો છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા

# સંતોના દર્શન માત્રથી પુણ્યોદય થાય છે

દર્શન શબ્દ મૂળ તો સંસ્કૃત ધાતુ **દૃશ્** પરથી આવ્યો છે; જેનો અર્થ થાય છે - જોવું. અને આપણે જે લેખમાળાનો લાભ સમગ્ર વર્ષ દરમ્યાન લેવાના છીએ, તે આ લેખમાળાનું નામ છે - ‘પ્રમુખ દર્શન. હા, આપણે આ લેખમાળામાં જોવાનું છે.

હવે આપ કહેશો કે સાહિત્ય તો વાંચવાનું હોય, એમાં જોવાનું શું ? પણ એવું કહેવાય છે કે, **शब्देन चित्रयति** શબ્દો દ્વારા ચિત્ર આપણી આંખો સમક્ષ ખડું થઈ જાય છે.


આપણે શ્રીમદ ભાગવતપુરાણ’માં કદંબના વૃક્ષ તળે બેસીને, ગોપીઓની ભક્તિભીની પ્રેમનજરથી વીંટળાયેલા, ભગવાન શ્રીકૃષ્ણના સુમધુર વાંસળી વાદનનું વર્ણન વાંચીએ, ત્યારે આપણી આંખો સમક્ષ એ કાલિંદીનો કિનારો તાદશ્ય થઈ આવે, એ શ્રીમદભાગવત્ પુરાણ’ વાંચ્યું નહીં, જોયું કહેવાય. આપણે રામાયણમાં શ્રીરામસેનાના વીર વાનરો અને રાવણસેનાના રાક્ષસો વચ્ચેનું યુદ્ધ વાંચતા હોઈએ; કોઈક રથ પર તો કોઈક હાથી પર, કોઈ ગદા ફેરવતાં તો કોઈક મુષ્ટિપ્રહાર કરતાં, તલવાર અને ભાલાના વરસાદ વચ્ચે જય શ્રીરામના વિજયનારા સાથે ફતેહ કરતાં યોદ્ધાઓને વાંચીએ અને આપણું મન પણ શ્રીલંકાના એ રણમેદાનમાં પહોંચી જાય, એ રામાયણ’ વાંચ્યું નહીં પણ જોયું કહેવાય. આપણે શિવ પુરાણમાં નગાધિરાજ હિમાલયના ખોળામાં, મૃગચર્મ પહેરીને, ડમરૂયુક્ત ત્રિશૂળ ધારણ કરીને, સર્પની કંઠમાળ સાથે, માં પાર્વતીના ઉપાસ્ય એવા ચંદ્રશેખર ત્રિલોચન શંકર મહાદેવની મૂર્તિનો મહિમા વાંચીએ અને આપણે સ્વયં શિખર કૈલાસ પર પહોંચી જઈએ, એ શિવ પુરાણ’ વાંચ્યું નહીં પણ જોયું કહેવાય.

બસ, એવી જ રીતે આપણે પણ આ લેખમાળા દ્વારા આવાં દર્શન કરવાનાં છે - વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં.

શ્રીમદ્ભાગવત્ ગ્રંથમાં ભગવાન શ્રીવિષ્ણુ સંતનો મહિમા ગાતાં કહે છે કે :

**साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम्।**

સંતો તો મારું હૃદય છે અને તે સંતોનું હૃદય તો સ્વયં હું છું...’



ભગવાનના હૃદયસમા સંતનું પ્રમુખ દર્શન આપણે આ લેખમાળા દ્વારા કરવાનું છે. એવા સાચા સંતના દર્શન માત્રથી અનેકનો ઉદ્ધાર થયાના પુરાવાઓ આપણા ઈતિહાસ ગ્રંથો આપે છે.

મહાભારત કાળના અંતે, અર્જુનના પૌત્ર અને અભિમન્યુના પુત્ર એવા રાજા પરીક્ષિતને જ્યારે સાચા સંત શુકદેવજીનું દર્શન થયું, તેમનો ઉપદેશ પામ્યા, ત્યારે પરીક્ષિતનો મોક્ષ થયો, શુભ ગતિ થઈ.

એવી જ રીતે એક કીડાને જ્યારે સાચા સંત વ્યાસજીનું દર્શન થયું, ત્યારે તે કીડા જેવા તુચ્છ જંતુમાંથી ઉતરોત્તર શાહુડી, ઘો, સૂવર, હરણ, પોપટ થઈ અને અંતે રાજાનો કુંવર થયો. અને પછી તે ભગવાનની ભક્તિ કરી ઉત્તમ પદને પામ્યો.

દક્ષિણ ગુજરાતના સેલવાસની આ સત્ય ઘટના છે. એક યુવાન લાલુ દારૂના નશામાં એટલો ચકનાચૂર રહેતો કે, ગામ લોકો એને બાટલી કહીને જ બોલાવતા. એકવાર નશામાં પત્નીને મારઝૂડ કરતાં તે ચાકુ હુલાવવાની તૈયારીમાં જ હતો કે, અચાનક તેના હાથમાંથી ચાકુ પડી ગયું. આ ઘટનાને અપશુકન માનીને ઘરની બહાર ભાગી નીકળેલો લાલુ, ગામના ગોંદરેથી પસાર થતો હતો ત્યારે તેણે એક સંતને કથા કરતાં જોયા. તે સંતના દર્શનમાત્રથી, તેઓની પવિત્ર વાણીથી જાણે લાલુ બાટલીનું રૂપાંતરણ થઈ ગયું લાલુ ભક્તમાં. તે જ ઘડીએ તેણે વ્યસનો છોડ્યા, ખરાબ સંગત છોડી અને પવિત્ર-ભક્તિમય જીવન જીવવા કટિબદ્ધ થયો. તે સંત બીજું કોઈ પણ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હતા ! માત્ર એક દર્શન અને જીવન-પરિવર્તન!

**साधूनां दर्शनं पुण्यम्** સંતોના દર્શન માત્રથી પુણ્યોદય થાય છે. આ પંક્તિને સાર્થક કરતાં આ દૃષ્ટાંતો આપણને જણાવે છે કે, જેણે જેણે પણ શ્રદ્ધાપૂર્વક સાચા સંતનાં દર્શન કર્યાં છે, એ તમામને જીવનમાં પરિવર્તનનો, ઉન્નતિનો અનુભવ થયો છે. માટે આ લેખમાળામાં આપણને જે પ્રમુખ દર્શન થવાનું છે, એ દર્શન શ્રદ્ધાપૂર્વક એટલે કે, મનમાં રજિસ્ટર થાય એ રીતે કરવા યોગ્ય છે. કારણ કે, સાચું જીવન જીવવાની કળા આપણને શીખવા મળે એવું પ્રમુખ દર્શન આપણને થવાનું છે. આ લેખમાળા દ્વારા, બ્રહ્મસ્વરૂપ શ્રીપ્રમુખસ્વામી મહારાજના જીવન દ્વારા.

એટલા માટે જ મનમાં રજિસ્ટર થઈ જાય એ રીતે દર્શન કરવું, એ રીતે પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતના જીવનને જાણવું એ ખૂબ-ખૂબ અનિવાર્ય થઈ પડે છે.

એવા સાચા સંતનો હજી વિશેષ મહિમા ગાતાં સંત કબીરજી લખે છે કે :

**साहब का घर संतन मांही,**
**संत साहब कछु अंतर नाही;**
**कह ही कबीर भले संत पधारे, युग युगन के भाग्य सुधारे.**
**भाग्य बड़े जहाँ संत पधारे...’**

આ પ્રમુખ દર્શન લેખમાળારૂપે સાક્ષાત્ ભગવત્તુલ્ય સંત આપણા ઘરે પધારવાના છે! તો સંત કબીરજીના કથન અનુસાર આપણા તો અતિ મોટા ભાગ્ય છે!!

તો ચાલો, ઉપનિષદો જેમને બ્રહ્મનિષ્ઠ, શ્રોત્રિય ગુરુ કહે છે...

શ્રીમદભાગવત જેમને પરમ ભાગવત સંત કહે છે...

શ્રીમદ ભગવતદ્ગિતા જેમને ગુણાતીત અને સ્થિતપ્રજ્ઞ કહે છે...

ભગવાન સ્વામિનારાયણ જેમને બ્રહ્મસ્વરૂપ પરમ એકાંતિક સત્પુરુષ કહે છે...અને આ વર્ષે જેમનો જન્મશતાબ્દી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે...

એવા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું પ્રમુખ દર્શન કરતાં-કરતાં આ લેખમાળાને માત્ર વાંચીએ નહીં પણ જોઈએ, માણીએ અને હૃદયસ્થ કરીએ...

- સાધુ વેદકીર્તિદાસ


PANCHVATI SUPERMARKET
www.panchvatisupermarket.ca
We are
OPEN
< < < WELCOME >>>
Panchvati
SUPERMARKET
OSHAWA
1053 Simcoe Street North, Oshawa, L1G 4X1
MISSISSAUGA
169 Dundas St. E.,
Unit # 1 to 4, Mississauga,
ON L5A 1W8
CALL : 905-232-3955
BRAMPTON
8814 The Gore Road,
Unit 4-8, Brampton,
ON L6P 081
Call : 905-794-5372
SCARBOROUGH
2141 Ellesmare Road,
Behind Scotia Bank
Scarborough, ON M1G 3M6
Call : 416-439-9393
ETOBICOKE
3-45 Woodbine Downs
Blvd, Etobicoke
ON M9W 6N5
Call : 416-213-9394
SCARBOROUGH
1255 Markham Rd,
Scarborough,
ON M1H 2Z5
Call : 416-289-6988
AJAX
18, Harwood Ave.
South Ajax
ON L1S 6N2
Call : 905-426-2499

# ફીફા અન્ડર સેવન્ટીન સોકર વર્લ્ડકપમાં કેનેડાની ટીમમાં ચાર ક્યૂબેકર્સનો સમાવેશ

## ભારતના ગોવા ખાતે યોજનારી ફિફા અન્ડર 17 ટૂર્નામેન્ટમાં 16 ટીમો ભાગ લેશે

**ક્યૂબેક**

કેનેડાના સોકર ચાહકો પુરૂષ અને મહિલા ટીમની સફળતા ઉપર વધુ ધ્યાન આપતા હોય એવા સમયે ભારતના ગોવા ખાતે યોજાનારી ફિફા અન્ડર સેવન્ટીન સોકર વર્લ્ડકપ સ્પર્ધા માટે કેનેડાએ પોતાની ટીમમાં ક્યુબેકની ચાર પ્રતિભાશાળી ખેલાડીઓનો સમાવેશ કર્યો છે. આ નિર્ણય ટૂર્નામેન્ટમાં સફળતા માટે કમર કસી લીધી હોવાના સંકેત આપે છે.



આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૬ ટીમો ભાગ લઈ રહી છે. કેનેડાની ટીમની કોચ એમ્માહમ્ફીયર્સ કહે છે કે, કેનેડા ૨૦૧૮માં હાસલ કરેલા ચોથા સ્થાનમાં સુધારો કરવા તૈયાર છે અને આ વખતની ટીમમાં નવી પ્રતિભાઓને સ્થાન આપી દરેક મેચ જીતવાનો પ્રયાસ કરીશું. કેનેડાની ટીમમાં સ્થાન મેળવનારી ટેરેબોનની જેડ બ્રોડેલુ કહે છે કે, કેનેડાની કીટ લઈને ચાલવું મારા માટે ગૌરવની બાબત છે. જયારે તમે લોકરરૂમમાં જઈને તમારા નામ અને નંબરવાળી જર્સી હાથમાં લો છો એ ખૂબ જ વિશેષ લાગે છે. જેડનો પરિવાર પણ ખેલકુદનો ઈતિહાસ ધરાવે છે. એટલે એ પણ ટોચના સ્થાન સુધી પહોંચે તો નવાઈ નહીં.

# ટીર૦ રેન્કિંગમાં સૂર્યકુમાર બીજા ક્રમે યથાવત્, ટોપ-૧૦મા એકમાત્ર ભારતીય

**દુબઇ**

સાતત્યપૂર્ણ ફોર્મમાં રહેલા બેટ્સમેન સૂર્યકુમાર યાદવે આઈસીસી ટી૨૦ બેટ્સમેનોની રેન્કિંગમાં પોતાનું બીજું સ્થાન જાળવી રાખ્યું છે અને તે ભારતનો ટોપ રેન્કિંગવાળો એકમાત્ર ખેલાડી છે. સાઉથ આફ્રિકા સામે ઘરઆંગણે રમાયેલી શ્રેણીમાં સર્વાધિક રન બનાવનાર સૂર્યકુમાર પાકિસ્તાનના વિકેટકીપર બેટ્સમેન મોહમ્મદ રિઝવાન કરતાં પાછળ છે. સૂર્યકુમારના ૮૩૮ પોઈન્ટ છે અને તે ટોપ૧-માં સ્થાન મેળવનાર એકમાત્ર ભારતીય ખેલાડી પણ છે. ઓપનર લોકેશ રાહુલ અને સિનિયર બેટ્સમેન વિરાટ કોહલી અનુક્રમે ૧૩મા તથા ૧૪મા ક્રમાંકે છે. સુકાની રોહિત શર્મા આ બન્ને કરતાં બે સ્થાન પાછળ ૧૬મા ક્રમાંકે છે. ન્યૂઝીલેન્ડ ખાતેની વર્તમાન ત્રિકોણીય ટી૨૦ શ્રેણીમાં સર્વાધિક રન બનાવનાર ડેવોન કોનવે ટોપ-૫ બેટ્સમેનમાં સામેલ થઈ ગયો છે.

# બીસીસીઆઈમાં કોઈ પણ વ્યક્તિ પરમેનન્ટ નથી : સૌરવ ગાંગુલી

**નવી દિલ્હી**

ભારતના ભૂતપૂર્વ સુકાની સૌરવ ગાંગુલીનું પ્રમુખપદેથી હટવું નિશ્ચિત થઈ ચૂક્યું હોવાના કારણે બીસીસીઆઈને આગામી દિવસોમાં નવો પ્રમુખ મળશે તે નક્કી છે. બોર્ડના નવા પ્રમુખ તરીકે ૧૯૮૩ની વર્લ્ડ કપ વિજેતા ટીમનો સભ્ય રોજર બિન્ની હોટફેવરિટ છે અને બિન્નીને સર્વાનુમતે પસંદ કરવામાં આવે તેવી પૂરી સંભાવના છે. ગાંગુલી બીસીસીઆઈના પ્રમુખપદે જારી રહેવા માગતો હતો પરંતુ બોર્ડના વર્તમાન અધિકારીઓના જૂથે તેને સમર્થન આપ્યું નહોતું. ત્યારબાદ ગાંગુલીને આઈપીએલના ચેરમેન તરીકે ઓફર કરવામાં આવી હતી જેને તેણે નકારીને જણાવ્યું હતું કે બોર્ડના ઉચ્ચ સ્થાને રહ્યા બાદ તે સબ-કમિટીના પ્રમુખ તરીકે કાર્ય કરવા માગતો નથી. ગાંગુલીએ એવું પણ નિવેદન કર્યું છે કે બીસીસીઆઈમાં કોઈ પણ વ્યક્તિ કોઈ પણ હોદ્દા માટે પરમેનન્ટ નથી.

# રંગારંગ કાર્યક્રમ સાથે નેશનલ ગેમ્સનું સમાપન



## ગુજરાત 13 ગોલ્ડ મેડલ સાથે કુલ 49 મેડલ્સ મેળવીને 12મા ક્રમાંક

**અમદાવાદ**


ગુજરાતની યજમાનીમાં યોજાયેલી ૩૬મી નેશનલ ગેમ્સનું સુરત ખાતે યોજાયેલા રંગારંગ કાર્યક્રમ સાથે સમાપન થયું હતું. ગુજરાતે વિક્રમી માત્ર ત્રણ મહિનામાં તડામાર તૈયારી કરીને ગેમ્સનું સફળ આયોજન કર્યું હતું. ૨૦૨૩માં ૩૭મી નેશનલ ગેમ્સ ગોવામાં યોજાશે. સર્વિસિસની ટીમ ૧૨મા અને અંતિમ દિવસે બોક્સિંગમાં વધુ પાંચ ગોલ્ડ મેડલ જીતી હતી અને ૬૧ ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૧૮ મેડલ્સ જીતીને ટોચના ક્રમે રહ્યું હતું. મહારાષ્ટ્ર ૩૯ ગોલ્ડ સાથે કુલ ૧૪૦ મેડલ્સ જીતીને બીજા તથા હરિયાણા ૩૮ ગોલ્ડ સાથે ૧૧૫ મેડલ્સ જીતીને ત્રીજા ક્રમે રહ્યું હતું. મેડલ્સની યાદીમાં યજમાન ગુજરાત ૧૩ ગોલ્ડ મેડલ સાથે કુલ ૪૯ મેડલ્સ મેળવીને ૧૨મા ક્રમાંકે રહ્યું હતું. ૩૬મી ગેમ્સમાં દેશના ૩૬ રાજ્યોના આઠ હજાર જેટલા એથ્લેટ્સે ભાગ લીધો હતો. સર્વિસિસ ટીમને રાજા બાલિન્દ્રસિંહ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ૨૯ રાજ્યોએ ઓછામાં ઓછો એક ગોલ્ડ મેડલ જીત્યો હતો. ૨૦૨૩ની નેશનલ ગેમ્સ માટે ગોવાના રમતમંત્રી ગોવિંદ ગૌડેને ગેમ્સનો ફ્લેગ સોંપવામાં આવ્યો હતો.

કેરળના સ્ટાર સ્વિમર સાજન પ્રકાશ અને કર્ણાટકની હાશિકા રામચંદ્રને બેસ્ટ મેન્સ તથા વિમેન્સ એથ્લેટનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સાજને પાંચ વ્યક્તિગત ગોલ્ડ સહિત આઠ તથા ૧૪ વર્ષીય રશિકાએ નેશનલ ગેમ્સની ડેબ્યૂ ઈવેન્ટમાં છ ગોલ્ડ મેડલ જીત્યા હતા. તે બેસ્ટ એથ્લેટ બનનાર કર્ણાટકની પ્રથમ એથ્લેટ બની છે. નિશા મિલેટે છેલ્લે આ ટ્રોફી જીતી હતી જેણે ઈમ્ફાલ ખાતે ૧૯૯૯માં યોજાયેલી ગેમ્સમાં આ સિદ્ધિ મેળવી હતી.




Happy 2022 Diwali

Happy New year
VIKRAM SAMVAT 2079







May all devotees prosper physically, mentally, and financially. May all realize Ekantik Dharma.

Sadhu Keshavjivandas
(His Holiness Mahant Swami Maharaj)
Spiritual leader of the BAPS Swaminarayan Sanstha

સૌ હરિભક્તો તને-મને-ધને સુખી થાય.
બધા એકાંતિક-ધર્મ સિદ્ધ થાય.
સાધુ કેશવજીવનદાસ

BAPS Shri Swaminarayan Mandir, Toronto
cordially invites you, your family and friends to celebrate

# Diwali & Annakut

MON OCT 24

**chopda pujan**
5:00 pm onwards
**diwali**
Maha Arti and Fireworks 8 pm

WED OCT 26

**annakut & new year** (vs 2079)
Arti 11:00 am, every hour
Darshan 11 am - 6 pm

Venue:
BAPS Shri Swaminarayan Mandir
61 Claireville Dr, Toronto M9W 5Z7
info@ca.baps.org | www.BAPS.org/Toronto

Pramukh Swami Maharaj Centennial Celebrations
Venue: The International Center, Hall 5, Mississauga
BOOK YOUR FREE ENTRY PASS NOW
www.bapscanada.org/psm100
Saturday, Nov. 26, 2022 or Sunday, Nov. 27, 2022

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!




(92% of the asking price) Beautiful Well Kept Home In Desirable Area. Walk To Eglinton Go Station, Shopping, Parks, Schools & Greenspace With Trails. Open Concept And Bright Home. Large Pie Shaped, Private Lot. Eat-In Kitchen. Full Finished Basement With 2 Large Recreation Rooms And Separate Entrance.




Great Location! Bright & Spacious Bungalow, Tree Lined Backyard W/ No Neighbours Behind, Finished Basement W/ 3Pc Bath And Bedroom, Located In Desirable Birch Cliff Neighbourhood, Close To Scarborough Bluffs, Woodbine Beach, Mins To Downtown Toronto, Warden & Victoria Park Subway, Go Station, Public, Separate, French Immersion, Private And High Schools.




Move-In Ready 2 Bedroom Home Featuring An Open-Concept Living Area W/ Walkout To 215 Sqft Balcony. Kitchen W/ Quartz Countertops, Backsplash, Ceramic Tile. Two Well-Appointed Bedrooms Each With Double Closets. Plenty Of Natural Light Throughout. One Owned Parking Space & Ensuite Storage Locker Included. Minutes From Yorkdale, Keelesdale Lrt Station ('22), Hwy 401. Close To Amenities; Accessible Transit, Schools, Across The St From Gulliver Park

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
**teamkharodia@gmail.com**
**300-2855 Markham Rd Toronto ON M1X 0C3**
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

# OM INDIA FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનાજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

# OM INDIA FOOD CENTRE

## 6 LOCATION TO SERVE YOU

| | | |
|---|---|---|
| 1729 Albion Rd, Etobicoke, ON **416-743-1100** | 139 Charing Cross, Brantford Ontario **519-758-9999** | 5 Manitou Drive # 102 Kitchner, ON. N2C 1L4 **519-954-1110** |
| 3300 McNICOLLE Ave, #B-6, Scarborough, ON **416-297-8383** | 71 West Drive, Unit#42, Brampton, ON **905-452-1100** | 293, Labrosse Ave, Point-Claire, QC H9R 5M3 **514-426-1100** |